અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ સપ્ટેમ્બર ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, શ્રાવણ વદ ૧૪ | અંક : ૬૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કપિલ સિબ્બલ અને અર્જુન મેઘવાલે સમારોહને સંબોધિત કર્યો

# મહિલાઓને જલ્દી ન્યાય મળશે, તો જ અડધી વસ્તીને આવશે વિશ્વાસ : પીએમ મોદી

## ભારતની સર્વોચ્ચ અદાલતના જિલ્લા ન્યાયતંત્રની છ સત્રની બે દિવસીય રાષ્ટ્રીય પરિષદ શનિવારથી શરૂ થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

ભારતની સર્વોચ્ચ અદાલતના જિલ્લા ન્યાયતંત્રની છ સત્રની બે દિવસીય રાષ્ટ્રીય પરિષદ શનિવારથી શરૂ થઈ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેના ઉદ્‌ઘાટન સમારોહમાં હાજરી આપી હતી. આ પ્રસંગે તેમણે સ્ટેમ્પ અને સિક્કાનું અનાવરણ કર્યું હતું. તેમણે મહિલાઓ સામેના ગુનાઓ અને બાળકોની સુરક્ષા પર પણ પ્રતિક્રિયા આપી હતી. વડા પ્રધાને કહ્યું કે મહિલાઓ પર અત્યાચારના કેસોમાં જેટલો ઝડપી ન્યાય આપવામાં આવે છે, તેટલી વહેલી તકે અડધી વસ્તીને સુરક્ષાની ખાતરી આપવામાં આવશે. પીએમ મોદીની સાથે કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલ, મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ અને સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ કપિલ સિબ્બલ પણ સમારોહમાં ભાગ લીધો હતો. પીએમ મોદીએ ભારતની સર્વોચ્ચ અદાલતની સ્થાપનાના ૭૫ વર્ષ નિમિત્તે સમારોહને પણ સંબોધિત કર્યો હતો. તેમણે કહ્યું, ‘‘સુપ્રીમ કોર્ટના ૭૫ વર્ષ, આ માત્ર એક સંસ્થાની યાત્રા નથી. આ ભારતના બંધારણ અને બંધારણીય મૂલ્યોની યાત્રા છે. આ ભારત લોકશાહી તરીકે વધુ પરિપક્વ બનવાની યાત્રા છે.’’ તેમણે વધુમાં કહ્યું કે, ‘‘ભારતના લોકોએ ક્યારેય સુપ્રીમ કોર્ટ પર, આપણી ન્યાયતંત્ર પર અવિશ્વાસ કર્યો નથી. તેથી, સુપ્રીમ કોર્ટના આ ૭૫ વર્ષ લોકશાહી માતા તરીકે ભારતનું ગૌરવ વધારે છે.

### દેશમાં મહિલાઓની સુરક્ષા માટે ઘણા કડક કાયદા બનાવવામાં આવ્યા છે



પીએમ મોદીએ મહિલાઓ અને બાળકોની સુરક્ષા પર પણ પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું, ‘‘આજે મહિલાઓ પર થતા અત્યાચાર, બાળકોની સુરક્ષા, સમાજની ગંભીર ચિંતા છે. દેશમાં મહિલાઓની સુરક્ષા માટે ઘણા કડક કાયદા બનાવવામાં આવ્યા છે, પરંતુ આપણે તેને વધુ સક્રિય બનાવવાની જરૂર છે. જેટલા કેસો મહિલાઓ સામેના અત્યાચારો વધ્યા છે, જેટલી ઝડપથી નિર્ણયો લેવામાં આવશે, તેટલી જ વધુ સુરક્ષાની ખાતરી અડધી વસ્તીને મળશે.’’ સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ કપિલ સિબ્બલે સમારોહને સંબોધિત કર્યો હતો. તેમણે કહ્યું, ‘‘ભારતમાં ન્યાયાધીશોની સંખ્યા વસ્તીના પ્રમાણમાં ઘણી ઓછી છે. જિલ્લા અને સત્ર સ્તરે રોસ્ટર પર ખૂબ જ બોજ છે. તેમણે વધુમાં કહ્યું, અમારી ટ્રાયલ કોર્ટ, ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટની જરૂર છે. કોઈપણ ભય વગર ન્યાય મજબૂત કરવાની જરૂર છે. ન્યાયતંત્રમાં વિશ્વાસ કેળવવો જોઈએ કે તેના નિર્ણયો તેમની વિરુદ્ધ નહીં જાય. તેઓ ન્યાયતંત્રની કરોડરજ્જુ છે. મેં મારી કારકિર્દીમાં ભાગ્યે જ આ સ્તરે જામીન જોયા છે. આ માત્ર મારો અનુભવ નથી પરંતુ ચીફ જસ્ટિસે પણ આ વાત કહી કારણ કે ટોચની અદાલતો બોજારૂપ છે. ટ્રાયલ કોર્ટમાં જામીન અપવાદ છે. સ્વતંત્રતા એ સમૃદ્ધ લોકશાહીનો મૂળભૂત આધાર છે. તેને દબાવવાના પ્રયાસો આપણી લોકશાહીને અસર કરે છે.’’ કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલે કહ્યું, ‘‘આ પ્રસંગે, સુપ્રીમ કોર્ટ તેની સ્થાપનાના ૭૫ વર્ષની ઉજવણી કરી રહી છે અને દેશ બંધારણના અમલીકરણના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યો છે. આ ખૂબ જ સુખદ સંયોગ છે. આ અવસરમાં ભાગ લઈને હું અત્યંત ગર્વ અને આનંદ અનુભવું છું. હું માનું છું કે જિલ્લા અદાલત એ આપણા ન્યાયતંત્રનો અરીસો છે અને તેના દ્વારા સામાન્ય લોકો તેમના મનમાં ન્યાયતંત્રની છબી બનાવે છે.



નવી દિલ્હી ખાતે સુપ્રીમ કોર્ટના ૭૫ વર્ષ પૂર્ણ થતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોસ્ટેજ સ્ટેમ્પ-સિક્કો બહાર પાડ્યો.

## લોકો પાયલોટની સમજદારીથી રાજસ્થાનમાં હોનારત થતાં ટળી



। (એજન્સી) જયપુર, તા.૩૧ ।

રાજસ્થાનમાં એક મોટી ટ્રેન દુર્ઘટના માટે કાવતરું ઘડવામાં આવ્યું હતું પરંતુ ષડયંત્રનો સમયસર ખુલાસો થતાં મોટી દુર્ઘટના ટળી હતી. આ સમગ્ર ઘટના ૨૯ ઑગસ્ટની રાત્રે બની હતી. અહીં, કોટા-બીના રેલવે સેક્શન પર છબરા વિસ્તારના ચાચોડા ગામ પાસે બાઈકનો અડધો અધૂરો સ્ક્રેપ રેલવે ટ્રેક પર રાખવામાં આવ્યો હતો. આ સ્ક્રેપ સાથે એક માલગાડી અથડાઈ ગઈ હતી. જો કે, ગુડ્સ ટ્રેનના ડ્રાઈવરની સૂઝબૂઝના કારણે આ અકસ્માત ટળ્યો હતો. મળતી માહિતી મુજબ, કોટા-બીના રેલવે પર છબરા વિસ્તારમાંથી એક માલગાડી પસાર થઈ રહી હતી. અચાનક લોકો પાયલૉટને ટ્રેક પર કંઈક થઈ રહ્યું હોવાની શંકા ગઈ. લોકો પાયલૉટે પોતાની સૂઝબૂઝથી માલગાડીને બ્રેક લગાવીને રોકવાનો પ્રયાસ કર્યો. જો કે, ત્યાં સુધીમાં માલગાડી પાટા પર રખાયેલા ભંગાર સાથે અથડાઈ હતી. આ પછી ટ્રેક પર જઈને ડ્રાઈવરે જોયુ તો ત્યાં જૂની બાઈકનો સ્ક્રેપ પડ્યો હતો. આ ભંગાર માટીથી ઢંકાયેલો હતો.

# કેદારનાથમાં દૂર્ઘટના, આકાશમાંથી અચાનક નીચે પડ્યું હેલિકોપ્ટર

### ક્ષતિગ્રસ્ત હેલિકોપ્ટરને અન્ય સ્થળે એરલિફ્ટ કરાતું હતું ત્યારે ખામીયુક્ત કેસ્ટ્રેલ હેલિકોપ્ટર જમીન પર પડ્યું

। (એજન્સી) કેદારનાથ, તા.૩૧ ।

ઉત્તરાખંડના કેદારનાથમાં એક મોટી દુર્ઘટના ઘટી છે. ક્ષતિગ્રસ્ત હેલિકોપ્ટરને અન્ય સ્થળે એરલિફ્ટ કરવામાં આવી રહ્યું હતું. ત્યારબાદ આ ખામીયુક્ત કેસ્ટ્રેલ હેલિકોપ્ટર જમીન પર પડ્યું હતું. જે સમયે આ હેલિકોપ્ટર જમીનમાં પડ્યું ત્યાં નીચે કોઈ નહોતું. આના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી. દહેરાદૂન લઈ જતી વખતે આ અકસ્માત થયો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ખામીયુક્ત હેલિકોપ્ટર સંતુલન ગુમાવવાને કારણે ઊંચાઈએ નીચે પડી ગયું હતું. સારી વાત એ છે કે તે ભીડભાડવાળા વિસ્તારમાં ન પડ્યું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ હેલિકોપ્ટરનું ૨૪ મેના રોજ ઈમરજન્સી લેન્ડિંગ થયું હતું. જે બાદ ક્ષતિગ્રસ્ત હેલિકોપ્ટરને MI 17 હેલિકોપ્ટરમાં લઈ જવામાં આવી રહ્યું હતું ત્યારે ક્ષતિગ્રસ્ત હેલિકોપ્ટર થરુ કેમ્પ પાસે નદીમાં પડી ગયું હતું. જોકે, ઘટનાસ્થળે પહોંચ્યા બાદ SDRFના જવાનોએ હેલિકોપ્ટરનો કાટમાળ શોધી કાઢ્યો હતો. જિલ્લા પ્રવાસન અધિકારી રાહુલ ચૌબેએ જણાવ્યું હતું કે ક્રિસ્ટલ એવિએશન કંપનીમાં ૨૪ મે, ૨૦૨૪ના રોજ ટેક્નિકલ ખામીના કારણે પાયલટની સજાગતાને કારણે હેલીકોપ્ટરનું કેદારનાથ હેલિપેડથી થોડે દૂર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.

### કેમ્પની નજીક પહોંચ્યા પછી હેલિકોપ્ટરને MI 17 પરથી નીચે ઉતારવું પડ્યું



પાયલોટની બુદ્ધિમત્તાના કારણે હેલીકોપ્ટરમાં સવાર તમામ મુસાફરોનું સુરક્ષિત ઉતરાણ થયું હતું. પર્યટન અધિકારીએ જણાવ્યું કે હેલીકોપ્ટરને શનિવારે રિપેર કરાવવા માટે ગૌચર એરસ્ટ્રીપ પર લઈ જવાની યોજના હતી, જે મુજબ ક્રિસ્ટલ એવિએશનની હેલીકોપ્ટરને એરફોર્સના એમઆઈ ૧૭ હેલિકોપ્ટરથી લટકાવીને લગભગ ૭ વાગ્યે ગૌચર લઈ જવામાં આવવાનું હતું. જો કે, ઉડાનભર્યાના થોડે દૂર પહોંચતાની સાથે જ હેલિકોપ્ટરના વજન અને પવનની અસરને કારણે MI 17 એ પોતાનું સંતુલન ગુમાવવાનું શરૂ કર્યું, જેના કારણે થરુ કેમ્પની નજીક પહોંચ્યા પછી હેલિકોપ્ટરને MI 17 પરથી નીચે ઉતારવું પડ્યું. હેલીકોપ્ટરમાં કોઈ મુસાફરો કે સાધનો ન હતા. માહિતી મળતા જ રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહી છે. તેમણે તમામ લોકોને હેલીકોપ્ટર ક્રેશમાં કોઈ જાનહાનિ અંગે અફવા ન ફેલાવવાની અપીલ કરી છે.

### સુરક્ષકર્મીઓ દોડ્યા

## ટ્રમ્પની સુરક્ષામાં ફરીવાર ચૂક, મીડિયા ગેલેરીમાં ઘૂસ્યો શખ્સ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૧ ।

અમેરિકાના પેન્સિલવેનિયામાં પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની રેલીમાં ફરી એક વખત સૂરક્ષામાં ચૂક જોવા મળી છે. પેન્સિલવેનિયાના જોનસ્ટાઉનમાં પૂર્વ અમેરિકન પ્રમુખ ટ્રમ્પની રેલીમાં શુક્રવારે એક અજ્ઞાત વ્યક્તિ મીડિયા ગેલેરીમાં પ્રવેશ્યા બાદ મોટી સૂરક્ષા ચૂક જોવા મળી હતી. જો કે, તે વ્યક્તિને તરત જ પોલીસે ઘેરી લીધો અને ટેઝર દ્વારા તેને કાબુમાં કરી લીધો હતો. આ ઘટના પેન્સિલવેનિયાના બટલરમાં એક રેલી દરમિયાન ટ્રમ્પની હત્યાના પ્રયાસના થોડા અઠવાડિયા બાદ જ બની છે. અગાઉની ઘટનામાં ટ્રમ્પના કાનની નજીકથી એક ગોળી નીકળી ગઈ હતી, જ્યારે એક વ્યક્તિનું મૃત્યુ થઈ ગયુ હતું. જેના પગલે યુએસ પ્રમુખપદની ચૂંટણી પહેલા રાજકીય કાર્યક્રમોમાં સુરક્ષા કડક કરી દેવામાં આવી છે. શુક્રવારે પેન્સિલવેનિયામાં ટ્રમ્પની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ઇઝરાયેલનો વેસ્ટ બેન્ક પર ઘાતક હુમલો : પાંચ આતંકીઓના મોત

। (એજન્સી) તુલ્કરેમ, તા.૩૧ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેનું યુદ્ધ વકરતું હોવાના સંકેત છે. ઈઝરાયેલના લશ્કરે ગુરુવારે વેસ્ટ બેન્ક પર અત્યાર સુધીના સૌથી ઘાતક હુમલામાં સ્થાનિક કમાંડર અબુ શુજા સહિત પાંચ આતંકવાદીઓનો ખાતમો કર્યો હતો. ઈઝરાયેલે જણાવ્યું હતું કે, વેસ્ટ બેન્કની ઉત્તરમાં મંગળવારથી કરાયેલા હુમલાને પગલે તમામ આતંકવાદીઓ સહિત કુલ ૧૬ લોકો મોતને ભેટ્યા છે. ઈઝરાયેલે આંતકવાદીઓના હુમલાને અટકાવવા કાર્યવાહી હાથ ધરાઈ હોવાનો દાવો કર્યો હતો. પેલેસ્ટાઈનના લોકો તેને યુદ્ધને વ્યાપક બનાવવાના સંકેત તરીકે જોઈ રહ્યા છે. ઈસ્લામિક જિહાદ આતંકવાદી જૂથે તુલ્કરેમ શહેર પરના હુમલામાં અબુ શુજા તરીકે ઓળખાતા મોહમ્મદ જાબેરનું મોત થયું હોવાની પુષ્ટિ કરી હતી. ચાલુ વર્ષે ઈઝરાયેલની એક કાર્યવાહીમાં તે માર્યો ગયો હોવાના અહેવાલ વહેતા થયા ત્યારે શુજા પેલેસ્ટાઈનના ઘણા લોકોનો હીરો બની ગયો હતો. જોકે, અન્ય આતંકવાદીઓનું મૃત્યુ થયું ત્યારે તે અચાનક બહાર આવ્યો હતો.

### BCCI એ ભારતીય ટીમની જાહેરાત કરી

## ઓસ્ટ્રેલિયા સામેની મલ્ટિ-ફોર્મેટ શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત



। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એટલે કે, BCCIએ શનિવાર ૩૧ ઓગસ્ટના રોજ ઓસ્ટ્રેલિયા સામેની મલ્ટિ-ફોર્મેટ શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત કરી છે. ટીમ ઈન્ડિયાના પૂર્વ કોચ રાહુલ દ્રવિડના પુત્ર સમિત દ્રવિડને આ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. વાસ્તવમાં સમિતને ભારતની અંડર-૧૯ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. રાહુલ દ્રવિડની ગણતરી મહાન બેટ્સમેનોમાં થાય છે. આ બેટ્સમેને વન-ડે અને ટેસ્ટ ક્રિકેટમાં પણ યાદગાર પ્રદર્શન કર્યું છે. હવે રાહુલ દ્રવિડના પુત્ર સમિત દ્રવિડ પણ અંડર-૧૯માં ચમકવા જઈ રહ્યો છે. ભારતીય અંડર-૧૯ ટીમ ઓસ્ટ્રેલિયાની અંડર-૧૯ ટીમ સામે વન-ડે અને ચાર-દિવસીય મેચ રમવાની છે. સમિતને આ બંને ફોર્મેટની શ્રેણી માટે ટીમ ઈન્ડિયામાં તક મળી છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આ અંડર-૧૯ સિરીઝ ૨૧ સપ્ટેમ્બરથી શરૂ થશે.

યુપીના મિડલ ઓર્ડર બેટ્સમેન મોહમ્મદ અમાનને ૫૦ ઓવરની ટીમનો કેપ્ટન જાહેર કરવામાં આવ્યો છે. જ્યારે મધ્યપ્રદેશના સોહમ પટવર્ધન ચાર દિવસીય શ્રેણીમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. સમિતની વાત કરીએ તો તે તાજેતરમાં મહારાજા T20 ટ્રોફીમાં રમ્યો હતો.

ઓસ્ટ્રેલિયા અંડર-૧૯ સામેની ૈ શ્રેણી માટે ભારતની અંડર-૧૯ ટીમ - રુદ્ર પટેલ (વાઈસ-કેપ્ટન), સાહિલ પારખ, કાર્તિકેય કેપી, મોહમ્મદ અમાન, કિરણ ચોરમલે, અભિજ્ઞાન કુંડુ (વિકેટકીપર), હરવંશ સિંહ પંગાલિયા (વિકેટકીપર), સમિત દ્રવિડ, યુધાજીત ગુહા, સમર્થ એન, નિખિલ કુમાર, ચેતન શર્મા, હાર્દિક રાજ, રોહિત રાજાવત અને મોહમ્મદ અનન.



# મહીસાગરમાં સરકારી નોકરી અપાવવાના બહાને સરકારી અધિકારીનું જ સ્કેમ

### ગૌણ સેવા પસંદગીના નિવૃત્ત કર્મચારીએ નોકરી અપાવવાની આડમાં લાખો રૂપિયા પડાવ્યા

। (એજન્સી) મહીસાગર, તા.૩૧ ।

મહીસાગરમાં સરકારી નોકરીનું સ્કેમ. સરકારી નોકરી અપાવવાના બહાને સરકારી અધિકારી દ્વારા જ ગોરખધંધો કરવામાં આવી રહ્યો હોવાનું સામે આવ્યું. સરકારી નોકરી અપાવવાના બહાને ૨૦લાખથી વધુની ઠગાઈ કરવામાં આવી. ગૌણ સેવા પસંદગીના નિવૃત્ત કર્મચારીએ નોકરી અપાવવાની આડમાં લાખો રૂપિયા પડાવ્યા. આ અધિકારી પોતે પણ નાયબ મામલતદાર હોવાની ડંફાસ મારી નોકરીનું આઈકાર્ડ રાખતા હતા. દાહોદના વિપુલ મકવાણા નામના વ્યક્તિનો વિડીયો વાયરલ થયો છે. વિપુલ મકવાણા નામનો આ શખ્સ નોકરીની નામે પૈસા ઉઘરાવી મોટું કૌભાંડ આચર્યું. ગૌણ સેવા પસંદગીના નિવૃત્ત અધિકારી નોકરી અપાવવા અનિરુદ્ધસિંહ ગોહિલના નામે રૂપિયા પડાવતો હતો. આ નિવૃત્ત અધિકારી સચિવાલયના નોકરી અપાવવાના બહાને ૧૯ લાખ રૂ.ઉઘરાવ્યા હતા. નોકરી અપાવવામાં ગલ્લા-તલ્લાં કરતાં અરજદારને શંકા જતા આરોપી સાથે અનિરુદ્ધસિંહ ગોહિલના ઘરે પહોંચ્યા હતા. જયાં નિવૃત અધિકારી વિપુલે પૈસાના આપ્યા હોવાની કબૂલાત કરી. ગૌણ સેવા પસંદગી મંડળના આ નિવૃત્ત અધિકારીએ મહીસાગર ઉપરાંત અન્ય વિસ્તારોમાંથી પણ નોકરી અપાવવાના બહાને પૈસા ઉઘરાવ્યાની કબુલાત કરી હતી. આ મામલે પોલીસ વધુ તપાસ હાથ ધરશે.નોંધનીય છે કે ગત નવેમ્બર મહિનામાં રાજકોટના ધોરાજી તાલુકામાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં નોકરી આપવાનીલાલચેલાખોરૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનું કૌભાંડ સામે આવ્યું હતું. આ કિસ્સામાં સચિવાયલમાં નોકરી અપાવવાની લાલચ આપી માણાવદરના યુવાન પાસેથી ૧૦ લાખ લીધા તો અન્ય લોકો પણ આ રીતે છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનું સામે આવ્યું હતું.

# ગીર સોમનાથમાં સંભવિત વાવાઝોડા ને કારણે દરિયામાં જોવા કરંટ મળ્યો

### સતત ૫ દિવસથી ૩ નંબરનું સિગ્નલ આપવામાં આવ્યું

। ગીર સોમનાથ, તા.૩૧ ।

ગુજરાતના અનેક વિસ્તારોમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવી છે. ગીર સોમનાથ સંભવિત વાવાઝોડાને કારણે દરિયામાં કરંટ જોવા મળી રહ્યો છે. ગીર સોમનાથના વેરાવળ પાસે આવેલા દરિયામાં ભારે કરંટ જોવા મળતા સતત ૫ દિવસથી ૩ નંબરનું સિગ્નલ આપવામાં આવ્યુ છે. ગુજરાતના અનેક વિસ્તારોમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવી છે.

ગીર સોમનાથ સંભવિત વાવાઝોડાને કારણે દરિયામાં કરંટ જોવા મળી રહ્યો છે. ગીર સોમનાથના વેરાવળ પાસે આવેલા દરિયામાં ભારે કરંટ જોવા મળતા સતત ૫ દિવસથી ૩ નંબરનું સિગ્નલ આપવામાં આવ્યુ છે. દરિયામાં કરંટના કારણે ૨ ફિશીંગ બોટ પલટી જતા બોટમાં નુકસાન થયુ છે. પરંતુ બોટમાં રહેલા ખલાસીઓને બચાવવામાં આવ્યા છે. હવામાન વિભાગે માછીમારોને દરિયો ન ખેડવા સુચના આપવામાં આવી છે. બીજી તરફ કચ્છમાં ડીપ ડિપ્રેશનના અતિભાયનક રૂપની અસર વર્તાવાની શરૂ થઈ છે. મળતી માહિતી અનુસાર કચ્છમાં ભારે પવન ફૂંકાઈ રહ્યો છે. જેના પગલે કચ્છના દરિયામાં પણ ભારે કરંટ જોવા મળ્યો હતો. કચ્છના અનેક વિસ્તારમાં ભારે પવન સાથે વરસાદ શરુ થયો છે. કચ્છના દરિયામાં ઊંચા ઊંચા મોજા ઉછળી રહ્યા છે.

# ભરુચના પશ્ચિમ વિસ્તારના રસ્તો બિસ્માર, સ્થાનિકોએ પીપુડી વગાડી કર્યો વિરોધ

। (એજન્સી) ભરુચ, તા.૩૧ ।

ગુજરાતમાં ધોધમાર વરસાદ ખાબક્તા અનેક વિસ્તારોમાં રોડ ધોવાયાની ઘટના સામે આવી છે. ભરુચમાં વરસાદ પડતાની સાથે જ રસ્તા બિસ્માર થઈ ગયા છે અને ક્યાંકને ક્યાંક ભ્રષ્ટાચાર થયા હોવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. ત્યારે સ્થાનિકો આ રસ્તાથી પરેશાન થયા છે અને વિરોધ નોંધાવી રહ્યા છે. પશ્ચિમ વિસ્તારના રહિશોએ પીપુડી વગાડી પાલિકાને ઊંઘમાંથી જગાડવા વિરોધ નોધાવ્યો હતો. સ્થાનિકોએ પાલિકામાં હલ્લાબોલ કરી મુખ્ય અધિકારીને રજૂઆતો કરી હતી. જો વહેલી તકે આ માર્ગનું સમારકામ નહીં કરાય તો ગાંધીચિધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. પાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓને અનેક વખતે ટેલિફોનિક અને મૌખિક રજૂઆતો કરી હતી. તેમ છતાં પાલિકા દ્વારા ખાડા પુરાયાં નથી. ચીફ ઓફિસરે જણાવ્યું હતું કે પાલિકા માર્ગના સમારકામની કામગીરી કરી રહી છે. પરંતુ નિરંતર વરસાદના અને હાઈવેના વાહનો શહેરમાં ડાયવર્ટ કરાયા હોવાના કારણે આ કામગીરીમાં વિક્ષેપ પડી રહ્યો છે. ખાસ કરીને મહંમદપુરાથી ઢાલ સહિતના રસ્તાના મામલે પશ્ચિમ વિસ્તારના રહીશોના બે અલગ અલગ જૂથ રજૂઆત કરવા માટે આવતાં રાજકારણમાં નવી ચર્ચાએ જોર પકડયું છે.

# ભાવનગરના કોર્પોરેટરે સરકારી ગાડીમાં રીલ બનાવતા વિવાદ સર્જાયો

। (એજન્સી) ભાવનગર, તા.૩૧ ।

ભાવનગર વરસાદી આફતનો સામનો કરી રહ્યુ છે ત્યારે કોર્પોરેટર કિશોર ગુરુમુખાણીએ સરકારી ગાડીમાં રીલ બનાવતા વિવાદ સર્જાયો છે. તેમનો સરકારી ગાડી સાથેનો વિડીયો વાઇરલ થયો છે. આમ પ્રજાની તકલીફો દૂર કરવા માટે કોર્પોરેટરને આપવામાં આવેલી સરકારી ગાડીનો દૂરુપયોગ થયો છે. એકબાજુએ પ્રજા વરસાદી આફતમાં પીસાઈ રહી છે ત્યારે સરકારી ગાડી લઈ જઈને મદદ કરવાના બદલે શાસક પક્ષના નેતા શા માટે તેમનો રોફ મારવા ગાડીનો ઉપયોગ કરે છે. ભાવનગર વરસાદી આફતનો સામનો કરી રહ્યુ છે ત્યારે કોર્પોરેટર કિશોર ગુરુમુખાણીએ સરકારી ગાડીમાં રીલ બનાવતા વિવાદ સર્જાયો છે. તેમનો સરકારી ગાડી સાથેનો વિડીયો વાઇરલ થયો છે. આમ પ્રજાની તકલીફો દૂર કરવા માટે કોર્પોરેટરને આપવામાં આવેલી સરકારી ગાડીનો દૂરુપયોગ થયો છે. એકબાજુએ પ્રજા વરસાદી આફતમાં પીસાઈ રહી છે ત્યારે સરકારી ગાડી લઈ જઈને મદદ કરવાના બદલે શાસક પક્ષના નેતા શા માટે તેમનો રોફ મારવા ગાડીનો ઉપયોગ કરે છે. પ્રજાએ ચૂંટેલા કોર્પોરેટરો શું તે ભૂલી જાય છે કે તેમને આ સગવડ લોકોની સેવા માટે મળી છે, તેમની સત્તા બતાવવા કે લોકો પર રોફ જમાવવા મળી નથી. આટલેથી પણ અટકતા ન હોય તેમ હવે તેઓ ભાવેણાની પ્રજાની સેવા કરવાના બદલે સરકારી ગાડીમાં રીલ બનાવે છે.

# વડોદરાના તાંદલજા, અકોટા, મુંજમહુડા, વડસર અને શિયાબાગ વિસ્તારના નાગરિકોના આરોગ્યની દરકાર માટે કાર્યરત







। (માહિતી) અમદાવાદ, તા.૩૧ ।

વડોદરામાં ભારે વરસાદના કારણે સર્જાયેલ પરિસ્થિતિને પહોંચી વળવા સમગ્ર રાજય વહીવટીતંત્ર ખડેપગે છે. આ ઉપરાંત અનેક જિલ્લાના વિવિધ વિભાગોની ટીમ પણ વડોદરા ખાતે રાહતની કામગીરી અર્થે જોડાઈ છે.

પૂરગ્રસ્ત વડોદરાના નાગરિકોના આરોગ્યની દરકાર અર્થે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આરોગ્ય વિભાગની ટીમો વડોદરાના વિવિધ વિસ્તારમાં હાલ કાર્યરત છે. વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો ફેલાય નહીં અને નાગરિકોના આરોગ્યની સંભાળ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાત્કાલિક ધોરણે આરોગ્ય વિભાગની વિવિધ ટીમો વડોદરા ખાતે મોકલવામાં આવી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા ૭ મેડિકલ ઓફિસર, ૧૫ પેરા મેડિકલ સ્ટાફ, ૫ મેડિકલ મોબાઈલ વાન તથા ડોકટરો વડોદરા ખાતે મોકલવામાં આવ્યા છે. સાથે સાથે જરૂરી દવાઓ, ડ્રેસિંગ મટીરીયલ, ઓક્સિજન સિલિન્ડર, વ્હીલ ચેર, ઓ.આર.એસ તથા ઈન્જેક્શન જેવી જરૂરી સાધન સામગ્રી પણ મોકલવામાં આવી છે. આ તમામ ટીમો હાલ વડોદરાના વિવિધ વિસ્તારો તાંદલજા, અકોટા, મુંજમહુડા, વડસર અને શિયાબગ ખાતે નાગરિકોના આરોગ્યની ચકાસણી માટે કાર્યરત છે. વધુમાં, ઉંમરલાયક દર્દીઓના આરોગ્યની તપાસ માટે તેમના ઘરે આરોગ્ય વિભાગની ટીમો મોકલવામાં આવી હતી.

ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આરોગ્ય વિભાગની ટીમો દ્વારા વડોદરાના આશરે ૪૩૩ જેટલા દર્દીઓને તપાસી સારવાર અપાઈ હતી. જેમાં ઝાડા ઉલટી, શ્વાસની તકલીફ, ડાયાબિટીસ, તાવ હાયપરટેન્શન, ઈન્જરી જેવા રોગોના દર્દીઓને સારવાર અપાઈ હતી.

### ગુજરાતના માથે મંડરાયેલો ખતરો ટળ્યો!

# કચ્છને સ્પર્શીને નીકળ્યું વાવાઝોડું, ૧ સપ્ટેમ્બરથી ફરી મેઘતાંડવ

। (એજન્સી) કચ્છ, તા.૩૧ ।

ગુજરાતના માથે મંડરાયેલા વાવાઝોડાનો ખતરો ટળ્યો છે. અસના વાવાઝોડું કચ્છને સ્પર્શીને આગળ નીકળ્યું છે. કચ્છ નજીક સર્જાયેલ ડીપ ડિપ્રેશન મામલે મોટા સમાચાર મળી રહ્યા છે. ડીપ ડિપ્રેશન ચક્રવાતમાં ફેરવાયું છે અને ચક્રવાત બનીને પાકિસ્તાનના કરાચી થઈ ઓમાન તરફ ફંટાશે. ચક્રવાત હાલ ૨૪૦ કિ.મી ભુજથી પશ્ચિમ તરફ આગળ વધ્યું છે. કરાંચીથી દક્ષિણ દક્ષિણ પૂર્વ તરફ ૧૬૦ કિમી દૂર છે.

હાલ પૂરતું ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું છે, પરંતુ સપ્ટેમ્બર માસમાં વરસાદનું જોર ફરીથી શરૂ થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. બીજી, ત્રીજી અને ચોથી સપ્ટેમ્બરે અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદ વરસી શકે છે. આ સિવાય બીજી સપ્ટેમ્બરે નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરાનગર હવેલીમાં વરસાદ વરસી શકે છે. સાથે બેથી ચાર સપ્ટેમ્બર સુધીમાં ગુજરાતના અનેક જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે. સાથે માછીમારોને દરિયો ન ખેડવાની પણ સૂચના આપવામાં આવી છે. ગુજરાતમાં હજુ પણ વરસાદનું જોર યથાવત રહેશે તેવી હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગાહી કરી છે. વરસાદની વધુ કેટલીક સિસ્ટમ સક્રિય થતાં વરસાદ આવશે. ૩થી ૧૧ સપ્ટેમ્બર ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા છે, તો ૧૫ સપ્ટેમ્બર પછી ગુજરાતમાં વરસાદની શક્યતા દેખાઈ રહી છે. તો ૨૩,૨૪ અને ૨૫ સપ્ટેમ્બરે પણ ગુજરાતમાં વરસાદની શક્યતા દેખાઈ રહી છે. તો ૨૭ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર સુધી ભારે વરસાદની આગાહી છે.

કચ્છના ભુજના અનેક વિસ્તારોમાં ચારથી પાંચ ફૂટ પાણી ભરાઈ રહેતા લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જયપ્રકાશ નગર અને શાંતિ નગરી જેવા વિસ્તારોમાં ભરાઈ રહેતા જનજીવન પ્રભાવિત થયું છે. નાળાની યોગ્ય રીતે સફાઈ ન કરાઈ હોવાથી પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાઈ છે. સ્થાનિકોએ અનેકવાર તંત્રને રજૂઆત કરી હોવા છતાં કોઈ કામગીરી નથી કરી, જેથી સ્થાનિકોમાં ભારે રોષ છે. દર વર્ષે પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાય છે તેમ છતાં પણ કોઈ કામગીરી કરાતી નથી.

ગુજરાતના ચાર જિલ્લામાં લીલો દુષ્કાળ જાહેર કરવાની માગ ઉઠી છે. દ્વારકા, પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લાને લીલો દુષ્કાળગ્રસ્ત જાહેર કરી સહાય ચૂકવવાની માગ કરાઈ છે. સાથે ૧૪૦ ટકાથી વધુ વરસાદ હોય તેવા તાલુકામાં લીલો દુષ્કાળ જાહેર કરવાની માગ ઉઠી અને આ નુકસાનીનો સર્વે કરીને સહાય ચૂકવવાની અપીલ કરવામાં આવી છે.

# વડોદરામાં કાર્યોની સમીક્ષા માટે મુખ્યમંત્રીએ યોજી ઉચ્ચસ્તરીય બેઠક

। (એજન્સી) વડોદરા, તા.૩૧ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરાની મુલાકાત લઈ ભારે વરસાદને કારણે ઉભી થયેલી સ્થિતિ અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા રાહત કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. ભારે વરસાદ બાદ વિશ્વામિત્રી નદીના પૂર વડોદરા શહેરમાં ફરી વળવાથી સર્જાયેલી સ્થિતિથી અસરગ્રસ્ત લોકો માટે કરાયેલી વ્યવસ્થાઓનું આશ્રય સ્થાન ઉપર જઈ નિરીક્ષણ પણ કર્યું હતું. ત્યાં તેમણે આપત્તિગ્રસ્તોના ક્ષેમકુશળ પણ પૂછ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડોદરા શહેરમાં પૂરના પાણી આવવાના કારણે ફસાયેલા લોકોને બચાવવા માટે ઘનિષ્ઠ ઓપરેશન્સ ચલાવી શહેરીજનોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે અને હવે પૂર બાદની સ્થિત ઉપર લક્ષ્ય કેન્દ્રિત કરવાનું છે. વડોદરા શહેર તથા જિલ્લામાં સ્વચ્છતા, આરોગ્ય, વીજળી અને માર્ગોના કામોને અગ્રતા આપવા સંબંધિત અધિકારીઓને મુખ્યમંત્રીએ આ બેઠકમાં સૂચના આપી હતી. તેમણે જણાવ્યું કે, વડોદરામાં સફાઈ કામગીરી કરવા માટે અન્ય મહાનગરપાલિકાઓમાંથી ટીમો ફાળવવામાં આવી છે. જરૂરત મુજબના સાધનો એકત્ર કરી સફાઈ કામગીરીમાં તીવ્રતા લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી તમામ સહાય મોકલવામાં આવી છે. મુખ્ય મંત્રીએ જણાવ્યું કે, વડોદરા શહેર અને જિલ્લામાં ૧૪૦૦ જેટલા આરોગ્ય કર્મીઓ સાથે બહારના જિલ્લાની ૧૦ ટીમ હેલ્થ સ્ક્રીનીંગ માટે વડોદરા મોકલવામાં આવી છે. આ ટીમો દ્વારા સઘન સર્વેલેન્સની કામગીરી ઉપરાંત ફોગિંગ, ક્લોરીનેશનની પણ કામગીરી કરવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે વડોદરા શહેર અને જિલ્લામાં અસરગ્રસ્ત પરિવારોને કેશ ડોલ્સ ચુકવણી, ઘરવખરી, મકાન નુકસાનીના સર્વે માટે ૯૦ ટીમો કાર્યરત કરવામાં આવી છે.આ ઉપરાંત કૃષિ પાકોની નુકસાનીના સર્વે માટે ૫૨ (બાવન) ટીમો કાર્યરત છે. ભારે વરસાદને કારણે વડોદરા શહેર જિલ્લામાં વીજ પુરવઠો પ્રભાવિત થયો હતો.જે ઝડપભેર પૂર્વવત કરવામાં આવી રહ્યો છે તેમ મુખ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. વડોદરા શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં પૂર અસરગ્રસ્તોને ૨.૭૪ લાખ ફૂડ પેકેટ તેમજ ૧.૦૭ લાખ પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યું છે.હજુ પણ તબક્કાવાર રાહત સામગ્રી જરૂરતમંદો સુધી પહોંચાડવામાં આવશે તેમ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્ય મંત્રીએ જણાવ્યું કે વડોદરા શહેર જિલ્લામાં પૂરના પાણીમાં ફસાયેલા લોકોને બચાવ કામગીરી માટે ત્વરિત નિર્ણય લઈ આર્મીની ત્રણ કોલમ મોકલવામાં આવી હતી.

# ત્રણ વંદે ભારત ટ્રેનને ફ્લેગ ઓફ કરવાના સમયે પીએમના સંબોધનનો મૂળપાઠ

કેન્દ્ર સરકારમાં મારા સાથી મંત્રીઓ અશ્વિની વૈષ્ણવ જી, ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદી બેન પટેલજી, તમિલનાડુના રાજ્યપાલ આરએન રવિ, કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોત, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, કેન્દ્રીય મંત્રીમંડળમાં મારા અન્ય સાથીદારો, રાજ્યોના નાયબ મુખ્યમંત્રીઓ, મંત્રીઓ, સાંસદોપ દેશના વિવિધ ભાગોમાંથી આવેલા અન્ય જન પ્રતિનિધિઓપ દેવીઓ અને સજ્જનો.

આજે ઉત્તરથી દક્ષિણ સુધી દેશની વિકાસયાત્રામાં વધુ એક અધ્યાય ઉમેરાઈ રહ્યો છે. વંદે ભારત ટ્રેન સેવાઓ આજથી મદુરાઈ-બેંગલુરુ, ચેન્નાઈ-નાગરકોવિલ અને મેરઠ-લખનૌ વચ્ચે શરૂ થઈ રહી છે. વેદ ભારત ટ્રેનોનું આ વિસ્તરણ, આ આધુનિકતા, આ ગતિ... આપણો દેશ ‘વિકસિત ભારત’ના ધ્યેય તરફ કદમથી આગળ વધી રહ્યો છે. આજે શરૂ થયેલી ત્રણ વંદે ભારત ટ્રેનોએ દેશના મહત્વના શહેરો અને ઐતિહાસિક સ્થળોને કનેક્ટિવિટી પૂરી પાડી છે. મંદિર શહેર મદુરાઈ હવે વંદે ભારત દ્વારા આઈટી સિટી બેંગલુરુ સાથે સીધું જોડાયેલું છે. વંદે ભારત ટ્રેન તહેવારો અથવા સપ્તાહના અંતે મદુરાઈ અને બેંગલુરુ વચ્ચે અવરજવર માટે ખૂબ જ અનુકૂળ રહેશે. આ ઉપરાંત આ વંદે ભારત ટ્રેન પણ યાત્રાળુઓ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે. વંદે ભારત ચેન્નાઈથી નાગરકોઈલ રૂટથી વિદ્યાર્થીઓ, ખેડૂતો અને આઈટી પ્રોફેશનલ્સને પણ ઘણો ફાયદો થશે. વંદે ભારત એક્સપ્રેસ જ્યાં પહોંચી રહી છે ત્યાં પ્રવાસીઓની સંખ્યા વધી રહી છે. પ્રવાસીઓની સંખ્યામાં વધારો એટલે ત્યાંના વેપારીઓ અને દુકાનદારોની આવકમાં વધારો. અહીં રોજગારીની નવી તકો પણ ઊભી થઈ રહી છે. હું આ ટ્રેનો માટે દેશવાસીઓને અભિનંદન આપું છું.

વિકસિત ભારતના લક્ષ્યને હાંસલ કરવા માટે દક્ષિણના રાજ્યોનો ઝડપી વિકાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. દક્ષિણ ભારત અપાર પ્રતિભા, અપાર સંસાધનો અને અપાર તકોની ભૂમિ છે. તેથી, તમિલનાડુ અને કર્ણાટક સહિત સમગ્ર દક્ષિણનો વિકાસ અમારી સરકારની પ્રાથમિકતા છે. છેલ્લા ૧૦ વર્ષમાં આ રાજ્યોમાં રેલવેની વિકાસ યાત્રા તેનું ઉદાહરણ છે. આ વર્ષના બજેટમાં અમે તમિલનાડુને ૬ હજાર કરોડ રૂપિયાથીવધુનુંરેલવેબજેટઆપ્યુંછે.જે૨૦૧૪ના બજેટ કરતા ૭ ગણા વધારે છે. તમિલનાડુમાં ૬ વંદે ભારત ટ્રેનો ચાલી રહી છે. આ બે ટ્રેન સાથે હવે આ સંખ્યા ૮ થઈ જશે. તેવી જ રીતે આ વખતે કર્ણાટક માટે પણ સાત હજાર કરોડથી વધુનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ બજેટ પણ ૯ ગણું છે, જે ૨૦૧૪ કરતા ૯ ગણું વધારે છે. આજે વંદે ભારત ટ્રેનની ૮ જોડી આખા કર્ણાટકને જોડી રહી છે. પહેલા કરતા અનેક ગણા વધુ બજેટે તમિલનાડુ, કર્ણાટક સહિત દક્ષિણ ભારતના રાજ્યોમાં રેલ ટ્રાફિકને વધુ મજબૂત બનાવ્યો છે. આ રાજ્યોમાં, રેલ્વે ટ્રેક વધુ સારા થઈ રહ્યા છે, રેલ્વે ટ્રેકનું વીજળીકરણ થઈ રહ્યું છે...ઘણા રેલ્વે સ્ટેશનોનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે. આનાથી લોકોની જીવનશૈલીમાં વધારો થયો છે અને વ્યવસાય કરવાની સરળતામાં પણ મદદ મળી છે.

આજે યુપી અને ખાસ કરીને પશ્ચિમ યુપીના લોકોને પણ મેરઠ-લખનૌ રૂટ પર વંદે ભારત ટ્રેન દ્વારા સારા સમાચાર મળ્યા છે. મેરઠ અને પશ્ચિમ યુપી ક્રાંતિની ભૂમિ છે. આજે આ વિસ્તાર વિકાસની નવી ક્રાંતિનો સાક્ષી બની રહ્યો છે. એક તરફ, મેરઠને ઈઈજી દ્વારા રાજધાની દિલ્હી સાથે જોડવામાં આવી રહ્યું છે, તો બીજી તરફ વંદે ભારતથી રાજ્યની રાજધાની લખનૌનું અંતર પણ ઘટી ગયું છે. આધુનિક ટ્રેનો, એક્સપ્રેસ વેનું નેટવર્ક, હવાઈ સેવાઓનું વિસ્તરણ... પીએમ ગતિશક્તિનું વિઝન દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કેવી રીતે બદલી નાખશે તેનું એનસીઆર ઉદાહરણ બની રહ્યું છે. વંદે ભારત એ ભારતીય રેલવેના આધુનિકીકરણનો નવો ચહેરો છે. આજે દરેક શહેરમાં અને દરેક માર્ગ પર વંદે ભારતની માંગ છે. હાઈ-સ્પીડ ટ્રેનોના આગમનથી લોકોને તેમના વ્યવસાય, રોજગાર અને તેમના સપનાને વિસ્તારવા માટે વિશ્વાસ મળે છે. આજે દેશભરમાં ૧૦૨ વંદે ભારત ટ્રેન સેવાઓ કાર્યરત છે. અત્યાર સુધીમાં આ ટ્રેનોમાં ૩ કરોડથી વધુ લોકોએ મુસાફરી કરી છે. આ સંખ્યાઓ ચોક્કસપણે વેદ ભારત ટ્રેનોની સફળતાનો પુરાવો છે! તે મહત્વાકાંક્ષી ભારતની આકાંક્ષાઓ અને સપનાઓનું પ્રતીક પણ છે.

આધુનિક રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ વિકસિત ભારતના વિઝનનો મજબૂત આધારસ્તંભ છે. રેલ્વે લાઈનોનું બમણું કરવું હોય, રેલ્વે લાઈનોનું વિદ્યુતીકરણ હોય, નવી ટ્રેનો દોડાવવાની હોય, નવા રૂટનું નિર્માણ હોય, આ બધા પર કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આ વર્ષના બજેટમાં રેલવેને ૨.૫ લાખ કરોડ રૂપિયાથી વધુ રકમ આપવામાં આવી છે. અમે ભારતીય રેલ્વેને તેની જૂની છબીમાંથી મુક્ત કરવા માટે તેને હાઈટેક સેવાઓ સાથે જોડી રહ્યા છીએ. આજે વંદે ભારતની સાથે અમૃત ભારત ટ્રેનો પણ વિસ્તરી રહી છે. વંદે ભારતનું સ્લીપર વર્ઝન પણ ટૂંક સમયમાં આવવાનું છે. લોકોની સુવિધા માટે મહાનગરોમાં નમો ભારત ટ્રેન ચલાવવામાં આવી રહી છે. અને શહેરોની અંદર ટ્રાફિકની સમસ્યાથી છુટકારો મેળવવા માટે વંદે મેટ્રો પણ ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે.

આપણા શહેરોની ઓળખ તેમના રેલ્વે સ્ટેશનો દ્વારા કરવામાં આવી છે. અમૃત ભારત સ્ટેશન યોજના સાથે, સ્ટેશનો પણ વિકસિત થઈ રહ્યા છે અને શહેરોને પણ નવી ઓળખ મળી રહી છે. આજે દેશના ૧૩૦૦થી વધુ રેલવે સ્ટેશનોનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. આજે દેશના વિવિધ સ્થળોએ એરપોર્ટની જેમ રેલ્વે સ્ટેશન પણ બનાવવામાં આવી રહ્યા છે. નાનામાં નાના સ્ટેશનોને પણ આધુનિક સુવિધાઓથી જોડવામાં આવી રહ્યા છે. આ કારણે મુસાફરીની સરળતા પણ વધી રહી છે.

જ્યારે રેલવે, રોડવેઝ, વોટરવેઝ જેવી કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત હોય ત્યારે દેશ મજબૂત બને છે. તેનાથી દેશના સામાન્ય નાગરિકને ફાયદો થાય છે અને દેશના ગરીબ અને મધ્યમ વર્ગને ફાયદો થાય છે. આજે દેશ જોઈ રહ્યો છે કે ભારતમાં જેમ જેમ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ થઈ રહ્યું છે તેમ તેમ ગરીબ અને મધ્યમ વર્ગ સશક્ત થઈ રહ્યો છે. તેમના માટે રોજગારીની તકો ઉપલબ્ધ બની રહી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ સાથે ગામડાઓમાં પણ નવી તકો પહોંચવા લાગી છે. સસ્તા ડેટા અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે ગામડાઓમાં પણ નવી શક્યતાઓ ઊભી થઈ રહી છે. જ્યારે હોસ્પિટલો, શૌચાલયો અને રેકોર્ડ સંખ્યામાં પાકાં મકાનો બાંધવામાં આવે છે ત્યારે દેશના વિકાસનો સૌથી ગરીબ લોકોને પણ ફાયદો થાય છે. જ્યારે કોલેજો, યુનિવર્સિટીઓ અને ઉદ્યોગો જેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધે છે, ત્યારે તે યુવાનો માટે પ્રગતિની તકો પણ વધારે છે. આવા અનેક પ્રયાસોને કારણે છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવી શક્યા છે.

પાછલા વર્ષોમાં, રેલ્વેએ તેની સખત મહેનત દ્વારા દાયકાઓ જૂની સમસ્યાઓના ઉકેલની આશા જાગી છે. પરંતુ, આપણે હજુ આ દિશામાં લાંબી મજલ કાપવાની છે. જ્યાં સુધી ભારતીય રેલ્વે ગરીબ, મધ્યમ વર્ગ અને બધા માટે સુખદ મુસાફરીની ગેરંટી નહીં બને ત્યાં સુધી અમે રોકાઈશું નહીં. મને વિશ્વાસ છે કે દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો આ વિકાસ ગરીબીને દૂર કરવામાં મોટી ભૂમિકા ભજવશે. હું ફરી એકવાર તમિલનાડુ, કર્ણાટક અને ઉત્તર પ્રદેશના લોકોને ત્રણ નવા વંદે ભારત માટે અભિનંદન આપું છું. આપ સૌને શુભેચ્છાઓ, ખૂબ ખૂબ આભાર.

# મફતિયું આપવાના રાજકારણના ચક્કરમાં હિમાચલ પાયમાલ

## સરકારમાં આવ્યા બાદ કોંગ્રેસ સરકારે ચૂંટણીમાં આપેલા વચનો પાળવા પાછળ જંગી ખર્ચ કરવાનું શરુ કર્યું હતું

। (એજન્સી) શીમલા, તા.૩૧ ।

પર્વતોથી ઘેરાયેલા હિમાચલ પ્રદેશની આર્થિક સ્થિતિ કથળી રહી છે. રાજ્યની તિજોરી ખાલી થઈ રહી છે અને દેવાનો ડુંગર વધી રહ્યો છે. રાજ્યની આર્થિક સ્થિતિ એટલી નાજુક થઈ ગઈ છે કે મુખ્યમંત્રી, મંત્રીઓ, મુખ્ય સંસદીય સચિવો અને કૉર્પોરેશનના ચેરમેન બોર્ડ આગામી બે મહિના સુધી પગાર અને ભથ્થાં નહીં લે. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ ગુરુવારે કહ્યું કે, 'રાજ્યની આર્થિક સ્થિતિ સારી નથી, તેથી હું અને મંત્રીઓ આગામી બે મહિના માટે પગાર અને ભથ્થાં છોડી રહ્યા છે.' અઢી વર્ષ પહેલા હિમાચલની સત્તા પર આવેલી કોંગ્રેસ સરકાર સતત દેવાના બોજમાં ડૂબી રહી છે. રાજ્યની આ કંગાળ આર્થિક પરિસ્થિતિ માટે સરકારની મફતની રેવડીનું વિતરણ કરવાની નીતિને જવાબદાર ગણવામાં આવી રહી છે. વિધાનસભાની ચૂંટણી વખતે કોંગ્રેસે અનેક મફત યોજનાઓનું વચન આપ્યું હતું. સરકાર બન્યા પછી વચનો પૂરા કરવામાં આવ્યા, જેનાથી રાજ્ય પર દેવાનો ભાર ખૂબ વધી ગયો. રિઝર્વ બૅંકના રિપોર્ટ અનુસાર, કોંગ્રેસ સત્તામાં આવી તે પહેલાં રાજ્ય પર માર્ચ ૨૦૨૨ સુધી ૬૯ હજાર કરોડ રૂપિયાથી ઓછું દેવું હતું. પરંતુ કોંગ્રેસ સત્તામાં આવ્યા બાદ માર્ચ ૨૦૨૪ સુધીમાં રાજ્ય પરનું દેવું ૮૬,૬૦૦ કરોડથી વધુ થઈ ગયું છે. માર્ચ ૨૦૨૫ સુધીમાં હિમાચલ સરકારનું દેવું વધીને લગભગ ૯૫ હજાર કરોડ રૂપિયા થઈ જશે. સરકારમાં આવ્યા બાદ કોંગ્રેસ સરકારે ચૂંટણીમાં આપેલા વચનો પાળવા પાછળ જંગી ખર્ચ કરવાનું શરુ કર્યું હતું. હિમાચલ સરકાર તેના બજેટનો ૪૦ ટકા ભાગ પગાર અને પેન્શન ચૂકવવામાં ખર્ચે છે. લગભગ ૨૦ ટકા લોન અને વ્યાજની ચૂકવણીમાં ખર્ચવામાં આવે છે. સુખુ સરકાર મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયા આપે છે, જેના લીધે વાર્ષિક ૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. અહીં સરકારે જૂની પેન્શન યોજના પણ લાગુ કરી છે, જેના કારણે રાજ્યની તિજોરી પર વધારાનો ૧,૦૦૦ કરોડ રૂપિયાનો બોજો પડ્યો છે. જ્યારે મફત વીજળી પાછળ વાર્ષિક ૧૮ હજાર કરોડ રૂપિયા ખર્ચવામાં આવે છે. આ ત્રણેય યોજનાઓ પર સરકાર અંદાજે ૨૦ હજાર કરોડ રૂપિયા ખર્ચી રહી છે. હિમાચલની સુખુ સરકારને વધારે આંચકો ત્યારે લાગ્યો જ્યારે કેન્દ્ર સરકારે રાજ્યની લોન લેવાની મર્યાદામાં ઘટાડો કર્યો. અગાઉ હિમાચલ સરકાર તેની જીડીપીના ૫ ટકા સુધીની લોન લઈ શકતી હતી. પરંતુ હવે કેન્દ્ર સરકારે તે મર્યાદા ૩.૫ ટકા સુધીની કરી દીધી છે. એટલે કે, હવે સરકાર માત્ર ૯ હજાર કરોડ રૂપિયા જ ઉધાર લઈ શકશે, અગાઉ સરકાર ૧૪,૫૦૦ કરોડ



રૂપિયા સુધી ઉધાર લઈ શકતી હતી. આરબીઆઈના રિપોર્ટ અનુસાર હિમાચલ રાજ્યનું દેવું પાંચ વર્ષમાં ૩૦ હજાર કરોડ રૂપિયા વધી ગયું છે. હાલમાં રાજ્ય પર ૮૬ હજાર કરોડ રૂપિયાથી વધારાનું દેવું છે. હિમાચલમાં દરેક વ્યક્તિ પર ૧.૧૭ લાખ રૂપિયાનું દેવું છે. હિમાચલમાં જો મુખ્યમંત્રી, મંત્રી અને સંસદીય સચિવ બે મહિના સુધી પગાર અને ભથ્થાં નહીં લે તો કંઈ બહુ મોટો ફરક નહીં પડે. જો મુખ્યમંત્રી, મંત્રીઓ અને સંસદીય સચિવો બે મહિના સુધી પગાર અને ભથ્થાં નહીં લે તો કુલ ૮૫ લાખ રૂપિયાની બચત થશે. જ્યારે હિમાચલ સરકાર પર માર્ચ ૨૦૨૫ સુધીમાં લગભગ ૯૫ હજાર કરોડ રૂપિયાનું દેવું હશે. જેથી સુખુ સરકારના આ નિર્ણયથી રાજ્યની આર્થિક સ્થિતિમાં કોઈ સુધાર થવાની સંભાવના નથી. આરબીઆઈના રિપોર્ટમાં જણાવાયું છે કે, રાજ્ય સરકારનો સબસિડી પર ખર્ચ સતત વધી રહ્યો છે. રાજ્ય સરકારોએ વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કુલ ખર્ચના ૧૨.૯ ટકા સબસિડી પર ખર્ચ્યા છે. રાજ્ય સરકાર સબસિડીને બદલે હવે મફત રેવડીઓ આપી રહી છે. જેથી સરકાર એવી જગ્યાએ ખર્ચ કરી રહી છે જ્યાંથી તેને કોઈ આવક થતી નથી. વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન તમામ રાજ્ય સરકારોએ સબસિડી પર ૧.૮૭ લાખ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. જયારે વર્ષ ૨૦૨૨-૨૩માં આ ખર્ચ વધીને ૩ લાખ કરોડને પાર કરી ગયો હતો. આ જ રીતે માર્ચ ૨૦૧૯ સુધી તમામ રાજ્ય સરકારો પર ૪૭.૮૬ લાખ કરોડ રૂપિયાનું દેવું હતું. જે માર્ચ ૨૦૨૪ સુધીમાં વધીને ૭૫ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ ગયું છે. અને માર્ચ ૨૦૨૫ સુધીમાં આ દેવું વધીને ૮૩ લાખ કરોડથી વધુ થવાની સંભાવના છે. મફતની રેવડીને લઈને રાજ્ય સરકાર આગામી સમયમાં વધારે કપરી સમસ્યાઓનો સામનો કેરવો પડી શકે છે. આરબીઆઈએ ગયા વર્ષે ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, અરુણાચલ પ્રદેશ, બિહાર, ગોવા, હિમાચલ, કેરળ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલૅન્ડ, પંજાબ, રાજસ્થાન અને પશ્ચિમ બંગાળ આ બધા રાજ્યો આર્થિક સંકટ હેઠળ છે. કેટલાક એવા રાજ્યો પણ છે કે જેમનું દેવું વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં રાજ્યની જીડીપીના ૩૦ ટકાથી વધુ થઈ શકે છે. તેમાં પંજાબની હાલત સૌથી ખરાબ હશે. ત્યારે પંજાબ સરકારનું દેવું રાજ્યની જીડીપીના ૪૫ ટકા સુધી પહોંચી ગયું હશે. રાજસ્થાન, કેરળ અને પશ્ચિમ બંગાળનું દેવું રાજ્યની જીડીપીના ૩૫ ટકા સુધી રહેવાની શક્યતા છે. આરબીઆઈના જણાવ્યા અનુસાર, એવી યોજનાઓ કે જેનાથી ધિરાણ લેવામાં મુશ્કેલી પડે, સબસિડીના કારણે કિંમતોમાં વધારે ફેરફાર થાય, અને જેને લીધે ખાનગી રોકાણમાં ઘટાડો અને લેબર ફોર્સની ભાગીદારી ઘટાડતી યોજનાઓ મફતની રેવડી છે. શું મફત રેવડી આપવી અને સરકારની કલ્યાણકારી યોજનાઓ એક જ છે કે અલગ? સામાન્ય રીતે ચૂંટણી પહેલા મફતની રેવડી આપવાની જાહેરાત કરવામાં આવે છે, જ્યારે કલ્યાણકારી યોજનાઓ કોઈપણ સમયે લાગુ કરી શકાય છે. રાજકીય પક્ષો ચૂંટણી જીતવા માટે અનેક વચનો આપે છે, પરંતુ તેનો બોજ સરકારી તિજોરી પર પડે છે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે કરદાતાઓના નાણાંનો ઉપયોગ કરીને મફતમાં રેવડીઓ વહેંચવાથી તે સરકારને 'નાદારી' તરફ ધકેલી શકે છે. આરબીઆઈના પૂર્વ ગવર્નર ડી. સુબ્બારાવ અનુસાર, 'ખાનગી કંપની હોય કે સરકાર, આદર્શ તો એ જ છે કે ભવિષ્યમાં આવક ઊભી કરીને કોઈપણ દેવાની ચૂકવણી કરવી જોઈએ.

### મસ્કને જજ સાથેની તકરાર ભારે પડી!

## બ્રાઝિલની સુપ્રીમ કોર્ટેને Xની સેવાઓ સ્થગિત કરવી પડી



। (એજન્સી) બ્રાઝિલ, તા.૩૧ ।

X કંપનીના માલિક ઈલોન મસ્કને બ્રાઝિલે મોટો ઝટકો આપ્યો છે. જજ સાથેની તકરાર તેમને ભારે પડી છે. બ્રાઝિલની સુપ્રીમ કોર્ટના એક ન્યાયાધીશે દેશમાં નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X'ની સેવાઓ સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે. જેના કારણે ઈલોન મસ્કની મુશ્કેલીઓ વધી ગઈ છે. નિર્ણય અનુસાર, જજ એલેક્ઝાન્ડ્રે ડી મોરેસે આ પગલું 'X'ના માલિક ઈલોન મસ્ક દ્વારા બ્રાઝિલમાં કંપનીના કાનૂની પ્રતિનિધિને નિયુક્ત કરવાનો ઈનકાર કર્યા પછી લીધું છે. આ પગલું અભિવ્યક્તિની આઝાદી, ફાર-રાઈટ એકાઉન્ટ અને ખોટી માહિતીના પ્રવાહને લઈને મસ્ક અને જસ્ટિસ મોરેસ વચ્ચે મહિનાથી ચાલતા મતભેદનું પરિણામ છે. જસ્ટિસ મોરેસે બુધવારે મસ્કને ચેતવણી આપી હતી કે, જો તે બ્રાઝિલમાં કાયદાના પ્રતિનિધિને નિયુક્ત કરવાના તેમના આદેશનું પાલન નહીં કરે તો દેશમાં 'X'ના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. તેમણે આદેશનું પાલન કરવા માટે ૨૪ કલાકની સમયમર્યાદા પણ નક્કી કરી હતી. આ મહિનાની શરૂઆતથી મસ્કની કંપની પાસે બ્રાઝિલમાં કોઈ કાનૂની પ્રતિનિધિ નથી. જસ્ટિસ મોરેસે પોતાના નિર્ણયમાં લખ્યું છે કે, "ઈલોન મસ્કે બ્રાઝિલના સાર્વભૌમત્વ અને ખાસ કરીને ન્યાયતંત્ર પ્રતિ સંપૂર્ણ અનાદર દર્શાવ્યો છે. આમ તેઓ એવું વર્તન કરી રહ્યા છે જાણે તેઓ હકીકતમાં એક 'સુપરનેશનલ એન્ટિટી' છે જે દરેક દેશના કાયદાઓમાંથી મુક્ત છે." સુપરનેશનલ એન્ટિટી'નો મતલબ એવી એવી એન્ટિટી સાથે હોય છે જે રાષ્ટ્રીય સીમાઓ અને હિતોની બહાર નિર્ણય લેવાની શક્તિ અને પ્રભાવ ધરાવે છે. જસ્ટિસ મોરેસે કહ્યું કે, જ્યાં સુધી કંપની તેમના આદેશનું પાલન ન કરે ત્યાં સુધી બ્રાઝિલમાં 'X'ની સેવાઓ સ્થગિત રહેશે. તેમણે VPN (વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક) દ્વારા દેશમાં 'X' ને એક્સેસ કરવાનો પ્રયાસ કરતા લોકો અને કંપનીઓ પર પ્રતિ દિવસ US $8,900નો દંડ ફટકારવાનો આદેશ પણ આપ્યો છે. બાદમાં, અન્ય એક આદેશમાં, જસ્ટિસ મોરેસે અગાઉના નિર્ણયને પાછો ખેંચ્યો હતો જેમાં તેમણે ઈન્ટરનેટ સેવા પ્રદાતાઓ અને ટેલિકોમ રેગ્યુલેટરને 'X' સુધીના ઍક્સેસને અવરોધિત કરવા તથા 'એપ સ્ટોર'ને VPN હટાવવા માટે પાંચ દિવસનો સમય આપ્યો હતો. નવા આદેશમાં કહેવામાં આવ્યું છે કે, બ્રાઝિલના ટેલિકોમ્યુનિકેશન રેગ્યુલેટર 'એનાટેલ' પાસે નિર્ણયને લાગુ કરવા માટે ૨૪ કલાકનો સમય હશે. એનાટેલના ચેરમેન કાર્લોસ બેગોરીએ ગ્લોબોન્યૂઝને જણાવ્યું હતું કે, દેશના મોટા સેવા પ્રદાતાઓ તાત્કાલિક પગલાં લેશે, પરંતુ નાની કંપનીઓને ઠની સેવાઓ સ્થગિત કરવા માટે વધુ સમયની જરૂર પડી શકે છે.'

# રોબર્ટ વાડ્રા ખેડૂતોને લઈને અભિનેત્રીના નિવેદન પર ગુસ્સે

### રોબર્ટ વાડ્રા ખેડૂતોને લઈને અભિનેત્રીના નિવેદન પર ગુસ્સે, સંસદમાં રહેવા લાયક નથી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રાએ કંગના રનૌતના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે. કંગના ભાજપના સાંસદ છે, જેના વિશે વાડ્રા કહે છે કે સંસદમાં તેના માટે કોઈ સ્થાન નથી, અને તે તેના માટે લાયક નથી. બોલિવૂડ એક્ટ્રેસમાંથી સાંસદ બનેલી કંગના તેના નિવેદનોને કારણે મીડિયાની હેડલાઈન્સમાં રહે છે અને ખેડૂતો પરના તેના તાજેતરના નિવેદન બાદ તે ફરીથી સમાચારમાં છે.મીડિયા સાથે વાત કરતા રોબર્ટ વાડ્રાએ સાંસદ કંગના રનૌતના નિવેદન પર કહ્યું, "તે એક મહિલા છે. હું તેનું સન્માન કરું છું



પરંતુ મને લાગે છે કે તે સંસદમાં રહેવા માટે લાયક નથી. તે શિક્ષિત નથી. મને લાગે છે કે તે લોકો વિશે વિચારતી નથી., તેઓએ મહિલાઓ વિશે વિચારવું જોઈએ. વાડ્રાએ મહિલાઓની સુરક્ષાના મુદ્દે લોકોને સાથે આવવાની પણ અપીલ કરી હતી.મહિલાઓની સુરક્ષા પર ભાર મૂકતા રોબર્ટ વાડ્રાએ કહ્યું કે તમામ રાજકીય પક્ષોએ સાથે આવવું જોઈએ અને મહિલા સુરક્ષાના મુદ્દા પર વિચાર કરવો જોઈએ. કંગના રનૌતે ગઈ કાલે તેના એક ઈન્ટરવ્યુમાં ખેડૂતો વિશે કથિત રીતે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. ઉદાહરણ તરીકે, ખેડૂતોના મહિનાઓથી ચાલતા વિરોધ અંગે તેમનું માનવું હતું કે જો મજબૂત સરકાર ન હોત તો દેશમાં બાંગ્લાદેશ જેવી સ્થિતિ સર્જાઈ હોત.ચળવળ દરમિયાન, કંગના રનૌતે દાવો કર્યો હતો કે, વિરોધ દરમિયાન "મૃતદેહ લટકાવવામાં આવ્યા હતા" અને "બળાત્કાર" થઈ રહ્યા હતા. સત્તાધારી ભાજપના સાંસદે વધુમાં દાવો કર્યો હતો કે આ આંદોલન પાછળ અમેરિકા અને ચીન જેવા દેશોનું ષડયંત્ર છે. આ અંગે વિરોધ પક્ષોએ કંગના અને ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારને ઘેરવાનું શરૂ કર્યું. ઉદાહરણ તરીકે, કંગનાના નિવેદનને લઈને વિપક્ષી પાર્ટીઓ ભાજપ સરકાર પર ખેડૂત વિરોધી અને મહિલા વિરોધી હોવાનો આરોપ લગાવી રહી છે.




વડાપ્રધાન મોદીએ ૩૧ ઓગસ્ટના રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ત્રણ વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી બતાવી હતી.

## Covidની બીજી લહેર માટે તૈયાર રહે ભારત!




। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

યુએસ અને દક્ષિણ કોરિયા સહિત ઘણા દેશોમાં કોવિડના કેસોમાં વધારા વચ્ચે, એક નિષ્ણાંતે કહ્યું કે ભારતે કોવિડની બીજી લહેર માટે તૈયાર રહેવું જોઈએ. અમેરિકાના ૨૫ રાજ્યોમાં કોવિડનો ચેપ વધી રહ્યો છે. દક્ષિણ કોરિયામાં પણ કોવિડના કેસ વધી રહ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, આ વર્ષે જૂન અને જુલાઈ વચ્ચે ભારતમાં કોવિડ-૧૯ના ૯૦૮ નવા કેસ અને બે મૃત્યુ નોંધાયા છે. શિવ નાદર યુનિવર્સિટી, નોઈડાના વાઈરોલોજિસ્ટ પ્રોફેસર દીપક સહગલે કહ્યું કે, વાયરસ ચોક્કસપણે ફરીથી ઉભરી આવ્યો છે. કોવિડનો તાજેતરનો પ્રકોપ કેપી વેરિઅન્ટને કારણે થયો છે, જે ઓમિક્રોન વેરિઅન્ટથી સંબંધિત છે. જો કે ભારતમાં સ્થિતિ ગંભીર નથી, પરંતુ આપણે તેના માટે સંપૂર્ણ રીતે તૈયાર રહેવું પડશે. ભારતમાં, KP.2 variant પહેલીવાર ડિસેમ્બર ૨૦૨૩માં ઓડિશામાં મળી આવ્યો હતો.

## અપહરણકર્તા બાળકનો પિતા બન્યો! હેડ કોન્સ્ટેબલ પ્રેમમાં ભિખારી બન્યો હતો



। (એજન્સી) જયપુર, તા.૩૧ ।

એક વર્ષ પહેલા જયપુરમાં એક બાળકના અપહરણના કેસમાં પોલીસે અપહરણકર્તાની ધરપકડ કરી હતી અને ૧૪ મહિના બાદ બાળકને તેની માતાને સોંપ્યો હતો. પરંતુ જ્યારે પોલીસે આરોપી તનુજ ચાહરની ધરપકડ કરી અને તેને આગ્રાથી જયપુર લાવ્યો ત્યારે પોલીસ સ્ટેશનની અંદર કંઈક એવું થયું જેણે બધાને ચોંકાવી દીધા. માસૂમ બાળકે ધરતી માતાને બદલે કિડનેપર પાસે જવાની જીદ શરૂ કરી. આટલું જ નહીં બાળકે અપહરણકર્તાને ગળે લગાડ્યો અને જોર જોરથી રડવા લાગ્યો. આ દ્રશ્ય જોઈને ત્યાં હાજર અપહરણકર્તા અને પોલીસકર્મી બંનેની આંખોમાં આંસુ આવી ગયા અને દરેકના મનમાં પ્રશ્ન ઊભો થયો કે બાળકનો અપહરણકર્તા સાથે એવો કેવો સંબંધ છે કે તે માતાને બદલે અપહરણકર્તા સાથે આટલો લાગણીશીલ છે. થતો હતો.વાસ્તવમાં સમગ્ર મામલો પ્રેમ સંબંધ સાથે જોડાયેલો છે. પોલીસનો દાવો છે કે આ વાર્તામાં જે વ્યક્તિને અપહરણકર્તા તરીકે વર્ણવવામાં આવી છે તે બાળકનો પિતા પણ છે. અપહરણ કરનારનું નામ તનુજ ચાહર છે, જે યુપી પોલીસનો સસ્પેન્ડેડ હેડ કોન્સ્ટેબલ છે અને હાલમાં જયપુર પોલીસની નજરમાં બાળકનું અપહરણ કરવાનો આરોપ છે. પરંતુ આ કથિત અપહરણકર્તા દાવો કરી રહ્યો છે કે તે બાળકનો પિતા છે અને બાળક તેને પાછું આપવું જોઈએ. તેનું કહેવું છે કે પોલીસ ભલે તેનો ડીએનએ ટેસ્ટ કરાવે પરંતુ આ બાળક તેનું છે.

### જમ્મુ-કાશ્મીર ચૂંટણી બાદ થશે મોટો ફેરફાર

## લેફ્ટનન્ટ જનરલ પ્રશાંત શ્રીવાસ્તવને નવા કોર્પ્સ કમાન્ડર તરીકે નિયુક્ત કરવામાં આવશે

### ૧૮ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર સુધી ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાવા જઈ રહી છે



।(એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા. ૩૧।

લેફ્ટનન્ટ જનરલ પ્રશાંત શ્રીવાસ્તવ કાશ્મીર ઘાટીમાં સ્થિત ચિનાર કોર્પ્સના નવા કમાન્ડર હશે. પહેલેથી જ, ચિનાર કોર્પ્સ કમાન્ડ કાશ્મીરમાં સતત આતંકવાદ વિરોધી ઓપરેશન ચલાવી રહી છે. હાલમાં લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ ઘાટીમાં ચિનાર કોર્પ્સની કમાન સંભાળી રહ્યા છે. ૧૫ ઓક્ટોબર પછી આ જવાબદારી લેફ્ટનન્ટ જનરલ પ્રશાંત શ્રીવાસ્તવને જશે. આર્મી અધિકારીઓના જણાવ્યા અનુસાર આ નિમણૂક બાદ લેફ્ટનન્ટ જનરલ ઘાઈ આર્મી હેડક્વાર્ટરમાં ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સની ભૂમિકા નિભાવશે. આ સમગ્ર પ્રક્રિયા ૧૫ ઓક્ટોબરના રોજ થશે, જ્યારે જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી પૂર્ણ થયાને બે સપ્તાહ પસાર થશે. તમને જણાવી દઈએ કે રાજ્યમાં ત્રણ તબક્કામાં યોજાઈ રહેલી ચૂંટણી ૧ ઓક્ટોબરના રોજ સમાપ્ત થઈ રહી છે. અહીં ૧૮ સપ્ટેમ્બરથી મતદાન શરૂ થશે. ચૂંટણીના પરિણામો ૪ ઓક્ટોબરે જાહેર થશે. તમને જણાવી દઈએ કે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ ચૂંટણી યોજાઈ રહી છે.લેફ્ટનન્ટ જનરલ શ્રીવાસ્તવને આતંકવાદ વિરુદ્ધ અનેક ઓપરેશનનો અનુભવ છે. તેમણે ઘાટીમાં ઘણી જવાબદારીઓ ખૂબ સારી રીતે નિભાવી છે. આ દરમિયાન સેનાના અધિકારી આર્મી હેડક્વાર્ટર જાય તે પહેલા કાશ્મીર ખીણમાં મોટા પાયે સુરક્ષા દળો તૈનાત કરાવ્યા છે.

### ૨૦૦થી વધુ રિપબ્લિકન્સ

## કમલા હેરિસના સમર્થનમાં ઉતરતાં ડોનાલ્ડ ટ્રમ્પને મળ્યો મોટો ઝાટકો

### જો તે ચૂંટણીમાં જીત મેળવે તો અમેરિકાની પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બની જશે



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૧ ।

ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રપતિ બનવાના અભિયાનને આકરો ઝાટકો આપીને ૨૦૦થી વધુ રિપબ્લિકન્સ હોદ્દેદારો કમલા હેરિસને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. આ ૨૦૦થી વધુ રિપબ્લિકન્સ એવા છે, જે ટ્રમ્પની પાર્ટીના છે, અને ભૂતકાળમાં પૂર્વ રાષ્ટ્રપતિ જોર્જ ડબ્લ્યુ બુશ(પ્રથમ) માટે કામ કરી ચુક્યા છે. આ તમામે પોતાની પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પને બદલે હરિફ ડેમોક્રેટિક પાર્ટીના રાષ્ટ્રપતિના પદના ઉમેદવાર કમલા હેરિસને ચૂંટણીમાં સમર્થન આપ્યું છે. રિપબ્લિકિન અધિકારીઓના સમૂહે ટ્રમ્પના નેતૃત્વને અરાજક ગણાવીને ચેતવણી આપી કે તેમને(ટ્રમ્પ) ફરીથી ચૂંટવા એ આપણા દેશ માટે એક આફત હશે. સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે ડેમોક્રેટિક ઉમેદવાર માટે રિપબ્લિકન અધિકારીઓનું સમર્થન પાંચમી નવેમ્બરે યોજનારી અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીના ૬૮ દિવસ પહેલા આવ્યું છે. આ સમર્થન દર્શાવે છે કે, કમલા હેરિસની લોકપ્રિયતા નિરંતર વધી રહી છે. અમેરિકાના મીડિયા રિપોર્ટ પ્રમાણે રિપબ્લિકન અધિકારીઓના એક સમૂહે એક ખુલ્લો પત્ર જાહેર કરીને ઉદારવાદી રિપબ્લિકન અને રૂઢીવાદી તટસ્થ લોકોને કમલા હેરિસનું સમર્થન કરવા વિનંતી કરી છે. આ પત્રમાં ૨૪૦ રિપબ્લિકિન અધિકારી(ટ્રમ્પની પાર્ટીના)ની સહી છે.

## તંત્રી લેખ...

# મનુષ્ય વાસ્તવમાં માને કે ન માને, થોડો સ્વાર્થી તો હોય જ

લોકો જીવનભર પોતાના કાર્યક્ષેત્રમાં વ્યસ્ત રહે છે. એ દરમ્યાન તેમને એ વિચારવાનો પણ સમય નથી હોતો અને વિચાર પણ નથી આવતો કે અત્યાર સુધી આપણે જીવનમાં શું પામ્યા અને શું ગુમાવ્યું? જ્યારે તેઓ પારિવારિક કે વ્યાવસાયિક દુનિયાદારીથી મુક્ત હોય છે અને ક્યારેક શાંતિથી બેસીને યાદી બનાવે છે ત્યારે જુએ છે કે આટલી ભાગદોડ બાદ આપણે ખરેખર જીવનમાં ઘણું બધું પામ્યા તો ઘણું બધું ગુમાવ્યું પણ ખરું. વિશેષ રૂપે મધ્યમવર્ગીય પરિવાર તો ઘણું બધું પામવાની આશામાં જીવનભર આર્થિક તકાદામાં જ ફસાયેલો રહે છે. મનુષ્ય વાસ્તવમાં માને કે ન માને, થોડો સ્વાર્થી તો હોય જ છે. બીજાની સફળતામાં કેટલા સાચા મનથી ખુશ થઈ શકે છે અને કેટલા આશીર્વાદ આપી શકે છે? એવા સમયમાં જ પોતાના-પારકાનો ભેદ ખબર પડે છે. દરેક જણ વધુને વધુ મેળવવા માગે છે, પરંતુ એટલું જ મેળવી શકશે જેટલું તેની ઝોળીમાં સમાશે. વધુ-વધુની પ્રક્રિયામાં આપણે ઘણું ગુમાવતા જઈએ છીએ. વંચિતોની સહાયતા કરીને તેમના ચહેરા પર ક્ષણિક આનંદ આપણને સંતુષ્ટિ આપે છે. બુઝુર્ગ અને અસહાયની સેવા ખુશીનો અહેસાસ અવશ્ય આપશે. સાચા મનથી સ્વકારીએ તો આ જ ઈશ્વરની અર્ચના છે. ભારતની અવધારણા વસુધૈવ કુટુંબકમ છે. એવામાં જોઈએ તો વિશ્વમાં ગમે ત્યાં યુદ્ધ થાય, તેનાથી વિનાશ સિવાય કશું જ દેખાતું નથી. તેનું પરિણામ માત્ર દુર્દશા, વ્યાધિ અને વિલાપ રૂપે સામે આવે છે. આમ આદમી એ સમજી જ નથી શકતો કે આવી વિભીષિકામાં કોણે શું ગુમાવ્યું, શું મેળવ્યું. દૂર શું જવું, આજે આપણા જ દેશમાં કેટલાક લોકોના બિભત્સ કૃત્યે સમાજને આક્રોશ, ઘૃણા, વિલાપ અને લાચારીથી ઘેરી લીધા છે, જે શાંતિનું પ્રતીક માનવામાં આવે છે. તેને ગુમાવીને, કોણે શું મેળવ્યું. જ્યારે કોઈ કશા સંઘર્ષ વિના બધું જ મેળવી લે છે અને કોઈ સમજૂતી કરવામાં ઘણું ગુમાવી દે છે. આ સ્થિતિમાં સુખી રહેવા માટે બધું જ જવા દો એવો મંત્ર જ એકમાત્ર સાધન છે.

## કર્મચારીઓને ૧૦,૦૦૦ રૂપિયાનું નિશ્ચિત માસિક પેન્શન આપવામાં આવશે

પ્રાથમિક દ્રષ્ટિએ પેન્શનના નવા સુધારાઓ પણ હજુ સર્વસ્વીકૃત નથી. દેશમાં પેન્શન સંદર્ભમાં અનેક મંડળો અસ્તિત્ત્વમાં આવ્યા છે અને એમનાં આંદોલનોએ સરકારની ઊંઘ ઉડાડી છે. જોકે જ્યાં સુધી ભાજપમાં અન્ય પક્ષોનો ટેકો લેવાની પરાધીનતા ન હતી ત્યાં સુધી એના કાનપુરમાં તાળાં હતાં. કોઈની વાત સંભળાતી જ ન હતી, પરંતુ વિપક્ષ સપ્રાણ અને સજીવન થવાથી હવે એનડીએ સરકારના આંખકાન ખુલ્યાં છે. કેન્દ્રીય કેબિનેટે ગયા અઠવાડિયે સરકારી કર્મચારીઓ માટે નવી પેન્શન યોજનાને મંજૂરી આપી છે, જેને યુનિફાઈડ પેન્શન સિસ્ટમ (યુપીએસ) નામ આપવામાં આવ્યું છે. તેનો અમલ ૧ એપ્રિલ, ૨૦૨૫થી થશે. આનાથી તે સરકારી કર્મચારીઓને ફાયદો થશે જેઓ, ૧ જાન્યુઆરી, ૨૦૦૪ પછી નોકરીમાં જોડાયા છે અને જેઓ નવી પેન્શન યોજના (NPS)માં સામેલ છે. યુપીએસ હેઠળ, કેન્દ્ર સરકારના કર્મચારીઓને નિવૃત્તિ પહેલાના ૧૨ મહિનાના સરેરાશ મૂળ પગારના ૫૦ ટકા જેટલું પેન્શન મળશે. આ માટે શરત એ છે કે કર્મચારીએ ઓછામાં ઓછો ૨૫ વર્ષનો સેવાનો સમયગાળો પૂર્ણ કર્યો હોય. ટૂંકા ગાળા માટે કામ કરનારાઓનું પેન્શન ઓછું હશે પરંતુ તેના માટે ઓછામાં ઓછા ૧૦ વર્ષ કામ કરવું જરૂરી રહેશે. ઓછામાં ઓછા ૧૦ વર્ષ સુધી કામ કરનારા કર્મચારીઓને ૧૦,૦૦૦ રૂપિયાનું નિશ્ચિત માસિક પેન્શન આપવામાં આવશે. યુપીએસમાં ફેમિલી પેન્શન પણ મળશે અને મોંઘવારીનું પણ ધ્યાન રાખવામાં આવશે. યુપીએસની મંજૂરી સાથે, સરકારે જૂની પેન્શન યોજના અને નવી પેન્શન યોજનાની વિશેષતાઓને જોડીને મધ્યમ માર્ગ શોધવાનો પ્રયાસ કર્યો છે. કેટલાંક રાજ્યોમાં તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં પેન્શનનો મુદ્દો રાજકીય રીતે સંવેદનશીલ રહ્યો છે. રાજસ્થાન, છત્તીસગઢ અને પંજાબ જેવા કેટલાક રાજ્યો, જ્યાં તે સમયે રાષ્ટ્રીય લોક તાંત્રિક ગઠબંધનની સરકાર ન હતી, જૂની પેન્શન યોજનામાં પાછી આવી. જેના કારણે પેન્શનનો બોજ ભાવિ પેઢીઓ પર પડશે. બીજી તરફ, કેન્દ્ર સરકારે આ મુદ્દાની તપાસ માટે તત્કાલીન નાણા સચિવ ટીવી સોમનાથન હેઠળ એક સમિતિની રચના કરી હતી. OPSથી વિપરીત, જ્યાં UPS હેઠળના લાભો વ્યાખ્યાયિત કરવામાં આવશે, તેણે NPS જેવા ગેરંટીકૃત યોગદાન પણ આપવા પડશે. કર્મચારીઓ તેમના મૂળ પગાર અને મોંઘવારી ભથ્થાના ૧૦ ટકા યુપીએસમાં યોગદાન આપવાનું ચાલુ રાખશે. સરકાર હવે NPSમાં ૧૪ ટકાના બદલે ૧૮.૫ ટકા યોગદાન આપશે. પ્રથમ વર્ષમાં આ વધારાના યોગદાનનો બોજ આશરે રૂ. ૬,૨૫૦ કરોડનો રહેશે, જ્યારે રૂ. ૮૦૦ કરોડની રકમ એક વખતના લેણાં તરીકે ખર્ચવામાં આવશે. NPSની રજૂઆત પછી સ્વૈચ્છિક નિવૃત્તિ લેનારાઓને UPS પર સ્વિચ કરવાનો વિકલ્પ મળશે. આ યોજના રાજ્ય સરકારોના કર્મચારીઓ માટે પણ ઉપલબ્ધ હશે. સરકારે જુની પેન્શન યોજના તરફ પોતાનો ઝુકાવ જાહેર કર્યો છે, પરંતુ કેન્દ્રના દિલમાં ચોખ્ખાઈ નથી અને દાનતમાં કર્મચારી કલ્યાણની ભાવના નથી. જે રીતે બેકારી બેફામ થતી જોઈને સરકારે કરાર આધારિત નોકરી પ્રથા દ્વારા દેશના કરોડો કર્મચારીઓની નોકરીમાં અર્ધ પગાર કે આંશિક પગારનું ભૂત રમતું કર્યું અને શોષણને સત્તાવાર સ્વરૂપ આપ્યું એ જ રીતે પેન્શનમાં પણ સરકાર ન આપવાની વૃત્તિએ બીતા બીતા આપતી હોય એવા સુધારાઓ છે. કેન્દ્ર સરકારે સરકારી કર્મચારીઓમાં પેન્શનને લઈને પ્રવર્તતી અનિશ્ચિતતાને દૂર કરવાનો પ્રયાસ કર્યો છે તે વાત સાચી પણ એ પ્રયાસ નિષ્ઠાહીન હોવાનું દેખાય છે. ખાતરી પૂર્વકના પેન્શન સાથે, તેમને હવે તેમના પેન્શન ફંડની કામગીરી વિશે ચિંતા કરવાની જરૂર નથી. યોગદાનમાં વધારાને કારણે સરકારે વધારાની રકમ ચૂકવવી પડશે. આ સિવાય, જો ભવિષ્યમાં પેન્શન ફંડ એશ્યોર્ડ રકમ આપવા માટે પૂરતું વળતર જનરેટ કરવામાં સક્ષમ ન હોય, તો તેણે આ માટે પણ ભંડોળ ઊભું કરવું પડશે. છતાં, તે OPS કરતાં વધુ સારો વિકલ્પ છે કારણ કે તે ભાવિ પેઢીઓ પર એટલું દબાણ નહીં કરે. જોકે UPSએ સરકારી કર્મચારીઓની ચિંતાઓને દૂર કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ રાજકીય રીતે તેની શું અસર થશે તે જોવું રહ્યું. શક્ય છે કે કેટલાંક રાજ્યો હજુ પણ OPS પર પાછા જાય, કારણ કે તેઓ ટૂંકા ગાળામાં યોગદાનના મોરચે બચત જોશે. જો કે, મેક્રોઈકોનોમિક પરિપ્રેક્ષ્યમાં, આવા મુશ્કેલ સુધારાઓને ઉલટાવી દેવાથી અર્થતંત્ર પર ભારે અસર પડશે.

### અડધુ જીવન તો આમ જ ચાલ્યું જાય છે, અને અંત સમયે જ્યારે સમજાય, ત્યારે સરકતી રેતની ઘડીની જેમ વીતી જાય છે

# ઈન્દ્રિય પર સંયમન એ જ સાચો વિજય બતાવાયો છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**યુગોથી દેવતા પ્રાર્થનાથી મહાદેવ સાથે જોડાયેલા રહેતા, જાતજાતની સ્તુતિને પ્રશંસાથી તે હંમેશા શિવને રીઝવવાનો પ્રયત્ન કરતા, તેવી જ રીતે રાક્ષસો પણ યુગો પહેલા શિવ શંકરને આરાધીને મનોચ્છીત વરદાન પ્રાપ્ત કરતા, કળિયુગમાં માનવ પણ પૂજન, અર્ચન, પ્રાર્થના, વગેરે કરીને શ્રાવણમાં શિવશંકરને રીઝાવે છે, કોઈ અભિષેક કરે, કોઈ મંત્ર જાપ કરે, કોઈ સ્તુતિ સ્તોત્રનું ગાન કરે, તો કોઈ ત્રિગુણ ત્રિકાળનું બિલ્વ ચડાવી શરણાગત બને.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રદ્ધા, આસ્થા, એ તો ફક્ત શાસ્ત્રમાં કે છોકરીના નામ તરીકે જ જાણે હોય તેમ લાગે છે, અને ક્યાંક તેના નામે આડંબર તો ક્યારેક ધર્મની નહીં પણ અંધશ્રદ્ધાની ભાવના. માનવી ધીરે ધીરે વસ્તુ વિનિમય કરતાં કરતાં ભાવનાઓનો વ્યવહાર કરતો થઈ ગયો છે.આ વાત સાર્વજનિક છે, બાકી અપવાદ દરેકમાં હોય તે રીતે સમાજમાં ૨૦ ૩૦ ટકા લોકો સાત્વિક ભાવના વાળા પણ હોય છે, અને તેને કારણે જ સમાજનો થોડો ઘણો સાચો વિકાસ થઈ રહ્યો છે. અટલ વિશ્વાસ એ શંકર, અને સાત્વિકી શ્રદ્ધા એટલે પાર્વતી એવું કહેવાયું છે. એટલે જો સત્યમાં વિશ્વાસ, અને ધર્મમાં શ્રદ્ધા હોય તો શિવ પાર્વતી બંનેનો નિત્ય નિવાસ દેહ દેવળમાં જ આપણે કરી શકીએ, પરંતુ આ નાનું એવું આચરણ આપણાથી શક્ય થતું નથી. મનોમંથનને અંતે એના પણ કંઈ કારણો નીકળ્યા છે, પરંતુ કે કારણોમાં અત્યારે ગયા વગર, મુખ્ય કારણ તેનું અહંકાર રહ્યું છે, તે પ્રતિપાદિત થઈ ચૂક્યું છે, કે જીવ કેટકેટલા સત્યોને જાણતો હોવા છતાં, હંમેશા શિવ થઈને જગતમાં ફરે છે, અને મુસીબતો સામેથી વ્હોરી લેતો હોય છે. અડધુ જીવન તો આમ જ ચાલ્યું જાય છે, અને અંત સમયે જ્યારે સમજાય, ત્યારે સરકતી રેતની ઘડીની જેમ વીતી જાય છે. યુગોથી દેવતા પ્રાર્થનાથી મહાદેવ સાથે જોડાયેલા રહેતા, જાત જાતની સ્તુતિને પ્રશંસાથી તે હંમેશા શિવને રીઝવવાનો પ્રયત્ન કરતા. તેવી જ રીતે રાક્ષસો પણ યુગો પહેલા શિવ શંકરને આરાધીને મનોચ્છીત વરદાન પ્રાપ્ત કરતા. કળિયુગમાં માનવ પણ પૂજન, અર્ચન, પ્રાર્થના, વગેરે કરીને શ્રાવણમાં શિવશંકરને રીઝાવે છે. કોઈ અભિષેક કરે, કોઈ મંત્ર જાપ કરે, કોઈ સ્તુતિ સ્તોત્રનું ગાન કરે, તો કોઈ ત્રિગુણ ત્રિકાળનું બિલ્વ ચડાવી શરણાગત બને. ત્રેતાયુગમાં રાવણ પણ ભગવાન શંકરની આરાધના કરતો હતો, અને તેના પ્રમાણ સ્વરૂપ શિવ તાંડવ સ્તોત્રની રચના તેણે કરી.

**કદા નિલિંપનિર્ઝરી નિકુજકોટરે વસન્**
**વિમુક્તદુર્મતિઃ સદા શિરઃસ્થમંજલિં વહન્ .**
**વિમુક્તલોલલોચનો લલામભાલલગ્નકઃ**
**શિવેતિ મંત્રમુચ્ચરન્ કદા સુખી ભવામ્યહમ્ ૧૩**

ક્યારે હું શ્રી ગંગાજીના કછારકુંજમાં નિવાસ કરીને, નિષ્કપટી થઈને માથા પર અંજલિ ધારણ કરતાં ચંચલ નેત્રોંવાળી લલનાઓંમાં પરમ સુંદરી પાર્વતીજીના મસ્તકમાં અંકિત શિવ મંત્રનું ઉચ્ચારણ કરતાં પરમ સુખને પ્રાપ્ત કરીશ.

**નિલિમ્પ નાથનાગરી કદમ્બ મૌલમલ્લિકા-**
**નિગુમ્ફનિર્ભક્ષરન્મ ધૂષણિકામનોહરઃ .**
**તનોતુ નો મનોમુદં વિનોદિનીંમહનિશં**
**પરિશ્રય પરં પદં તદંગજત્વિષાં ચયઃ ૧૪**

દેવાંગનાઓંના માથામાં ગૂંથેલા પુષ્પોંની માળાઓમાંથી ખરતાં સુગંધમય પરાગથી મનોહર, પરમ શોભાના ધામ મહાદેવજીના અંગોંની સુંદરતા પરમાનંદયુક્ત અમારા મનની પ્રસન્નતાને હંમેશા વધારે છે.



**પ્રચણ્ડ વાડવાનલ પ્રભાશુભપ્રચારણી**
**મહાષ્ટસિદ્ધિકામિની જનાવહૂત જલ્પના.**
**વિમુક્ત વામ લોચનો વિવાહકાલિકધ્વનિઃ**
**શિવેતિ મન્ત્રભૂષગો જગજ્જયાય જાયતામ્ ૧૫**

પ્રચંડ બડવાનલની જેમ પાપોંને ભસ્મ કરવામાં સ્ત્રી સ્વરૂપિણી અણિમાદિક અષ્ટ મહાસિદ્ધિયોં તેમજ ચંચલ નેત્રોંવાળી દેવકન્યાઓંથી શિવ વિવાહ સમયમાં ગાન કરવામાં આવેલ મંગલધ્વનિ બધાં જ મંત્રોંમાં પરમશ્રેષ્ઠ શિવ મંત્રથી પૂરિત, સાંસારિક દુઃખોંને નષ્ટ કરીને વિજય મેળવો.

**ઇમં હિ નિત્યમેવ મુક્તમુક્તમોત્તમ સ્તવં**
**પઠન્સ્મરન્ બ્રુવન્નરો વિશુદ્ધમેતિ સંતતમ્.**
**હરે ગુરૌ સુભક્તિમાશુ યાતિ નાંયથા ગતિં**
**વિમોહનં હિ દેહના સુશંકરસ્ય ચિંતનમ ૧૬**

આ પરમ ઉત્તમ શિવતાંડવ શ્લોકને નિત્ય પ્રતિ મુક્તકંઠથી વાંચવાથી કે તેને સાંભલવાથી સંતતિ વગેરેથી પૂર્ણ હરિ અને ગુરુમાં ભકતિ બની રહે છે. જેમની બીજી ગતિ નથી થતી અને તે શિવની શરણમાં જ રહે છે.

**પૂજાવસાનસમયે દશવક્ત્રગીતં**
**યઃ શમ્ભૂપૂજનમિદં પઠતિ પ્રદોષે.**
**તસ્ય સ્થિરાં રથગજેંદ્રતુરંગયુક્તાં**
**લક્ષ્મી સદૈવ સુમુખીં પ્રદદાતિ શમ્ભુઃ ૧૭**

શિવ પૂજાના અંતમાં આ રાવણકૃત શિવ તાંડવ સ્તોત્રનો પ્રદોષનું સમયે ગાન કરવાથી કે વાંચવાથી લક્ષ્મી સ્થિર રહે છે. રથ ગજ-ઘોડા બધાથી હંમેશા યુક્ત રહે છે. રાવણ રચિત શિવતાંડવ સ્તોત્રનું ગાન આજે પુરું થવા જઈ રહ્યું છે, ત્યારે આપણે રાવણ અવતારનું એક વધુ કારણ જાણીએ. તુલસીદાસજી રામ જન્મના પાંચ હેતુ બતાવે છે, અને પાંચે પરમ વિચિત્ર છે, તેમાં પ્રથમ હેતુ મનુ શતરૂપા, ખૂબ આકરી તપશ્ચર્યા કરીને પુત્ર રૂપે ઈશ્વરનું વરદાન મેળવેલ છે, અને સમય થતા મનુ શતરૂપા દશરથ કૌશલ્યા સ્વરૂપે જન્મીને રામ જેવા પુત્રને પામે છે. બીજો હેતુ હરિના દ્વારપાળ જય અને વિજય બતાવાયા છે. એકવાર હરિ વિશ્રામમાં હતા, અને ફરતા ફરતા સનત કુમારો હરિના દર્શનની ઈચ્છાથી, કોઈની રજા લીધા વગર અંદર પ્રવેશવા જાય છે, અને જય વિજય નામનાં એ દ્વારપાળો તેમને અટકાવે છે. ત્યારે સનત કુમારો તેને શાપિત કરે છે, એ જય વિજય એટલે રાવણ અને કુંભકર્ણ. ત્રીજું કારણ જલંધરની પત્ની વૃંદા એ બહુ મોટી વિષ્ણુ ભક્ત હોય છે, અને તેના પતિવ્રત ધર્મને કારણે જલંધરને મારવો અશક્ય બને છે. આથી ભગવાન વિષ્ણુ જલંધરનું રૂપ લઈ વૃંદાનું સતીત્વ અભડાવે છે, અને સતી વૃંદા ભગવાનને શ્રાપ આપે છે. ચોથું કારણ નારદજી છે, નારદને પોતે કામ પર વિજય પ્રાપ્ત કર્યો છે, એવો અહંકાર આવે છે, અને તે શિવજી પાસે જાય છે કે મેં પણ કામને વશ કર્યો છે. આથી શિવજી તેને વિષ્ણુ ભગવાનને આ વાત કહેવાનીના પાડે છે. પરંતુ નારદજી વિષ્ણુને પણ આ વાત કરે છે, અને ભગવાન તેનો અહંકાર નાબૂદ કરવા વિશ્વ મોહિનીનું રૂપ લે છે. પાંચમું કારણ રાજા પ્રતાપ ભાનું કરીને પૂર્વમાં એક ખૂબ જ પ્રતાપી રાજા થાય છે, અને તેના સત્યની કિર્તીને દોષિત કરવા માટે એક ષડયંત્ર રચાય છે. રાજા પ્રતાપ ભાનું, બ્રહ્મભોજન કરવા માટે બ્રાહ્મણોને આમંત્રણ આપે છે, ત્યારે એ ભોજનમાં માંસાહાર છે, એવી આકાશવાણી થાય છે, અને બધા બ્રાહ્મણો રાજા પ્રાતાપ ભાનુંને શ્રાપ આપે છે. જય અને વિજય નામના દ્વારપાળો એટલે કે રામ જન્મનું એક કારણ બતાવ્યું છે. તેમા એ દ્વારપાળો સનત કુમારોને રોકે છે, એ તેનો સ્થૂળ અર્થ થયો. પરંતુ દરેક જીવમાં આત્મા સ્વરૂપે એક રામ વસેલો છે, તો એ રામ તત્વને ઉજાગર કરવા માટે આપણાં માનસમાં પણ રાવણ અને કુંભકરણ એ બે જય વિજય તરીકે મોજુદ છે. પોતાના પ્રયાસોથી આપણે જે પ્રાપ્ત થાય છે એ જય છે, અને શરણાગત ભાવથી અસ્તિત્વ તરફથી મળતી ભેટ તે વિજય છે. જયના પ્રાપ્ત થવાથી માનસમાં રામજન્મ થતો નથી, પરંતુ કોઈ સિદ્ધ ચરણોમાં શરણાગતિ સ્વીકારીએ તો આપોઆપ જીવનના સમીકરણો બદલાઈ જતા હોય છે, અને જીવ આસાનીથી વિજય પ્રાપ્ત કરે છે. ગીતામાં ઈન્દ્રિયો પરના સંયમનને જ સાચો વિજય બતાવાયો છે.રાવણ સ્વરૂપનું એક પૃથક્કરણ કરતાં તે અહંકાર સ્વરૂપ છે, તો એ અહંકાર જ્યારે નાબૂદ થાય, ત્યારે રામ જન્મ,રામરાજય થાય. અહંકારને જીતવો કે અહંકારને નાબુદ કરવો, એ જીવની હેસિયત બારની વાત છે. આપણે તો જેનાથી આવું સંભવ થયું હોય, તેનાં શ્રીચરણોમાં શરણાગત બની બેસીએ તો આસાનીથી વિજય પ્રાપ્ત થાય છે. રામ અને રાવણ બંને તત્વોને જીવ સદીઓથી ઓળખે છે, અને આપણે આ શ્રાવણના અનુષ્ઠાનમાં રાવણ તત્વને વધુ સ્પષ્ટ કર્યું. અગાઉ પણ લખાયું છે કે અહીં રાવણની આટલી વિસ્તૃત ચર્ચા કરી કે, તેનું મહત્વ બતાવવા કરતા, એ બતાવવા માટે થયું છે, કે આટલો મોટો પંડિત હોવા છતાં તેની દુર્દશાનું કારણ તેનો અહંકાર અને અનીતિ રહ્યા. તો આપણે તો પંડિત પણ નથી, અને મોટેભાગે કાળ આવીને જ્યારે થપાટ મારે ત્યારે આવા બધા જ્ઞાન ઉપલબ્ધ થાય છે,પરંતુ જેવું બધું યથાવત થતું જાય, તેમ પાછું આસાનીથી ભૂલીને જેમ જીવતાં હતાં, તેમ દરેક જીવવા લાગે છે. પણ આપણે આ શ્રાવણીય ભક્તિની ઘડીને સ્મૃતિમા સતત જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે,તો સૌને મારા સ્નેહ વંદન અને જય સીયારામ.

### ગુજરાત રાજસ્થાનના કેટલાક વિસ્તારમાં મેઘરાજાની સારી મહેર છેલ્લે છેલ્લે થતાં ખેડૂતો ચોમાસું વાવેતર કરી શક્યા

# નાગેશ્વર અને ઘુશ્મેશ્વર મહાદેવ જ્યોર્તિ લિંગનો મહિમા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભગવાન ભોળાનાથ સદા શિવે શિવાની ઈચ્છા પ્રમાણે દ્વારુકા વનમાં તેમની દૈવી હાજરી હંમેશ માટે જ્યોતિર્લિંગ તરીકે રહીશ, જે મનુષ્ય મારૂં શ્રધ્ધાથી પૂજન કરશે તે ચક્રવર્તી બનશે, કળીયુગના અંતે અને સત્યયુગના આરંભે મહાસેનનો પુત્ર મારોભક્ત વીર સેન મારા દર્શન થકી ચક્રવર્તી થશે તેવું વચન આપ્યું, પછી શિવપાર્વતી બંને ત્યાં રહયા, તેઓ બંને જ્યોર્તિ લિંગ સ્વરૂપે થયાં.**

શ્રાવણ માસ લગભગ પુરો થવા આવ્યો છે ગુજરાત રાજસ્થાનના કેટલાક વિસ્તારમાં મેઘરાજાની સારી મહેર છેલ્લે છેલ્લે થતાં ખેડૂતો ચોમાસું વાવેતર કરી શકયા. મેઘરાજાના આ વર્ષે શરૂઆતના રિસામણાને કારણે પશુપાલકો ગૌશાળા પાંજરાપોળ સંચાલકોમાં ઘાસચારાની વિકટ પરિસ્થિતિ ઊભી થવાનો ભય હતો. દેવોના દેવ સદા શિવ ભોળા નાથ રહેમ દ્રષ્ટિ કરી.એક બાજુ કાળઝાળ મોંઘવારી અને બીજી બાજુ પરિવારની સારસંભાળ ભરણ પોષણની જવાબદારીથી માનવ જીવ વિહવળ બન્યો છે. હવામાન ખાતાની આગાહીઓ વચ્ચે આકાશમાં ઘુમરાતા વાદળો વાવાઝોડા આસાનની અસર કેવી હશે? ત્યારે સદા શિવ મહાદેવ ભોળાનાથ શંભુની કૃપાથી વાવા ઝોડું આસાન ઓમાન તરફ ફંટાઈ જતાં રાજયમાં રાહતની લાગણી છવાઈ છે. ભોળા શંભુને પ્રાર્થના સહ આજે શ્રાવણ વદ ચૌદસના રવિવારના દિવસે શ્રાવણ માસમાં શિવ મહિમા-૨૬ માં નાગેશ્વર અને ઘુશ્મેશ્વર મહાદેવ જ્યોર્તિલિંગનો મહિમા જાણીએ. આવતીકાલે સોમવતી અમાસ સાથે શ્રાવણ માસ પૂરો થશે. આ વર્ષે શ્રાવણ માસની શરૂઆત સોમવારથી અને પૂર્ણાહુતિ પણ સોમવારે એટલે શિવ ભક્તિમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં સૌરાષ્ટ્રના દરિયા કિનારા પર દ્વારકા શહેર અને બેટ દ્વારકા ટાપુ વચ્ચેના માર્ગ પર સ્થિત આ મહત્વ પૂર્ણ ભગવાન શિવ મંદિર છે. તે ભૂગર્ભ અભયા રણ્યમાં, વિશ્વમાં ૧૨ જયોતિર્લિંગમાંનું એક છે, એક બેઠક ભગવાન શિવની ૨૫ મીટર લાંબી મૂર્તિ અને તળાવ વાળા એક વિશાળ બગીચો આ જગ્યાએ શત સ્થાનનું મુખ્ય આકર્ષણ છે. કેટલાક પુરાતત્વીય ખોદકામ સ્થળે પાંચ પહેલાના શહેરોનો દાવો કરે છે.નાગેશ્વરને 'દારુકાવન તરીકે ઓળખવામાં આવતુંહોવાનું માનવામાં આવે છે, જે ભારતમાં જંગલનું પ્રાચીન મહાકાવ્ય નામછે નીચે આ રહસ્યમય મંદિર સાથે જોડાયેલ જાણીતી દંતકથા છે. જે અનુસાર બાલખિ લિયસા, વામન સંતોના એક જૂથ લાંબા સમયથી દારુકાવનમાં ભગવાન શિવની ઉપાસના કરે છે, તેમની ભક્તિ અને ધૈર્યની ચકાસણી કરવા માટે, શિવ તેમના શરીર પર નાગ(સર્પન્ટ)પહેર્યા નાગ સંવેદના તરીકે આવ્યાં હતાં. સંતોની પત્નીઓએ સંતને આકર્ષિત કર્યા અને તેમના પતિ ને પાછળ છોડીને તેમની પાછળ ગયાં.સંતો એ આથી ખૂબ જ અસ્વસ્થ અને ગુસ્સે થઈ ગયા. તેઓએ ધીરજ ગુમાવી અને તેમના લિંગને છૂટા કરવા માટે શુકાણુને શ્રાપ આપ્યો. શિવલિંગ પૃથ્વી પર પડી ગયો અને આખું જગત ભભુકી ગયું. ભગવાન બ્રહ્મા અને ભગવાન વિષ્ણુ ભગવાન શિવ પાસે આવ્યાં તેમને પૃથ્વીને વિનાશમાંથી બચાવ વા અને તેમની લિંગ પાછી લેવા વિનંતીકરી.શિવાએ તેમને દિલાસો આપ્યો અને તેમની લિંગ પાછી લીધી. ભગવાન ભોળાનાથ સદા શિવે શિવાની ઈચ્છા પ્રમાણે દ્વારુકા વનમાં તેમની દૈવી હાજરી હંમેશ માટે જયોતિર્લિંગ તરીકે રહીશ, જે મનુષ્ય મારૂં શ્રધ્ધાથી પૂજન કરશે તે ચક્રવર્તી બનશે. કળીયુગના અંતે અને સત્યયુગના આરંભે મહાસેનનો પુત્ર મારોભક્ત વીર સેન મારા દર્શન થકી ચક્રવર્તી થશે તેવું વચન આપ્યું,પછી શિવપાર્વતી બંને ત્યાં રહયા.તેઓ બંને જ્યોર્તિ લિંગ સ્વરૂપે થયાં. શિવ નાગેશ્વર અને શિવ નાગેશ્વરી નામે પ્રસિદ્ધિ પામ્યાં અને લોકોની કામના પૂર્ણ કરવા લાગ્યા. હિંદુ સંસ્કૃતિમાં, વિવિધ સ્થળોએ ઘણાં મંદિરો છે અને દરેક મંદિર પાછળ કેટલીક વાર્તાઓ છે. એવું પણ માનવામાં આવે છે કે ઘણા વર્ષો પહેલા તેઓ વિશ્વમાં રહેતા હતા. ૐ અને કેટલીક વિચિત્ર વસ્તુઓ બની હતી. કેટલાકના વૈજ્ઞાનિક કારણો પણ છે અને કેટલાક હજુ પણ એક મોટો પ્રશ્ન છે જે આજના વિજ્ઞાન દ્વારા પણ જાહેર કરી શકાયું નથી.ઘૃષ્ણેશ્વર મહાદેવનું મંદિર મહારાષ્ટ્રમાં ઔરંગાબાદ નજીક દૌલતાબાદથી ૧૧ કિમી દૂર આવેલું છે. તે બાર જ્યોતિર્લિંગોમાંનું એક છે. કેટલાક લોકો તેને ઘુશ્મેશ્વરના નામથી પણ બોલાવે છે. બૌદ્ધ ભિક્ષુઓએ બનાવેલી પ્રખ્યાત ઈલોરા ગુફાઓ આ મંદિરની નજીક આવેલી છે. આ મંદિરનું નિર્માણ દેવી અહિલ્યા બાઈ હોલકરે કરાવ્યું હતું. શહેરથી દૂર આવેલું આ મંદિર સાદગીથી ભરેલું છે. બાર જ્યોતિ લિંગોમાંનું એક જ્યોતિર્લિંગ છે. તેને ઘૃષ્ણેશ્વર, ઘુસુમેશ્વર અથવા ઘૃષ્ણેશ્વર પણ કહેવામાં આવે છે. તે મહારાષ્ટ્ર રાજયના દૌલતાબાદ થી બાર માઈલ,વેરુલગાંવ નજીક આવેલું છે.આ જ્યોતિર્લિંગ વિશે પુરાણો માં આ વાર્તા વર્ણવવામાં આવી છે. દક્ષિણ દેશમાં દેવગિરી પર્વત પાસે સુધર્મ નામનો એક ખૂબ જ તેજસ્વી તપોનિષ્ઠ બ્રાહ્મણ રહેતો હતો. તેમની પત્નીનું નામ સ્નેહા હતું, બંનેને એકબીજા માટે ઘણો પ્રેમ હતો. તેને કોઈ પણ પ્રકારની જ્યોતિ ષીય ગણતરીઓ પરથી જાણવા મળ્યું કે સુદેહાના ગર્ભ માંથી કોઈ બાળકનો જન્મ થઈ શકતો નથી સુદેહાને સંતાનની ખૂબ ઈચ્છા હતી.તેણે સુધર્મને તેની નાની બહેન સાથે ફરીથી લગ્ન કરવા વિનંતી કરી. પહેલા સુધર્મને આ ગમ્યું નહી. પરંતુ અંતે તેને પત્નીના આગ્રહ સામે ઝુકવું પડ્યું. તેઓ તેમની વિનંતીને ટાળી શક્યા નહીં, તેણે તેની પત્નીની નાની બહેન ઘ્રુષ્ના સાથે લગ્ન કર્યા અને તેને ઘરે લાવ્યો. ઘુશ્મા ખૂબ જ નમ્ર અને સદાચારી સ્ત્રી હતી. તે ભગવાન શિવના વિશિષ્ટ ભક્ત હતા.તે દરરોજ એકસો એક પાર્થિવ શિવ લિંગ બનાવતી અને સાચા હૃદયથી તેની પૂજા કરતી. થોડા દિવસો પછી, ભગવાન શિવની કૃપાથી. તેમના ગર્ભમાંથી એક ખૂબ જ સુંદર અને સ્વસ્થ બાળક નો જન્મ થયો. બાળકના જન્મ સાથે સુદેહા અને ઘુષ્મા બંનેને આનંદનો પાર ન રહ્યો.બંને દિવસો સુખમય પસાર થઈ રહ્યા હતા. પણ મને ખબર નથીકે થોડાદિવસો પછી સુદેહાના મનમાં એક ખરાબ વિચાર કેવી રીતે જન્મ્યો.તે વિચારવા લાગી,આ ઘરમાં મારું કંઈ નથી.બધું ઘુશ્માનું છે. અત્યાર સુધીમાં સુદેહાના મનના અશુભ અંકુર એક વિશાળ વૃક્ષનું રૂપ ધારણ કરી ચૂક્યા હતા. તેણે મારા પતિનો પણ કબજો લઈ લીધો. બાળક પણ તેનું છે.ધીમે ધીમે આ દુષ્ટ વિચાર તેના મનમાં વધવા લાગ્યો અહીં ઘુશ્માનો તે ક્યારેય મોટો થઈ રહ્યો હતો. ધીરે ધીરે તે યુવાન થયો, તેણે લગ્ન પણ કરી લીધા.આખરે એક દિવસ સુદેહાએ ઘુષ્માના યુવાન પુત્રને રાત્રે સૂતી વખતે મારી નાખ્યો. તેમના મૃતદેહને લઈને, તેણે તે જ ફેંકી દરરોજ પૃથ્વીના શિવલિંગનું વિસર્જન કરતી હતી.સવારે બધાને આ વાત ની ખબર પડી.આખા ઘરમાં અંધા ધુંધી હતી.સુધર્મા અને તેની પુત્ર વધુ બંને માથું મારતા,રડવા લાગ્યા પરંતુ ઘુશ્મા હંમેશની જેમ ભગવાન શિવની પૂજામાં મગ્ન હતા. જાણે કશું જ ન થયું હોય. પૂજા પૂર્ણ કર્યા પછી, તે તળાવમાં પાર્થિવ શિવલિંગ છોડવા ગઈ. જયારે તે તળાવમાંથી પરત આવવા લાગી ત્યારે તેનો પ્રિય લાલ તળાવમાંથી બહાર આવતો જોવા મળ્યો હતો. તે હંમેશની જેમ આવ્યો અને ઘુશ્મા ના પગે પડ્યો. જાણે નજીકમાં ક્યાંકથી આવી રહી હોય. તે જ સમયે ભગવાન શિવ પણ ત્યાં પ્રગટ થયા અને ઘુષ્માને વરદાન માંગવા લાગ્યા. સુદેહાના જઘન્ય કૃત્યથી તેને ખૂબ ગુસ્સો આવ્યો. તે પોતાના ત્રિશૂળ વડે તેનું ગળું કાપવા આતુર જણાતો હતો. ઘુષ્કાએ હાથ જોડીને ભગવાન શિવને કહ્યું- 'ભગવાન! જો તમે મારાથી પ્રસન્ન છો, તો મારી કમનસીબ બહેનને માફ કરો. ચોક્કસ તેણે બહુ જ ઘોર પાપ કર્યુ છે પણ તમારી દયા થી મને મારો પુત્ર પાછો મળ્યો છે. હવે તેને અને પ્રભુને માફ કરો તકલીફ ન હતી. પરંતુ તેમને કોઈ સંતાન ન હોતું. મારી બીજી એક પ્રાર્થના છે, લોકોના કલ્યાણ માટે, તમે આ સ્થાન પર કાયમ નિવાસ કરો.' ભગવાન શિવે તેમની આ બંને બાબતોનો સ્વીકાર કર્યો. જયોતિર્લિંગના રૂપમાં પ્રગટ થઈને તેઓ ત્યાં નિવાસ કરવા લાગ્યા. સતી શિવભક્ત ઘુશ્માના આરાધ્ય હોવાને કારણે તેઓ અહીં ઘુશ્મેશ્વર મહાદેવ તરીકે પ્રખ્યાત થયા. ઘુશ્મેશ્વર જયોતિ લિંગનો મહિમા પુરાણોમાં ખૂબ જ વિગત વાર વર્ણવવામાં આવ્યો છે. તેમની ફિલસૂફી જગત અને મૃત્યુ પછીના જીવન બંને માટે નિરંતર ફળદાયી છે.આવતીકાલે સોમવતી અમાસનો મહિમા જાણીશું. સદા શિવ ભગવાન ભોળાનાથ દેવાધિ દેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે.

# મલયાલમ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓને થતી સમસ્યાઓ અંગે હેમા કમિટીના રિપોર્ટ

મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આજકાલ યૌન ઉત્પીડનના આરોપોને કારણે ખળભળાટ મચી ગયો છે. ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓને થતી સમસ્યાઓ અંગે હેમા કમિટીના રિપોર્ટ સામે આવ્યા બાદ વધુ અભિનેત્રીઓ બોલી રહી છે અને મલયાલમ સિનેમાના ઘણા મોટા નામો પર યૌન ઉત્પીડનના આરોપો લાગ્યા છે. પરંતુ હવે જે મામલો સામે આવ્યો છે તે તેનાથી પણ વધુ ચોંકાવનારો છે. એક મલયાલમ અભિનેતાએ ફિલ્મ નિર્માતા રંજીથ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. અભિનેતાએ રંજીત પર જાતીય શોષણનો આરોપ લગાવ્યો છે અને તેની ફરિયાદમાં કહ્યું છે કે નિર્દેશકે તેને તેના કપડાં ઉતારવા દબાણ કર્યું હતું. એક યુવાન મલયાલમ અભિનેતાએ આરોપ લગાવ્યો છે કે કેરળના ફિલ્મ નિર્માતા રંજીથ પારે તેને ૨૦૧૨માં ઓડિશન માટે બેંગ્લોરની એક હોટલમાં આમંત્રણ આપ્યું હતું. દિગ્દર્શકે તેણીને તેના કપડા ઉતારવા દબાણ કર્યું અને તેનું યૌન શોષણ કર્યું. અભિનેતાએ એમ પણ કહ્યું છે કે તેને લાગ્યું કે આ બધું ફિલ્મ ઓડિશનનો એક ભાગ છે. આરોપોમાં અભિનેતાએ કહ્યું કે જાતીય શોષણ પછી બીજા દિવસે સવારે રંજીતે તેને પૈસાની ઓફર પણ કરી હતી. કેરળ પોલીસના જણાવ્યા અનુસાર, અભિનેતાએ પોલીસ મહાનિર્દેશક અને SITને તેની ફરિયાદ આપી છે. આ બાબતને તપાસમાં સામેલ કરવામાં આવનાર છે. હેમા કમિટીના અહેવાલ બાદ કેરળ સરકારે મલયાલમ ઉદ્યોગમાંથી ઉભરી રહેલા જાતીય સતામણીના આરોપોની તપાસ માટે વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે. આ S.I.T. ચાર વરિષ્ઠ મહિલા પોલીસ અધિકારીઓ પણ સામેલ છે અને તે મલયાલમ સિનેમાના મોટા નામો સામે જાતીય સતામણીના કેસોની તપાસ કરી રહી છે. હેમા કમિટીના રિપોર્ટ સામે આવ્યા બાદ એક બંગાળી અભિનેત્રીએ રંજીત પર ગેરવર્તણૂકનો આરોપ લગાવ્યો હતો.

# મિર્ઝાપુર ૩ઃ બોનસ એપિસોડના નામે ડિલીટ કરેલા સીન દર્શાવતા મેકર્સ

## મિર્ઝાપુર ૩ઃ બોનસ એપિસોડના નામે ડિલીટ કરેલા સીન દર્શાવતા મેકર્સ

એમેઝોન પ્રાઈમ વિડિયોનો શો 'મિર્ઝાપુર' ચાહકોમાં લોકપ્રિયતાનું એક અલગ સ્તર ધરાવે છે. બહુ ઓછા શોમાં એવી ધામધૂમ જોવા મળી છે કે જે પહેલી સિઝનથી જ લોકો તેના માટે પાગલ થઈ ગયા છે. અને તેનું મુખ્ય કારણ મુન્ના ત્રિપાઠીનું પાત્ર છે. દિવ્યેન્દુ શર્મા દ્વારા ભજવવામાં આવેલા આ પાત્રે ચાહકોમાં ભારે ક્રેઝ ઉભો કર્યો છે. 'મિર્ઝાપુર'ના હીરો ગુડ્ડુ પંડિતની વાર્તામાં મુન્ના ખલનાયક છે, પરંતુ તેમ છતાં આ પાત્રમાં એટલા બધા શેડ્સ છે કે તે ગુડ્ડુ કરતાં થોડો વધુ લોકપ્રિય છે તેમ કહી શકાય. તેથી, શોની બીજી સીઝનની વાર્તામાં આ પાત્રનું મૃત્યુ ચાહકો માટે આઘાત સમાન હતું. ચાહકોએ સિદ્ધાંત આપ્યો હતો કે નિર્માતાઓ આવા લોકપ્રિય પાત્રને આ રીતે મારી શકતા નથી અને ત્રીજી સીઝનમાં, સંભવ છે કે મુન્ના ભૈયાને કોઈક એંગલથી વાર્તામાં પાછા લાવવામાં આવે. 'મિર્ઝાપુર ૩'ની પોતાની વાર્તા હતી અને ઘણા ચાહકો માટે આ શોની શાનદાર સિઝન હતી. મસલમેનની મસલ પાવર બતાવવામાં નિષ્ફળ ગયેલો આ એપિસોડ રાજનીતિ બતાવવામાં સફળ રહ્યો, પરંતુ શોના ડાઈ-હાર્ડ ફેન્સની નજરમાં મુન્ના ભૈયાની ગેરહાજરી શોમાં 'ભૌકાલ' ફેક્ટરનું કારણ બની ગઈ. ઘટતું અને આ જ કારણ છે કે જ્યારે 'મિર્ઝાપુર ૩'ના બોનસ એપિસોડની જાહેરાત કરવામાં આવી ત્યારે ચાહકો ખૂબ જ ખુશ હતા કે કદાચ મુન્ના ભૈયાને જોવાની તેમની ઈચ્છા આખરે પૂરી થઈ શકે. સારા સમાચાર એ છે કે બોનસ એપિસોડ આવી ગયો છે અને તમે ફરી એકવાર મુન્ના ભૈયાની ભાઈકાલને સ્ક્રીન પર અનુભવી શકો છો. નિર્માતાઓએ 'મિર્ઝાપુર ૩' ના કાઢી નાખેલા દ્રશ્યો મુન્ના ભૈયાના સૌજન્યથી લોકો સમક્ષ રજૂ કર્યા છે, પરંતુ આ દ્રશ્યોમાં કંઈ ખાસ રોમાંચક નથી. 'મિર્ઝાપુર ૩' માં, મુન્ના ભૈયાનું પાત્ર વાર્તામાં પાછું આવ્યું નથી, નિર્માતાઓએ ફક્ત આ પાત્રનો ઉપયોગ કાઢી નાખેલા દ્રશ્યોને વર્ણવવા અને વાતાવરણ બનાવવા માટે કર્યો છે. શોના ચાહકો માટે વફાદારીની રોયલ્ટી સાથે પરત ફરેલ મુન્ના ત્રિપાઠી પંડિત પરિવારની વાતચીતથી ડિલીટ કરેલા સીન શરૂ કરે છે. આ સીનમાં રોબિન (પ્રિયાંશુ પૈન્યુલી), ડિમ્પી પંડિત (હર્ષિતા ગૌર), ગુડ્ડુ પંડિત (અલી ફઝલ) અને વસુધા પંડિત (શીબા ચઢ્ઢા) છે. ગુડ્ડુ તેની માતાને કહી રહ્યો છે કે પિતા પાછા ફર્યા નથી અને ડિમ્પી-રોબિન દંપતીને શુભેચ્છાઓ આપીને જતા રહ્યા છે. પછીનું ડિલીટ કરેલું સીન ગોલુ (શ્વેતા ત્રિપાઠી)નું છે, જેમાં તે એ જ કોલેજમાંથી છોકરાઓની ભરતી કરી રહી છે જેમાં તે પોતે ભણતી હતી. મુન્ના ભૈયાનો અહીં ચોક્કસપણે ઉલ્લેખ છે. પરંતુ તે માત્ર એક ઉલ્લેખ છે અને તેનાથી વધુ કંઈ નથી. ડિલીટ કરાયેલા તમામ સીનમાંથી કદાચ સૌથી રસપ્રદ સીન એ છે કે રાધિયા (પ્રશંસા શર્મા)નું પાત્ર મુન્ના ત્રિપાઠી દ્વારા છોડવામાં આવેલ શરાબ ચાખી રહ્યું છે. 'મિર્ઝાપુર ૩'માં આપણે જોયું કે રાધિયાએ ધીમે ધીમે ડ્રગ્સ અને મસલમેનના કાળા કારોબારમાં રસ લેવાનું શરૂ કર્યું છે.




# આ અભિનેતાએ અક્ષય કુમાર પછી પાન મસાલાની એડ નકારી


પાન મસાલા જાહેરાતોને સમર્થન આપવા વિશે સેલેબ્સ વચ્ચે ઘણીવાર ચર્ચા થતી રહી છે. અજય દેવગન, રિતિક રોશન, ટાઈગર શ્રોફ, શાહરૂખ ખાન હજુ પણ ફ્લેવર્ડ ઈલાયચીની જાહેરાતમાં જોવા મળે છે. અક્ષય કુમાર પણ જોવા મળ્યો હતો, પરંતુ હવે તેણે પાન મસાલાની જાહેરાતોથી દૂરી બનાવી લીધી છે. તાજેતરમાં રિતિક રોશનને આવા સમર્થનનો ભાગ બનતા જોઈને લોકો ગુસ્સે થતા જોવા મળ્યા હતા. હવે સમાચાર આવી રહ્યા છે કે પાન મસાલા બ્રાન્ડ દ્વારા આર માધવનનો સંપર્ક કરવામાં આવ્યો છે. પરંતુ આર માધવને તેને સમર્થન આપવાનીના પાડી દીધી છે. તેણે આ જાહેરાતને ફગાવી દીધી છે. માધવનને આ માટે મોટી રકમની ઓફર પણ કરવામાં આવી હતી, પરંતુ તેણે ના પાડી દીધી હતી. તે પોતાની જાતને કોઈપણ પ્રકારના પાન મસાલા સાથે સંકળાયેલા નથી જોતા. માધવન તેના દર્શકો પ્રત્યેની જવાબદારી સમજે છે. આવી સ્થિતિમાં, તે એવી કોઈ પણ વસ્તુ સાથે જોડાવા માંગતો નથી જે તેના દર્શકોને નુકસાન પહોંચાડે. સૂત્રના જણાવ્યા અનુસાર, પાન મસાલા કંપની પોતાની બ્રાન્ડને વધુ લોકો સુધી લઈ જવાનો પ્રયાસ કરી રહી હતી. આ સ્થિતિમાં તે એક મોટો ચહેરો જોઈ રહી હતી. કંપનીએ આર માધવનને એન્ડોર્સમેન્ટ માટે મોટી રકમની ઓફર પણ કરી હતી, પરંતુ અભિનેતાએ સ્પષ્ટપણે ના પાડી દીધી હતી. જોકે, કંપની હવે ફરી એક એવા મોટા ચહેરાની શોધમાં છે જે તેમના માટે આ જાહેરાતો કરી શકે. તાજેતરમાં, જ્હોન અબ્રાહમે પાન મસાલા ઉમેરનારા સેલેબ્સ માટે એક ક્લાસનું આયોજન કર્યું હતું. તેણે કહ્યું- હું મારા તમામ કો-સ્ટાર્સ અને મિત્રોનું સન્માન કરું છું. હું તેની નજીક છું. પરંતુ પાન મસાલા ઉમેરવા માટે હું ક્યારેય તેમના વખાણ કરીશ નહીં. હું ક્યારેય કોઈના જીવન સાથે રમવા માંગતો નથી. વર્કફન્ટની વાત કરીએ તો આર માધવન માટે વર્ષ ૨૦૨૪ ઘણું સારું રહ્યું.

**શ્રેણી જોયા પછી તમે આશ્ચર્યચકિત થઈ જવાના છો**

# કેડેટ્સ રિવ્યુઃ કેડેટ્સ જૂની વાર્તામાં નવો વળાંક


## મનોરંજન ઉદ્યોગમાં, આર્મ ફોર્સ પર આધારિત ફિલ્મો અને શ્રેણીઓ દર બીજા મહિને રિલીઝ થાય છે

દર બીજા મહિને, મનોરંજન ઉદ્યોગમાં ભારતીય સેના પર આધારિત ફિલ્મો અને શ્રેણીઓ રિલીઝ થાય છે. હવે આ યાદીમાં કેડેટ્સના નામ પણ સામેલ થઈ ગયા છે. કેડેટ્સની વાર્તા તમને ૧૯૯૮ના યુગમાં લઈ જાય છે. આ એ જ વર્ષ હતું જ્યારે કેટલાક યુવાનો પુણેની કાલ્પનિક આર્મ્ડ ફોર્સિસ એકેડમીમાં સૈન્યની તાલીમ લેવા માટે પૂરા ઉત્સાહ સાથે આવ્યા હતા. શ્રેણીની વાર્તા ચાર અલગ-અલગ પાત્રો મનોજ મિત્રા (તનય છેડા), આલ્બર્ટ મારક (તુષાર શાહી), નીરજ તોમર (ગૌતમ ગુજ્જર) અને રણધીર ધનુઆ (ચયન ચોપરા)ની આસપાસ ફરે છે. આ ચારેય બાળકોએ બાળપણથી જ દેશ માટે કંઈક કરવાનું સપનું જોયું છે. આર્મ એકેડમીમાં જોડાયા બાદ ચારેયને અનેક કાર્યો અને પરેશાનીઓમાંથી પસાર થવું પડ્યું છે. આ દરમિયાન તેમની વચ્ચે પ્રેમની સાથે ઝઘડા પણ થાય છે. આગળની વાર્તા જાણવા માટે તમારે શ્રેણી જોવી પડશે. આ સિરીઝ નાના છોકરાઓ આર્મીમાં જોડાવાની વાર્તા પર આધારિત છે. આ ચારેય સિરીઝમાં સૈનિકો તરીકે ફિટ દેખાતા નથી. સ્ક્રીન પર તેમને જોઈને એવું લાગે છે કે ૧૧મા કે ૧૨મા ધોરણના બાળકો સેનામાં જોડાયા છે. આ બધા સારા કલાકારો છે, જેઓ અભિનયમાં પ્રતિભા ધરાવે છે, પરંતુ ખબર નહીં કેમ તેઓ ચાર કેડેટ્સના પાત્રોમાં ફિટ નથી થતા. જો કે આ ચારેય સિરીઝમાં પૂરી ઈમાનદારી સાથે પોતાનું કામ કર્યું છે. જ્યારે તમે કોઈ ફિલ્મનું ટ્રેલર જુઓ છો, ત્યારે તે જોવાનું ખૂબ જ પ્રભાવશાળી હોય છે. પરંતુ જ્યારે ફિલ્મ રીલિઝ થાય છે, ત્યારે તેની વાર્તા મનને ડૂબાડી દે છે. કેડેટ્સની વાર્તા પણ આવી જ છે. સશસ્ત્ર દળો પર અત્યાર સુધી એટલી બધી શાનદાર શ્રેણીઓ બનાવવામાં આવી છે કે કેડેટ્સને જોયા પછી એક જ પ્રશ્ન મનમાં આવે છે કે તે શા માટે બનાવવામાં આવી હતી. શ્રેણીની વાર્તા હોય કે સિનેમેટોગ્રાફી, બધું જ નબળું લાગે છે. આર્મ એકેડમી પર આધારિત સિરીઝમાં રોમાન્સ પણ જોવા મળે છે, જેની કોઈ જરૂર જણાતી નથી. શ્રેણીમાં એક પણ એપિસોડ નથી જે તમને સ્ટોરી લાઈન સાથે જોડે. પહેલા એપિસોડની શરૂઆત એટલી કંટાળાજનક છે કે તેને આગળ ચાલુ રાખવાની હિંમત નથી થતી.વિશ્વજોય મુખર્જી દ્વારા નિર્દેશિત આ શ્રેણી સશસ્ત્ર દળોમાં આપવામાં આવતી તાલીમ અને સજા પર આધારિત છે. શ્રેણીમાં ૮ એપિસોડ છે. એક એપિસોડ ૨૫ થી ૩૦ મિનિટ લાંબો છે. જો તમે અપેક્ષાઓ સાથે આ શ્રેણી જોશો, તો તમને નિરાશ જ થશે. બાકીના સપ્તાહાંતમાં તેને જોવું કે નહીં તે તમારી પસંદગી છે.




# ઈમરજન્સીનું સેન્સર સર્ટિફિકેટ રદ કરવાની કરી અપીલ


બોલિવૂડ અભિનેત્રી અને બીજેપી સાંસદ કંગના રનૌત જ્યારથી તેની ફિલ્મ 'ઈમરજન્સી'નું ટ્રેલર રિલીઝ થયું છે ત્યારથી વિવાદોમાં છે. ટ્રેલર રિલીઝ થયા બાદ પંજાબમાં ફિલ્મનો વિરોધ થયો હતો અને તેના પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી. 'ઈમરજન્સી' પર શીખ સમુદાયને ખોટી રીતે રજૂ કરવાનો આરોપ છે, જે તેમની છબીને 'અપમાનજનક' છે. હવે શિરોમણી અકાલી દળના દિલ્હી યુનિટે પણ કંગનાની 'ઈમરજન્સી' સામે મોરચો ખોલ્યો છે. પાર્ટીના દિલ્હી યુનિટના પ્રમુખે ફિલ્મને લઈને સેન્સર બોર્ડ અને કંગનાના પ્રોડક્શન હાઉસને નોટિસ મોકલી છે. શિરોમણી અકાલી દળના દિલ્હી એકમે નોટિસમાં કહ્યું છે કે કંગના રનૌત 'તેના શીખ વિરોધી રેટરિક માટે કુખ્યાત છે' અને તેણે 'શીખ સમુદાયને નિશાન બનાવવા માટે ઈમરજન્સીનો વિષય પસંદ કર્યો છે.' માહિતી અનુસાર, નોટિસમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, 'ફિલ્મનું ટ્રેલર ખોટા ઐતિહાસિક તથ્યો દર્શાવે છે, જે ન માત્ર શીખ સમુદાયને ખોટા પ્રકાશમાં રજૂ કરે છે પરંતુ નફરત અને સામાજિક અશુભતાને પણ પ્રોત્સાહન આપે છે. આવું ચિત્રણ માત્ર ગેરમાર્ગે દોરનારું નથી પણ પંજાબ અને સમગ્ર દેશના સામાજિક માળખા માટે અપમાનજનક અને નુકસાનકારક પણ છે. આ નોટિસમાં ફિલ્મ સેન્સર બોર્ડ અને બોર્ડના અધ્યક્ષને તાત્કાલિક અસરથી ફિલ્મનું સેન્સર સર્ટિફિકેટ રદ કરવા અને તેની રિલીઝને રોકવાની અપીલ કરવામાં આવી છે. શિરોમણી અકાલી દળના દિલ્હી યુનિટે પણ આ નોટિસમાં કહ્યું છે કે આ ફિલ્મ સમુદાય વિવાદોમાં વધારો કરી શકે છે અને ખોટી માહિતીને પ્રોત્સાહન આપી શકે છે. કંગનાની ફિલ્મ 'ઈમરજન્સી'નું ટ્રેલર રિલીઝ થયા બાદ જ પંજાબના ભટિંડામાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનકારીઓએ કંગનાનું પૂતળું પણ બાળ્યું હતું.



**દર મહિને હવે ૪ લાખ રૂપિયા અલગથી કમાશે**

# કાર્તિકએ તેનો ૧૭ કરોડ રૂપિયાનો ફ્લેટ ભાડે લીધો

બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન પોતાની ફિટનેસને લઈને ખૂબ જ ચર્ચામાં છે. કાર્તિકે ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' માટે જે બોડી બનાવી છે તે અદ્ભુત લાગે છે. પરંતુ આ વખતે કાર્તિક અન્ય કારણોસર ચર્ચામાં છે. એટલે કે, કાર્તિકે તેનો જુહુમાં લગભગ ૧૮ કરોડ રૂપિયાનો એપાર્ટમેન્ટ ભાડે આપ્યો છે. કાર્તિકે આ એપાર્ટમેન્ટ લગભગ ૪.૫ લાખ રૂપિયા પ્રતિ મહિનાના ભાડા પર આપ્યું છે. સ્ક્વેર યાર્ડના હિસાબે રૂ. ૪૨,૫૦૦ની સ્ટેમ્પ ડ્યુટી પર નોંધણી કરવામાં આવી છે. તે ૧,૯૧૨ ચોરસ ફૂટમાં બનેલ છે અને તે સિદ્ધિવિનાયક પ્રેસિડેન્સી કો-ઓપરેટિવ હાઉસિંગ હેઠળ આવે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે કાર્તિક આર્યનએ આ એપાર્ટમેન્ટ ખરીદ્યું હતું અને ૩૦ જૂન ૨૦૨૪ના રોજ તેનું રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેણે તેની માતા માલા તિવારી સાથે મળીને ૧૭.૮ કરોડ રૂપિયાની આ પ્રોપર્ટી ખરીદી હતી. ૧.૦૫ કરોડની સ્ટેન્ડ ડ્યુટી ચૂકવવામાં આવી હતી. અને રજીસ્ટ્રેશન ફી ૩૦ હજાર રૂપિયા હતી. તેણે તેમાં બે વાહનો માટે પાર્કિંગ ખરીદ્યું હતું. જુલાઈ ૨૦૨૩ માં, કાર્તિકના માતાપિતાએ આ હાઉસિંગ પ્રોજેક્ટ હેઠળ ૮મા માળે એક ફ્લોર ખરીદ્યો હતો, જેની કિંમત ૧૬.૫ કરોડ રૂપિયા હતી. આ હાઉસિંગ સોસાયટી જુહુમાં આવેલી છે. અહીં ઘણા સેલેબ્સ રહે છે. અહીંથી લક્ઝરી હાઈ રાઈઝ સી વ્યૂ ઉપલબ્ધ છે. અહીં સેલેબ્સ ઉપરાંત બિઝનેસમેન અને પ્રોફેશનલ્સ રહે છે. જાવેદ અખ્તરે અહીં એક એપાર્ટમેન્ટ પણ ખરીદ્યું હતું. તમને જણાવી દઈએ કે કાર્તિક આર્યન ભારતના સૌથી લોકપ્રિય અને બેંકેબલ સ્ટાર્સમાંથી એક છે. તેણે 'સોનુ કે ટીટુ કી સ્વીટી', 'પ્યાર કા પંચનામા' અને 'ભૂલ ભુલૈયા ૨' જેવી સુપરહિટ ફિલ્મો આપી છે. કાર્તિક આર્યનની સોશિયલ મીડિયા પર પણ મજબૂત ફેન ફોલોઈંગ છે. નવી પેઢીમાં કાર્તિકની લોકપ્રિયતા વધી રહી હોય તેવું લાગી રહ્યું છે. 'ચંદુ ચેમ્પિયન'માં કાર્તિકે આપેલું પ્રદર્શન ખરેખર પ્રશંસનીય છે. કાર્તિક આર્યન ટૂંક સમયમાં જ દિવાળીની આસપાસ રિલીઝ થનારી ફિલ્મ 'ભૂલ ભૂલૈયા ૩'માં જોવા મળશે. આમાં તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.



**ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા થોડા દિવસો માટે ભારત આવી હતી**

# સેટ પર ઉતાર-ચઢાવનો સામનો કરવો પડ્યો



ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા થોડા દિવસો માટે ભારત આવી હતી. ભાઈ સિદ્ધાર્થ ચોપરાએ નીલમ ઉપાધ્યાય સાથે સગાઈ કરી છે. બંને જલ્દી લગ્ન કરવા જઈ રહ્યા છે. પ્રિયંકાએ કહ્યું- મેં 'ધ બ્લફ'નું શૂટિંગ ઓસ્ટ્રેલિયામાં કર્યું છે અને લગભગ આ વર્ષ મેં ત્યાં વિતાવ્યું છે , આવી સ્થિતિમાં પ્રિયંકા તેના ભાઈ અને ભાવિ ભાભીને આશીર્વાદ આપવા એકલી ભારત આવી હતી. તેણે પોતે આ સમય ગાળાના ઘણા વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. પ્રિયંકા તેના નવા પ્રોજેક્ટ 'ધ બ્લફ' માટે પણ ચર્ચામાં છે. હાલમાં જ વોગ ઈન્ડિયા સાથેની વાતચીતમાં પ્રિયંકાએ સેટ પરના ખરાબ દિવસો અને ઉતાર-ચઢાવ વિશે વાત કરી હતી. પ્રિયંકાએ કહ્યું- મેં 'ધ બ્લફ'નું શૂટિંગ ઓસ્ટ્રેલિયામાં કર્યું છે અને લગભગ આ વર્ષ મેં ત્યાં વિતાવ્યું છે. એવા સમયે આવે છે જ્યારે મને ખરાબ લાગે છે. મને નીચું લાગે છે. પરંતુ હું મારી જાતને કામ ચાલુ રાખવા દબાણ કરું છું. ''હું મારી જાતને નસીબદાર માનું છું કે હું હજી પણ સક્રિય છું અને કામ કરું છું. બીજા બધાની જેમ, મારા જીવનમાં પણ ખરાબ દિવસો છે, પરંતુ હું મારી જાતને માત્ર એક જ વસ્તુ યાદ કરાવું છું, તે એ છે કે હું વિશેષાધિકૃત છું. કે હું કામ કરી રહ્યો છું. હવે જ્યારે હું ઘરે પાછો ફરું છું, ત્યારે હું મારી લાગણીઓને બાજુએ મૂકી દઉં છું અને તેમની સાથે વ્યવહાર કરવાનો પ્રયાસ કરું છું.'' પ્રિયંકાએ કહ્યું કે મારી માતા અને પુત્રી ઓસ્ટ્રેલિયામાં મારી સાથે રહ્યા હતા. પણ સાચું કહું તો ક્યારેક અહીં તેની સાથે રહેવું મારા માટે મુશ્કેલ હતું, કારણ કે મારી બધી વસ્તુઓ મારાથી દૂર હતી. હું અહીં એકલતા અનુભવી રહ્યો હતો. મારા પતિ નિક આ દિવસોમાં પ્રવાસમાં વ્યસ્ત છે, પરંતુ તે હંમેશા મારી અને માલતી સાથે સમય પસાર કરવાનો પ્રયાસ કરે છે. તેથી તેણે મુસાફરી ચાલુ રાખી. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો પ્રિયંકા ચોપરા 'ધ બ્લફ'માં ચાંચિયાની ભૂમિકા ભજવતી જોવા મળશે. આ ફિલ્મ ૧૯મી સદીના કેરેબિયન પર આધારિત છે અને તે ભૂતપૂર્વ મહિલા ચાંચિયાની વાર્તા પર આધારિત છે.

**જો તમે કોઈ માણસને તમને સ્પર્શ કરવા દો છો**

# અભિનેતા વિશાલની મહિલાઓને સલાહ

અભિનેતા અને નિર્માતા વિશાલે તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓની સુરક્ષા અંગેના તેમના મંતવ્યો શેર કર્યા. તેમણે કહ્યું કે મહિલાઓએ જે વ્યક્તિ તેમનું શોષણ કરે છે તેને થપ્પડ મારવી જોઈએ અને જો તેમની સાથે કંઈ ખોટું થાય તો તેમણે તરત જ ફરિયાદ કરવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે તમિલનાડુનું એક્ટર્સ એસોસિએશન નદીગર સંગમ ટૂંક સમયમાં મહિલા કલાકારોને મદદ કરવા માટે એક પ્લેટફોર્મ બનાવશે, જેના પર તેઓ ફરિયાદો નોંધાવી શકશે. વિશાલે કહ્યું, 'આ માત્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જ નહીં પરંતુ તમામ ઈન્ડસ્ટ્રીમાં થઈ રહ્યું છે. મહિલાઓનું શોષણ આજકાલ સામાન્ય બાબત બની ગઈ છે. મહિલાઓ અને છોકરીઓ ઘણી મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી પસાર થાય છે. ઘણા આ વિશે વાત કરતા નથી. હેમા કમિટીના રિપોર્ટ અને આ ફરિયાદો પર જરૂરી પગલાં લેવા જોઈએ. આ ફરિયાદોની સત્યતાની પણ તપાસ થવી જોઈએ. ઘણા લોકો પ્રસિદ્ધિ માટે ખોટા આક્ષેપો પણ કરે છે. વિશાલે જ્યારે શોષણનો સામનો કરવો પડે ત્યારે મહિલાઓએ કેવી પ્રતિક્રિયા આપવી જોઈએ તે અંગેની સૂચનાઓ પણ આપી હતી. તેણે કહ્યું, 'જો કોઈ તમને સ્પર્શ કરે તો પણ તેને ચપ્પલ વડે મારજો. તેઓ અટકશે. તે ફરી ક્યારેય કોઈ સ્ત્રીને સ્પર્શ કરવાનું વિચારશે નહીં. તમારી ફરિયાદ દાખલ કરવામાં વર્ષો ન લો. ચિંતા કરવા જેવું શું છે? તમને શું ડર લાગે છે? તમે ફરિયાદ નોંધાવતાની સાથે જ પોલીસ યોગ્ય કાર્યવાહી કરશે. અભિનેતાએ આગળ કહ્યું, 'જો તમે કોઈ માણસને તમને સ્પર્શ કરવા દો છો, તો થોડી પ્રતિક્રિયા આવશે. આ પ્રતિક્રિયા તમારી સંમતિથી અથવા ભયથી પણ થઈ શકે છે. જો તમને લાગે છે કે તમારી સાથે દુર્વ્યવહાર થશે તો આગળ આવો અને તમારો અવાજ ઉઠાવો અથવા તે વ્યક્તિને થપ્પડ મારશો. તેણીને આશ્ચર્ય થાય છે કે તે માણસ તેના પરિવાર અને ભવિષ્ય સાથે શું કરશે. વિશાલે એમ પણ કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ભાગ બનવા માટે લોકોએ સમાધાન કરવું પડે છે. તેણે કહ્યું, 'ઘણા લોકો ઈન્ડસ્ટ્રીમાં આવવા ઈચ્છે છે પરંતુ તેમને તક મળતી નથી. તેમને મોકો મેળવવા માટે આ બધું કરવું પડે છે. તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નથી. આ એક ખરાબ પરિસ્થિતિ છે. તેમણે એમ પણ કહ્યું કે શોષણ કરનારને સજા મળવી જ જોઈએ. તેમણે કહ્યું, 'કાયદો કડક હોવો જોઈએ. આવા લોકો જેલમાં જાય છે અને પછી ૧૦ દિવસમાં પાછા આવે છે અને તે જ કામ ચાલુ રાખે છે. શું સાઉદી અરેબિયામાં આવું કંઈક થઈ શકે? જો તે ત્યાં હશે તો પુરુષો માટે વસ્તુઓ ખૂબ જ અલગ હશે.



# આતરસુંબા ખાતે લીમડાના ઝાડની બખોલમાં એક સાથે પચાસ ઈંડાથી લોકોમાં કૂતુહલ

## કોઈ કહે છે અજગરના ઈંડા, કોઈ કહે મોરના ઈંડા..? ગામમાં થતી તરહ તરહની ચર્ચાઓ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૩૧ ।

કપડવંજ તાલુકાના આતરસુંબા ખાતે આવેલ સરકારી પશુ દવાખાનામાં વર્ષો જૂના અને વિશાળકાય વૃક્ષો આવેલા હતા. પરંતુ મોટાભાગના વૃક્ષો કાળક્રમે નાસ પામ્યા છે. હાલ પણ પશુદવાખાનામાં કેટલાક વૃક્ષો આવેલા છે. જેમાં વર્ષો પુરાણા એક લીમડાના મોટા સુકાઈ ગયેલા વૃક્ષના થડની બખોલમાં ગઈ કાલે કેટલાક સ્થાનિકોએ કોઈ સ્તનધારી જનાવરના આશરે પચાસ જેટલા ઈંડા એકસાથે જોતા ગામના આગેવાન અને જીવદયા પ્રેમી રાજેશભાઈ શર્માને જાણ કરી હતી. એક સાથે લીમડાના સુકા થડની બખોલમાં આશરે પીસ્તાલીસ થી પચાસ સફેદ કલરના મરઘીના ઈંડાં આકારના ઈંડા જોઈ લોકોમાં કૂતુહલ સર્જાયું છે. કોઈ કહે છે અજગરના ઈંડા છે, કોઈ કહે છે મોરના ઈંડા છે. આવી તરહ તરહની વાતો થઈ રહી છે. પરંતુ શેના ઈંડા છે તેની કોઈને ખબર નથી. વનવિભાગના નિષ્ણાંતને જ ખબર પડે કે આ શેના ઈંડા છે.

આતરસુંબા સરકારી પશુ દવાખાનામાં આવેલ સુકાઈ ગયેલ મોટા લીમડાના ઝાડની લગભગ એક ફૂટ બાય એક ફૂટથી ઓછી જગ્યાના મુખવાળી, જમીનથી લગભગ અઢી ફૂટ ઉંચાઈએ, મોટી બખોલમાં આ આશરે પચાસ જેટલા સફેદ કલરના ઈંડા કોઈ જનાવરે યા પક્ષીએ મૂક્યા હોવાનું હાલ તો લોકો અનુમાન લગાવી રહ્યા છે. કોઈ કહે છે મરઘીના ઈંડા, કોઈ મોરના તો કોઈ અજગરના ઈંડા એવી જાતજાતની વાતો લોકમુખે થઈ રહી છે. નિષ્ણાંતોની મદદથી આ શેના ઈંડા છે તે જાણી શકાય. પરંતુ હાલ તો આ ઈંડાઓ વિશે આતરસુંબામાં કુતુહલ સાથે તરેહ તરેહ વાતો અને અનુમાન લોકો લગાવી રહ્યા છે. મોટી સંખ્યામાં લોકો કુતુહલવશ ઈંડા જોવા દોડી ગયા હતા.

# ઝાલોદની આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમનું કરવામાં આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ ।

ઝાલોદની શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે ઝાલોદ પોલીસ સ્ટેશન દ્વારા ''રોડ કર્ટસી કેમ્પેઈન અભિયાન'' અંતર્ગત ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં દાહોદ આર. ટી. ઓ ઓફિસર સાહેબશ્રી આર. એ. વાઘેલા, ઝાલોદ પી.એસ.આઈ. સાહેબશ્રી એમ. એમ. માળી તેમજ ઝાલોદ એ.એસ.આઈ. રેખાબેન નીસરતાએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો થી અવગત કર્યા હતા તેમજ ટ્રાફિકના નિયમોનું ચુસ્ત રીતે પાલન કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્ય શ્રી મધુકર પટેલ સાહેબના માર્ગદર્શનમાં કરવામાં આવ્યું. આ કાર્યક્રમના આયોજનમાં કોલેજના એન.સી.સી. અને એન.એસ.એસ. સહિત તમામ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# 'ડેમોક્રેસી ઈન એક્શન : એ કેસબૂક ઓન ઈન્ડિયન ઈલેક્શન્સ' નું રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે વિમોચન કરાયું



। (માહિતી) ગાંધીનગર, તા.૩૧ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ 'ડેમોક્રેસી ઈન એક્શન : એ કેસબૂક ઑન ઈન્ડિયન ઈલેક્શન્સ' નું વિમોચન કર્યું હતું. રાજ્ય ચૂંટણી કમિશનર શ્રી સંજય પ્રસાદ, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના ડાયરેક્ટર પ્રોફેસર ડૉ. એસ. શાંતાકુમાર, આસિસ્ટન્ટ પ્રોફેસર અનામિકા શુક્લ અને અભિલાષ અરુણ સપ્રે લિખિત આ અંગ્રેજી પુસ્તકમાં ચૂંટણી પ્રક્રિયા સંદર્ભે થયેલા કેસો અને ભારતની સર્વોચ્ચ અદાલતે આપેલા આખરી ચુકાદાનું વિગતવાર વિવરણ છે. આ પુસ્તકમાં મે-૨૦૨૪ સુધીના ૧૨૨ જેટલા મહત્વના કેસોનું અભ્યાસ પૂર્ણ આલેખન છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ લેખકોને અભિનંદન આપતાં આ અવસરે કહ્યું કે, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઊભા થતા પ્રશ્નોના નિરાકરણ માટે આ પુસ્તક પ્રમાણિત દસ્તાવેજ બની રહેશે. ચૂંટણી તંત્ર દ્વારા સત્યતાના આધારે ત્વરિત અને યથાર્થ નિર્ણય લેવાતા હોય છે, ત્યારે આ પુસ્તક સંદર્ભ ગ્રંથ તરીકે સંલગ્ન અધિકારીઓને નિર્ણય લેવામાં ખૂબ જ મદદરૂપ થશે. તેમણે કહ્યું કે, સુપ્રીમ કોર્ટના ચૂંટણી કેસો પરના મહત્વના જજમેન્ટ વકીલોને અને કાયદાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ ઉપયોગી થશે.

રાજભવનમાં આ પુસ્તકના વિમોચન અવસરે લેખકો સાથે રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા અને રાજ્યના અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કાયદાકીય કૌશલ્યની પ્રસ્તુતિ : ગુજરાત યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સલન્સમાં મૂટ કોર્ટ અભ્યાસ

## સેન્ટર ઓફ એક્સેલન્સ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી ખાતે ઇન્ટ્રા કોલેજ મુટ કોર્ટ એક્સરસાઇઝ યોજાયેલ



। (માહિતી) અમદાવાદ, તા.૩૧ ।

સેન્ટર ઓફ એકસેલન્સ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી ખાતે દ્વિદિવસીય ઈન્ટ્રા કોલેજ મુટ કોર્ટ એક્સરસાઈઝ-૨૦૨૪ નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બીકોમ.એલએલ.બી. (હોનર્સ) માં અભ્યાસ કરતાં વિધાર્થીઓ પૈકી કુલ ૧૩ ટીમ (૧ ટીમ જેમાં ૨ મુટર્સ અને ૧ રિસર્ચર દ્વારા બનેલ ૩ ની ટીમનો સમાવેશ થતો હતો.) એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કવાયત ના પ્રથમ દિવસે સર્વે ટીમોએ પ્રિલિમનરી રાઉન્ડમાં પોતાની કાયદાકીય કળાનું પ્રદર્શન કર્યું હતું. નિર્ણાયક તરીકે સદર કોલેજના અધ્યાપકશ્રીઓએ ન્યાયોચિત ભુમિકા ભજવી હતી અને તેમાથી ટોચ ક્રમાંક પામેલી કુલ ૬ ટીમોએ બીજા દિવસે યોજાયેલ ફાઈનલ રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો હતો. ફાઈનલ રાઉન્ડમાં શિવમ ત્રિપાઠી, દિશા કરકર અને દક્ષ ઠક્કર ની ટીમએ પ્રથમ સ્થાન તથા કુશ દવે, આન્યા પાલિવાલ અને પ્રેરણા પંચાલ ની ટીમએ દ્વિતીય સ્થાન હાસિલ કર્યું હતું. સદર કવાયતમાં બેસ્ટ મુટર તરીકે કુશ દવે, બેસ્ટ રિસર્ચર તરીકે ધ્યાની પુરોહિત તથા બેસ્ટ મેમોરિયલનો ખિતાબ ખુશી પટેલ, પ્રિયાન્શું ત્રિપાઠી અને પ્રિયંકા મજુમદારની ટીમે પ્રાપ્ત કર્યો હતો. સદર કવાયતનું સફળતાપૂર્વક આયોજન સેન્ટર ઓફ એકસેલન્સ, સ્કૂલ ઓફ લો, ના અધ્યાપકો રવિ અધ્વર્યું, મમતા ચૌધરી તથા પ્રીતિ રત્નુના સક્ષમ માર્ગદર્શન હેઠળની મુટ કોર્ટ કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કવાયત નો મુખ્ય ઉદ્દેશ્ય કાયદાના વિધાર્થીઓને અદાલતની કાર્યરીતિ, સંશોધન કુશળતા તથા વકીલાતની આંટીઘૂંટીઓ અંગે પરિચય પુરું પાડવાનો હતો.

# વલસાડના પારનેરાની સાર્વજનિક માધ્યમિક શાળામાં વન ઔષધી વનસ્પતિનું પ્રદર્શન જિલ્લા શિક્ષણાધિકારીના હસ્તે ખુલ્લુ મુકાયુ



। (માહિતી) વલસાડ, તા.૩૧ ।

વલસાડ તાલુકાના પારનેરા ગામની સાર્વજનિક માધ્યમિક શાળા ખાતે વન ઔષધી વનસ્પતિઓનું પ્રદર્શન, અગત્સ્ય અને અતુલ ફાઉન્ડેશનના સહયોગથી રાખવામાં આવ્યું હતુ. જેમાં વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ડો.રાજેશ્રીબેન ટંડેલના હસ્તે પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. તેમના દ્વારા ઔષધી વનસ્પતિની માહિતી અને ઓપન લેબ પ્રોજેક્ટની માહિતી આપી સાથે સાથે સંવેદના પેટીની સમજ બાળકોને ઉંડાણપૂર્વક આપી હતી. ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાની તૈયારી માટેની માહિતી પણ આપવામાં આવી. શાળાના કોમ્પ્યુટર લેબનું ઉદઘાટન પણ એમના હસ્તે કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ઈલેક્ટ્રોનિક્સ અને એપરલ જેવા વોકેશનલ સબ્જેક્ટની લેબની પણ મુલાકાત લીધી હતી. આ સમયે શાળાના પ્રમુખશ્રી રાજુભાઈ પટેલ તથા ગામના સરપંચશ્રી ભરતભાઈ પટેલ, શાળાના આચાર્યશ્રી કિરીટકુમાર શાળાના શિક્ષકો તેમજ અગત્સ્યના રીઝનલ હેડ નિમેષભાઈ પટેલ (નવસારી) અને અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. આ તબક્કે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ડો.રાજેશ્રીબેન ટંડેલનો શાળા પરિવાર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# રાજ્યના ૨૦૬માંથી ૧૦૮ જળાશયો સંપૂર્ણ ભરાતા હાઈ એલર્ટ જાહેર

## ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૮૫ ટકાથી વધુ જળસંગ્રહ



। (માહિતી) ગાંધીનગર, તા.૩૧ ।

રાજ્યમાં મેઘરાજાની મહેરના પરિણામે ૨૦૬ જળાશયોમાંથી ૧૦૮ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા જ્યારે ૪૪ જળાશયો-ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય રાજ્યના ૨૦ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે ૨૨ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૧૨ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયા છે.

આ સિવાય ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૨,૮૬,૩૮૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૫ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૪,૩૨,૫૦૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૭૭.૨૧ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. આમ કુલ ૨૦૭ જળાશયોમાં ૮૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ રાજ્યમાં સાવત્રિક વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવર યોજનામાં ૧.૮૬ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૧.૭૮ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જ્યારે ઉકાઈમાં ૬૨ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૪૬ હજારની જાવક, વણાકબોરી જળાશયમાં ૨૬ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૨૬ હજારની જાવક, કડાણામાં ૨૧ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૨૦ હજારની જાવક તેમજ ભાદર-૨માં ૧૬ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૧૬ હજાર ક્યુસેક પાણીની જાવક નોંધાઈ છે.

આ ઉપરાંત સૌથી વધુ મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૯૩ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૮૭ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૮૧ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૭૭ ટકા, જ્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૪૮ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે. આમ સરદાર સરોવર સહિત ૨૦૭ જળાશયોમાં અત્યાર સુધીમાં ૮૦ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહાયો છે. ગત વર્ષે આ સમયે આ ૨૦૭ જળાશયોમાં ૭૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો હતો તેમ, જળ સંપત્તિ વિભાગની યાદીમાં વધુમાં જણાવ્યું છે.

# કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ KVI ક્ષેત્રની કામગીરી અને ખાદી મહોત્સવ, ૨૦૨૪ની તૈયારીઓની સમીક્ષા કરી



। નવી દિલ્હી, તા.૩૧ ।

કેન્દ્રીય MSME મંત્રી શ્રી જીતનરામ માંઝી અને MSME રાજ્ય મંત્રી, સુશ્રી શોભા કરંદલાજેએ KVICના અધ્યક્ષ શ્રી મનોજ કુમારની સાથે કેવીઆઈ ક્ષેત્રના પ્રદર્શન અને દેશમાં ખાદીને પ્રોત્સાહન આપવા માટે ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC) દ્વારા ઓક્ટાબર, ૨૦૨૪ દરમિયાન આયોજિત થનારી સમીક્ષા બેઠક કરી, જેમાં MSME સચિવ, MSME સંયુક્ત સચિવ (એઆઈઆઈ), MSME, કેવીઆઈસીના સીઈઓ અને MSME મંત્રાલય અને કેવીઆઈસીના અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા. કેન્દ્રીય મંત્રીએ યોજનાઓના અમલીકરણ પર કેન્દ્રીત દ્રષ્ટિકોણના માધ્યમથી પ્રયાસોને વધુ ઊંડો અને વિસ્તૃત બનાવવા તથા ખાદીના વ્યાપક પ્રચાર અને પ્રસારની જરૂરિયાત પર ભાર આપ્યો, કે જેથી લોકોને ખાદીના કપડા પહેરવા માટે પ્રોત્સાહિત કરી શકાય અને ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર નિર્માણમાં યોગદાન આપી શકાય.

# નર્મદા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા પાણીના ટાંકીઓમાં ક્લોરીનેશનની કામગીરી હાથ ધરાઈ

। (માહિતી) નર્મદા, તા.૩૧ ।

ચોમાસા દરમિયાન ભારે વરસાદના નુકશાનના કારણે મેલેરીયા, ટાઈફોડ, કોલેરા જેવા રોગચાળો જોવા મળતા હોય છે. ત્યારે નર્મદા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા અગમચેતીના ભાગરૂપે દરેક ગામોના લોકોને પ્રાધાન્ય આપી આરોગ્યલક્ષી કામગીરીઓ હાથ ધરવામા આવી છે. નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા લોકોને ધ્યાને રાખીને દરેક તાલુકાઓના ગામોમાં આરોગ્ય વિભાગની જુદી જુદી ટીમો બનાવવા આવી છે. આ ટીમો થકી ગામોમાં પાણીજન્ય રોગચાળો ન ફેલાઈ તે માટે પાણીના ટાંકીમાં ક્લોરીનેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. નાગરીકોને ઘર-આંગણે પીવાનું પાણી ક્લોરીનયુક્ત મળે તે માટે પેટા આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો સહિત આરોગ્યની ટીમ દ્વારા ગામના પીવાના પાણીના ટાંકામા ક્લોરીનેશન કરવામાં આવેલ છે. ઉપરાંત દવા છંટકાવ, એન્ટિલાર્વા,દવા છંટકાવ કામગીરી, બીપી ડાયાબિટીશ તપાસ, ક્લોરિન ગોળી, ફોગિંગ સહિતની કામગીરી હાથ ધરાઈ છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. જનકકુમાર માઢકે ગામમાં કોઈ વ્યક્તિને તાવ કે ઝાડા-ઉલ્ટીની તકલીફ હોય તો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા આશા વર્કર-આંગાણવાડી કે ફિમેલ હેલ્થ વર્કરનો સંપર્ક કરવા નાગરિકોને અપીલ કરી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. આજે તમારા મધુર પ્રેમ જીવનમાં તમને અદભુતતાનો સ્વાદ માણવા મળશે. આજે તમે આખો દિવસ ખાલી રહી શકો છો અને ટીવી પર ઘણી મૂવીઝ અને પ્રોગ્રામ જોઈ શકો છો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે અને શક્ય હોય તો ધૂમ્રપાન કરતા મિત્ર સાથે ઊભાં ન રહો કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. પત્ની સાથે ખરીદી અત્યંત માણવાલાયક હશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. આજે તમારી કોઈ ખરાબ ટેવ તમારા પ્રેમી ને ખરાબ લાગી શકે છે અને તેઓ તમારી સાથે ગુસ્સે થઈ શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપ ેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. મિત્રો તથા પ રિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે સતત હકારાત્મક રીતે વિચારવાનો તમારો ગુણ તમને વળતર અપાવશે. કેમ કે તમે તમારા પ્રયાસમાં સફળ થવાના છો. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમારી પત્ની પરનો કામનો બોજ ઘટાડવા ઘરના કામકાજમાં તેની મદદ કરજો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. મોટી વયની વ્યક્તિની તબિયત ચિંતાનું કારણ બનશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો. આજે, રાત્રે, તમારે ઘર ના લોકો થી દૂર થવું અને તમારા ઘર ની છત અથવા પાર્ક પર ચાલવું ગમશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રોજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપ શે. તમારા સાથીદારની ગેરહાજરીમાં તેની હાજરી વર્તાવાની શક્યતા છે.

## CJIએ કહ્યું, 'મહિલા અધિકારોની મજબૂત રક્ષક'

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

ત્રણ વર્ષ સુધી સુપ્રીમ કોર્ટમાં ફરજ બજાવનાર જસ્ટિસ હિમા કોહલી ૧ સપ્ટેમ્બરે નિવૃત્ત થવા જઈ રહ્યા છે. તેણીને 'કામ કરતી મહિલાઓના અધિકારોની મજબૂત રક્ષક' તરીકે ઓળખવામાં આવશે. જસ્ટિસ કોહલીને ૨૧ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ સુપ્રીમ કોર્ટમાં બઢતી આપવામાં આવી હતી. અગાઉ, તેઓ દિલ્હી હાઈકોર્ટમાંથી તેલંગાણા હાઈકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ તરીકે ઉન્નત થયા હતા.સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, સીજેઆઈ ચંદ્રચુડે કહ્યું, 'જસ્ટિસ કોહલી સાથે બેસીને ખૂબ જ આનંદ થયો. અમે ખૂબ ગંભીર વિચારો પર વાત કરી છે અને ચર્ચા કરી છે. એવી ઘણી વખત આવી છે જ્યારે તેણે મને સપોર્ટ કર્યો છે. હિમા, તમે માત્ર એક મહિલા ન્યાયાધીશ જ નહીં પરંતુ મહિલા અધિકારોની કટ્ટર રક્ષક પણ છો.તેમને ૨૦૦૬માં દિલ્હી હાઈકોર્ટના એડિશનલ જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તે ૨૦૦૭માં કાયમી જજ બની હતી. જસ્ટિસ હિમા કોહલીના રાજીનામા પછી, સુપ્રીમ કોર્ટમાં માત્ર બે મહિલા જજ રહી જશે - જસ્ટિસ બીવી નાગરથના અને બેલા એમ ત્રિવેદી. સુપ્રીમ કોર્ટમાં મુખ્ય ન્યાયાધીશ સહિત ૩૪ જજોની મંજૂર સંખ્યા છે.જસ્ટિસ હિમા કોહલીનું બાળપણ દિલ્હીમાં વીત્યું હતું. તેમણે તેમનું પ્રારંભિક શિક્ષણ સેન્ટ થોમસ સ્કૂલમાંથી મેળવ્યું હતું અને દિલ્હી યુનિવર્સિટીની સેન્ટ સ્ટીફન્સ કોલેજમાંથી ઈતિહાસમાં સ્નાતક થયા હતા.

# કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વિવિધ રાજ્યોમાં સચિવો અને સંયુક્ત સચિવોના પદ પર પાર્ટીના અધિકારીઓની નિમણૂક કરી

## કોંગ્રેસે આંધ્ર પ્રદેશ અને આંદામાન નિકોબાર ટાપુઓમાં ગણેશ કુમાર યાદવને સચિવ અને પલક વર્માને સંયુક્ત સચિવ તરીકે નિયુક્ત કર્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વિવિધ રાજ્યોમાં સચિવો અને સંયુક્ત સચિવોના પદ પર પાર્ટીના અધિકારીઓની નિમણૂક કરી છે. તેમને તાત્કાલિક અસરથી સંબંધિત મહાસચિવો અને પ્રભારીઓ સાથે કામ કરવાની જવાબદારી પણ સોંપવામાં આવી હતી. આ મુજબ કોંગ્રેસના પ્રવક્તા આલોક શર્માને પંજાબના સચિવ નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે મનોજ ત્યાગીને એડમિનિસ્ટ્રેશનના સંયુક્ત સચિવ બનાવવામાં આવ્યા છે. પરગટ સિંહ ઉત્તરાખંડના સચિવ હશે, જ્યારે શરદ યાદવની પુત્રી સુભાષિની યાદવને ગુજરાત સચિવની ભૂમિકા સોંપવામાં આવી છે. કોંગ્રેસે આંધ્ર પ્રદેશ અને આંદામાન નિકોબાર ટાપુઓમાં ગણેશ કુમાર યાદવને સચિવ અને પલક વર્માને સંયુક્ત સચિવ તરીકે નિયુક્ત કર્યા છે. તે જ સમયે, સુભાંકર સરકારને અરુણાચલ પ્રદેશ, મેઘાલય અને મિઝોરમના સચિવ બનાવવામાં આવ્યા છે, જ્યારે મેથ્યુ એન્ટોનીને સંયુક્ત સચિવ બનાવવામાં આવ્યા છે. પૃથ્વીરાજ સાઠે અને જિતેન્દ્ર બઘેલને આસામના સચિવ બનાવવામાં આવ્યા છે. દેવેન્દ્ર યાદવ, સુશીલ કુમાર પાસી, શાહનવાઝ આલમને બિહારના સચિવ બનાવવામાં આવ્યા છે. પક્ષ જી.છ. સંપત કુમાર અને સાજરિતા લાતફલાંગને છત્તીસગઢના સચિવ બનાવવામાં આવ્યા છે, જ્યારે વિજય જાંગિડને સંયુક્ત સચિવની જવાબદારી



સોંપવામાં આવી છે. બીજી તરફ અંજલિ નિમ્બાલકરને ગોવા, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવના સચિવ બનાવવામાં આવ્યા છે. રામકિશન ઓઝા, ઉષા નાયડુ, ભૂપેન્દ્ર મારવી અને સુભાષિની યાદવને ગુજરાતના સચિવ બનાવવામાં આવ્યા છે.કોંગ્રેસે મનોજ ચૌહાણ અને પ્રફુલ્લ વિનોદરાવ ગુડાધને હરિયાણાના સચિવ બનાવ્યા છે, જ્યારે ચેતન ચૌહાણ અને વિદિત ચૌધરીને હિમાચલ પ્રદેશ અને ચંદીગઢની જવાબદારી સોંપવામાં આવી છે. સપ્તગીરી શંકર ઉલાકા અને સિરીવેલા પ્રસાદને પાર્ટીએ ઝારખંડના સચિવ બનાવ્યા છે. બીજી તરફ, રોઝી એમ. જોન, મયુરા એસ. જયકુમાર, અભિષેક દત્ત અને પી. ગોપીને કર્ણાટકના સચિવ બનાવવામાં આવ્યા છે.પાર્ટીએ પીવી મોહન, વી.કે. અરિવાઝગન અને મન્સૂર અલી ખાનને કેરળ અને લક્ષદ્વીપના સચિવ બનાવવામાં આવ્યા છે. સંજય દત્ત, ચંદન યાદવ અને આનંદ ચૌધરીને મધ્યપ્રદેશના સચિવ અને રણવિજય સિંહ લોચવને સંયુક્ત સચિવ બનાવવામાં આવ્યા છે. તે જ સમયે, પાર્ટી બી.એમ. સંદીપ, કાઝી નિઝામુદ્દીન, કુણાલ ચૌધરી અને યુ.બી. વેંકટેશને મહારાષ્ટ્રના સચિવ બનાવાયા છે. ક્રિસ્ટોફર તિલકને મણિપુર/નાગાલેન્ડ/ત્રિપુરા/સિક્કિમની જવાબદારી સોંપવામાં આવી છે.મોહમ્મદ શાહનવાઝ ચૌધરી અને રોઝેલીના તિર્કીને ઓડિશાના સચિવ બનાવવામાં આવ્યા છે અને આલોક શર્મા અને રવીન્દ્ર દળવીને પંજાબના સચિવ બનાવવામાં આવ્યા છે. પાર્ટીએ રાજસ્થાનની જવાબદારી ચિરંજીવ રાવ, રુત્વિક મકવાણા અને પુનમ પાસવાનને આપી છે. જ્યારે સૂરજ હેગડેને તમિલનાડુ અને પુડુચેરીના સચિવ નિયુક્ત કરવામાં આવ્યા છે.કોંગ્રેસ પી.સી. વિષ્ણુનાથ અને પી. વિશ્વનાથનને તેલંગાણાના સચિવ બનાવવામાં આવ્યા છે, ધીરજ ગુર્જર, રાજેશ તિવારી, તૌકીર આલમ, પ્રદીપ નરવાલ, નીલાંશુ ચતુર્વેદી અને સત્યનારાયણ પટેલને ઉત્તર પ્રદેશના સચિવ બનાવવામાં આવ્યા છે, પરગટ સિંહ અને સુરેન્દ્ર શર્માને ઉત્તરાખંડ, અમ્બાખંડના સચિવ બનાવવામાં આવ્યા છે.

### 'પરમાણુ બ્લેકમેલિંગ માટે...'

## ચીની મીડિયા દ્વારા ભારતની નવી પરમાણુ સબમરીનને ડરાવવાનું શરૂ કર્યુ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

ભારતે ગુરુવારે તેની બીજી પરમાણુ સંચાલિત બેલેસ્ટિક મિસાઈલ સબમરીન INS અરિઘાટ લોન્ચ કરી છે. સબમરીનને સ્ટ્રેટેજિક ફોર્સ કમાન્ડમાં સામેલ કરવામાં આવી છે. ભારતીય નૌકાદળમાં પરમાણુ સબમરીનના સમાવેશથી ચીનનું સત્તાવાર અખબાર ગ્લોબલ ટાઈમ્સ નારાજ છે. ગ્લોબલ ટાઈમ્સે કહ્યું કે બ્લેકમેલિંગ માટે પરમાણુ હથિયારોનો ઉપયોગ ન થવો જોઈએ.ગ્લોબલ ટાઈમ્સે લખ્યું, 'ચીની નિષ્ણાતોએ કહ્યું કે ભારતે આ શક્તિનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ અને શાંતિ અને સ્થિરતામાં યોગદાન આપવું જોઈએ, અને તેનો ઉપ યોગ તેની શક્તિ બતાવવા માટે ન કરવો જોઈએ.'INS અરિઘાટનું નિર્માણ વિશાખાપટ્ટનમના શિપ બિલ્ડીંગ સેન્ટરમાં કરવામાં આવ્યું હતું અને તેમાં ૬૦૦૦ ટનનું વિસ્થાપન છે. ૭૫૦ કિમી રેન્જની સબમરીન K-15 બેલેસ્ટિક મિસાઈલથી સજ્જ છે અને હવે તે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં લાંબા અંતરની પેટ્રોલિંગ માટે તૈયાર છે. સબમરીનની લંબાઈ લગભગ ૧૧૩ મીટર છે અને તેનો બીમ ૧૧ મીટર છે, ડ્રાફ્ટ ૯.૫ મીટર છે. અરિઘાટ ૯૮૦ થી ૧૪૦૦ ફૂટની ઊંડાઈ સુધી પાણીની અંદર જઈ શકે છે.બીજી પરમાણુ સબમરીનને ભારતીય નૌકાદળમાં સામેલ કરવાથી ભારતને ઈન્ડો-પેસિફિકમાં વ્યૂહાત્મક ધાર મળી શકે છે, જ્યાં ચીન સતત પોતાનો પ્રભાવ વધારી રહ્યું છે. ચીન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે ભારતીય નૌકાદળ પરમાણુ સબમરીનથી વધુ મજબૂત બની શકે છે.

### કલાદાન મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ જોખમમાં

# મ્યાનમારમાં વધતા ગૃહયુદ્ધથી ભારતની 'એક્ટ ઈસ્ટ' નીતિ પ્રભાવિત થઈ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

મ્યાનમારમાં ચાલી રહેલા ભીષણ ગૃહયુદ્ધ અને બાંગ્લાદેશમાં રાજકીય ઉથલપાથલ વચ્ચે ભારતની 'એક્ટ ઈસ્ટ' નીતિ ગંભીર જોખમમાં આવી ગઈ છે. આ નીતિ ભારતના પૂર્વોત્તર અને દક્ષિણપૂર્વ એશિયા વચ્ચેના આર્થિક અને વ્યૂહાત્મક સંબંધોને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવી હતી, પરંતુ હવે મ્યાનમાર અને બાંગ્લાદેશમાં બદલાતા રાજકીય માહોલને કારણે તે અવરોધોનો સામનો કરી રહી છે. મ્યાનમારમાં શાસક લશ્કરી જંતા (તત્માદવ) અને વિવિધ વંશીય બળવાખોર જૂથો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષે દેશને ગૃહ યુદ્ધની સ્થિતિમાં ધકેલી દીધો છે. બર્મીઝ સૈન્ય રખાઈન (અગાઉનું અરાકાન) પ્રાંતનું નિયંત્રણ ગુમાવી રહ્યું હોય તેવું લાગે છે, જ્યાં ભારતના મહત્વાકાંક્ષી કલાદાન મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ (KMT) પ્રોજેક્ટનો મોટો ભાગ સ્થિત છે.રખાઈન પ્રાંતનો મોટો હિસ્સો હવે અલગતાવાદી અરાકાન આર્મીના નિયંત્રણમાં છે, જે મ્યાનમાર-બાંગ્લાદેશ સરહદ પર સ્વતંત્ર રાજ્ય સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે. અરાકાન આર્મીએ રખાઈન પ્રાંતના વહીવટી મુખ્ય મથક સિત્તવે (અગાઉનું અકિઆબ) કબજે કરવા માટે એક વિશાળ જમાવટ શરૂ કરી છે. જો આ શહેર બળવાખોરોના હાથમાં જાય છે તો તે મ્યાનમાર માટે મોટી વ્યૂહાત્મક હાર હશે અને ભારત માટે પણ ગંભીર સંકટ સર્જી શકે છે.અરાકાન આર્મીની તાકાત તેની સફળતાઓ સુધી મર્યાદિત નથી, પરંતુ તે અન્ય બળવાખોર જૂથો સાથે જોડાણ કરીને તેની સ્થિતિને વધુ મજબૂત બનાવી રહી છે. જુલાઈના અંતમાં, કોકાંગ બળવાખોર જૂથ MNDAA એ બર્મીઝ દળોને હરાવીને ઉત્તરી શાન રાજ્યના લાશિયો શહેર પર કબજો કર્યો, જે ચીનની સરહદ પર સ્થિત છે. બર્મીઝ સૈન્ય માટે આ એક મોટી હાર હતી, કારણ કે તેમની ઉત્તર-પૂર્વ કમાન્ડનું મુખ્ય મથક લાશિયો ખાતે હતું.આ ઉપરાંત, કાચિન ઈન્ડિપેન્ડન્સ આર્મી (KIA) એ પણ બર્મીઝ સેના સામે નોંધપાત્ર વિજય મેળવ્યો હતો જ્યારે તેઓએ કાચિન રાજ્યમાં બર્મીઝ લાઈટ ઈન્ફન્ટ્રી બટાલિયન (LIB) ૪૩૭ ના મુખ્ય મથક પર કબજો કર્યો હતો. આ જીતથી પ્રેરિત થઈને, અરકાન આર્મી હવે મ્યાનમારથી ઔપચારિક રીતે સ્વતંત્રતાની ઘોષણા કરવા માટે સિત્તવેને કબજે કરવાની યોજના ધરાવે છે.ભારત માટે સ્થિતિ વધુ જટિલ છે. ભારતે રખાઈન રાજ્યમાં કલાદાન મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ હેઠળ સિત્તવે પોર્ટના આધુનિકીકરણમાં $484 મિલિયનનું રોકાણ કર્યું છે. ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોને મ્યાનમાર અને તેનાથી આગળ દક્ષિણ-પૂર્વ એશિયા સાથે જોડવા માટે આ પ્રોજેક્ટ ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો કે, મ્યાનમારમાં બગડતી પરિસ્થિતિને કારણે આ પ્રોજેક્ટને પૂર્ણ કરવામાં અનેક અવરોધો ઉભા થઈ રહ્યા છે.

## આ મારૂ બાળક નથી કહીને પતિએ કોર્ટમાં કર્યો ઈનકાર

। નવી દિલ્હી, તા.૩૧ ।

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. મહિલા ભરણ પોષણની ઘટનાને લઈને કોર્ટ પહોંચી છે. આ દરમિયાન કોર્ટે કહ્યું કે પિતા હોવું સાબિત કરવા માટે ડીએનએ ટેસ્ટનો નિર્દેશ આપી શકાય છે. મોહાલીની ફેમેલી કોર્ટે મહિલાની અરજીનો સ્વીકાર કરી લીધો હતો અને તેના પતિ પાસે ડીએનએ ટેસ્ટ માટે સેમ્પલ માંગ્યા હતા. કોર્ટમાં યુવકે જણાવ્યું કે તેના મહિલા અને બાળક સાથે કોઈ પ્રકારના સંબંધ નથી. મોહાલી કોર્ટે ડીએનએ ટેસ્ટ કરાવવાનો નિર્દેશ આપ્યો હતો, જેની વિરુદ્ધ પિતા હાઈકોર્ટ પહોંચ્યા હતા અને તેમણે કહ્યું કે ડીએનએ સેમ્પલ લેવાનો કોઈ કાયદો નથી. આરોપીએ તે પણ કહ્યુ કે તેના કોઈ લગ્ન થયા નથી. પરંતુ બાળકના આધાર કાર્ડ અને પાસપોર્ટમાં તેને પિતાના રૂપમાં દર્શાવવામાં આવ્યા છે. તેને પણ કોર્ટના રેકોર્ડમાં રાખવામાં આવ્યા છે.

### પૂર પ્રભાવિત બાંગ્લાદેશી હિન્દુઓનો વીડિયો વાયરલ થયો છે

# 'અમને કોઈ રાહત નથી મળી રહી કારણ કે અમે હિંદુ છીએ'

। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।

વીડિયોમાં એક વ્યક્તિ પોતાના વિસ્તાર વિશે જણાવી રહ્યો છે, તેણે કહ્યું, અમને રાહત માટે એક પણ વ્યક્તિ મળ્યો નથી. અમારો ગુનો માત્ર એટલો જ છે કે અમે હિંદુ છીએ. તે તરફ નોઆખલી અને બરીસાલના લોકોને રાહત મળી રહી છે, પરંતુ અમને જોઈને તેઓ જતા રહ્યા છે, આ બાજુ આવતા નથી. અમે કોઈ પક્ષ સાથે જોડાયેલા નથી બાંગ્લાદેશમાં તાજેતરના વિરોધ પ્રદર્શનને કારણે વડાપ્રધાન શેખ હસીનાને સત્તા પરથી હટી જવું પડ્યું હતું. આ ઘટના બાદ પાડોશી દેશમાં સમગ્ર રાજકીય માહોલ બદલાઈ ગયો છે. આ સમયગાળા દરમિયાન, બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ પર અત્યાચાર અને હુમલાના કિસ્સાઓ પણ જોવા મળ્યા હતા, જેમાં મંદિરો પર હુમલા અને હિન્દુ સમુદાયની સંપત્તિની લૂંટનો સમાવેશ થાય છે. અલ્પસંખ્યકો માટે સ્થિતિ વધુ ખરાબ બની છે કારણ કે વચગાળાની સરકાર પર બાંગ્લાદેશના પૂર પ્રભાવિત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી દરમિયાન તેમની અવગણના કરવાનો આરોપ છે. ભારતના પડોશી દેશમાં ઘણા જિલ્લા પૂરને કારણે ખરાબ રીતે પ્રભાવિત થયા છે.સેના, સ્થાનિક પોલીસ અને અનેક સંસ્થાઓ દ્વારા રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જોકે, બાંગ્લાદેશમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વીડિયો વાયરલ થયો છે, જેમાં હિંદુ સમુદાયના એક વ્યક્તિ હિંદુ પ્રભાવિત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી દરમિયાન વહીવટીતંત્ર પર બેદરકારી અને પક્ષપાતી વલણનો આરોપ લગાવી રહ્યા છે.વીડિયોમાં, એક વ્યક્તિ તેના વિસ્તાર વિશે વાત કરી રહ્યો છે, જે બાંગ્લાદેશના ફેની જિલ્લાના કાલિદાહ યુનિયનના વોર્ડ નંબર ૮માં આવેલા ચિઓરિયા, તુલાબરિયા છે. તેમણે કહ્યું, અમને રાહત માટે એક પણ વ્યક્તિ મળ્યો નથી. અમારો ગુનો માત્ર એટલો જ છે કે અમે હિંદુ છીએ. નોઆખલી અને બરીસાલના લોકોને તે તરફ રાહત મળી રહી છે, પરંતુ અમને જોઈને તેઓ આ તરફ નથી આવતા જતા જતા રહ્યા છે. અમે કોઈ પક્ષ સાથે જોડાયેલા નથી, પરંતુ એકમાત્ર ગુનો હિંદુ હોવાનો છે. વીડિયોમાં દેખાતો વ્યક્તિ કહે છે કે અમારી ભૂલ એ છે કે અમે હિન્દુ છીએ.હિન્દુ સમુદાયના કેટલાક સભ્યોએ ઈન્ડિયા ટુડેને જણાવ્યું કે તેઓને એવા ઘણા વિસ્તારોમાંથી પણ અહેવાલો મળી રહ્યા છે જ્યાં હિંદુઓને મદદ કરવામાં આવી રહી નથી અને તેના બદલે અન્ય ઘણા મંદિરો સૌથી વધુ પૂર પ્રભાવિત વિસ્તારોમાં હિન્દુ પરિવારોને આશ્રય આપી રહ્યા છે અને રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.ભારતભરના વિવિધ જિલ્લાઓમાંથી સ્થાનિક હિંદુ સમુદાયના ઘણા સંગઠનો પણ આ ક્ષેત્રમાં છે, જેઓ બચાવ અને રાહત કાર્યમાં રોકાયેલા છે અને બોર્ડ અને અન્ય માધ્યમો દ્વારા રાહત સામગ્રીનું વિતરણ કરી રહ્યા છે.

**વિશેષ** — વડાપ્રધાનના 'બેક ટુ બેઝિક' મંત્ર થકી વિકસિત ગુજરાતથી વિકસિત ભારત સાકાર કરીશું : મુખ્યમંત્રી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળ દ્વારા 'અમૃતકાળમાં કૃષિ પેદાશોની પ્રક્રિયા અને મૂલ્યવર્ધન' અંગે સેમિનાર યોજાયો







મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'બેક ટુ બેઝિક' મંત્ર આપીને દેશના વિકાસને નવી દિશા આપી છે. આ દિશામાં જ આગળ વધીને આપણે વિકસિત ગુજરાતથી વિકસિત ભારત સાકાર કરવાનું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ શાંતિપુરા, અમદાવાદ ખાતે ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળ દ્વારા આયોજિત 'અમૃતકાળમાં કૃષિ પેદાશોની પ્રક્રિયા અને મૂલ્યવર્ધન' અંગેના સેમિનારમાં અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરી રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, હાલના સમયમાં જમીનના સ્વાસ્થ્ય અને તેના પોષક તત્વો ઉપર રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓ દ્વારા થતી વિપરીત અસરોના પરિણામે જમીન તેના કુદરતી પોષકતત્વો ગુમાવી રહી છે.

આ સમસ્યાના સમાધાન અંગે તેમણે કહ્યું હતું કે, ભાવિ પેઢીને પોષણયુક્ત આહાર આપવા માટે સારી ગુણવત્તાવાળો પાક પેદા કરી શકે તેવી પોષક તત્વોથી ભરપૂર જમીન ખૂબ જરૂરી છે. તેમણે જમીનના પોષણને સુધારવાના ઉપાય તરીકે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને ઉત્તમ સમાધાન ગણાવ્યું હતું.

આ તકે તેમણે ખેડૂતોને ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા અનુરોધ કર્યો હતો. ઉત્તમ જમીન સ્વાસ્થ્યની સાથે ખેડૂતોને સારી આવક મળી રહે તેનું સમાધાન પણ પ્રાકૃતિક ખેતીમાં નિહિત છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્લોબલ વૉર્મિંગના પડકારોને પહોંચી વળવાના 'બેક ટુ બેઝિક'નો મંત્ર આપ્યો છે. આ મંત્ર અંતર્ગત અનેક ઉપાયોનો અમલ કરીને વિકાસનો નવો રાહ ચિંધ્યો છે. આદિકાળથી ઊર્જાના સ્રોત સૂર્યનો ઉપયોગ કરીને ગ્રીન ઊર્જા મેળવવા માટે તેમણે 'ગ્રીન ગ્રોથ'ની સંકલ્પના આપી છે. એટલું જ નહિ, જળસંચય માટે દરેક જિલ્લાઓમાં અમૃત સરોવરોના નિર્માણથી જળસ્તર ઊંચા લાવવાની પ્રેરણા પણ વડાપ્રધાનશ્રીએ આપી છે.

'એક પેડ મા કે નામ' અભિયાનનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી દ્વારા દેશવ્યાપી શરૂ કરાયેલું આ અભિયાન પણ ગ્લોબલ વૉર્મિંગમાંથી બહાર નીકળવાનો જ એક પ્રયાસ છે. દરેક વ્યક્તિ એક વૃક્ષ વાવી, ઉછેરી અને માવજત કરશે તો એ જ વૃક્ષ આપણને ગ્લોબલ વૉર્મિંગમાંથી તારશે એમ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ભાવિ પેઢી માટે પોષણયુક્ત આહાર સુનિશ્ચિત કરવા સકારાત્મક અભિગમ અને સહિયારા પ્રયાસોથી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત તેમણે આ સેમિનારમાં ઉપસ્થિત તમામ કૃષિ યુનિવર્સિટીઓના ઉપકુલપતિઓને પ્રાકૃતિક ખેતી અંગે વધુ ગહન સંશોધનને વેગ આપવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળના ખજાનચી ડૉ. કે. જી. મહેતાને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. તદુપરાંત કૃષિક્ષેત્રે વિશેષ અભ્યાસ, સંશોધન અને પ્રયોગોમાં વિશિષ્ટ યોગદાન બદલ ખેડૂતો, વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓનું પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ અવસરે કૃષિ વિજ્ઞાન મંડળના પ્રમુખ શ્રી એ. આર. પાઠક, સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈ સુતરિયા, બંસી ગૌશાળાના સંચાલક શ્રી ગોપાલભાઈ સુતરિયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ શ્રી વી.પી.ચોવટીયા, કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ શ્રી એન. એમ. કેલાવાલા, નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટી-આણંદના કુલપતિ શ્રી સી. કે. ટીંબડિયા તેમજ રાજ્યભરના કૃષિ વિજ્ઞાન મંડળના હોદ્દેદારો, સભ્યો અને ખેડૂતો હાજર રહ્યા હતા.

# ઇન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ ડોક્ટરોના સ્ટાઇપેન્ડમાં વધારો કરવામાં આવ્યો

## સરકારના આ નિર્ણયથી મેડિકલ, ડેન્ટલ, ફિઝીયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદિકના અભ્યાસક્રના ઇન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોને લાભ મળશે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

રાજ્ય સરકાર દ્વારા ઈન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.તાજેતરમાં C.H.C, સબ ડિસ્ટ્રીક્ટ, ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલના કરાર આધારિત તજજ્ઞ તબીબોના પગાર વધારાના મહત્વપૂર્ણ નિર્ણય બાદ ઈન્ટર્ન્સ અને રેસિડેન્ટ્સ તબીબોના સ્ટાઈપેન્ડમાં વધારો કરવાનો રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

રાજ્યની ૬ સરકારી અને 13 GMERS (ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી) સંચાલિત મેડિકલ કૉલેજના સ્નાતક અભ્યાસક્રમના ઈન્ટર્ન્સ અને અનુસ્નાતક તેમજ સુપર સ્પેશ્યાલિટી અભ્યાસક્રમના રેસિડેન્ટ્સ તબીબોને મળતા સ્ટાઈપેન્ડના દરમાં વધારો કરવામાં આવ્યો છે. રાજ્યની સરકારી મેડિકલ કૉલેજના મેડીકલ,ડેન્ટલ, ફિઝીયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદના સ્નાતક અભ્યાસક્રમના ઈન્ટર્ન્સ, અનુસ્નાતક અને સુપર સ્પેશ્યાલીટી અભ્યાસક્રમના રેસીડન્ટ તબીબોને આ સ્ટાઈપેન્ડના દરમાં થયેલ વધારાનો લાભ મળશે. આ વધારા મુજબ સરકારી મેડિકલ કૉલેજના મેડિકલ ઈન્ટર્ન્સને રૂ. ૨૧,૮૪૦, ડેન્ટલમાં રૂ. ૨૦,૧૬૦, ફિઝીયોથેરાપીમાં રૂ.૧૩,૪૪૦ તેમજ આયુર્વેદ અને હોમિયોપેથીમાં રૂ. ૧૫,૧૨૦ સ્ટાઈપેન્ડ મળશે.

ડિગ્રીના મેડિકલ રેસીડેન્ટ્સને પ્રથમ વર્ષમાં રૂ.૧,૦૦,૮૦૦, બીજા વર્ષમાં રૂ.૧,૦૨,૪૮૦, ત્રીજા વર્ષમાં રૂ.૧,૦૫,૦૦૦, ચોથા વર્ષ (સિનિયર રેસીડન્ટ) અને ક્લીનીકલ આસિસટન્ટને રૂ.૧,૧૦,૮૮૦નો લાભ મળશે.

સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓના મેડિકલ રેસીડેન્ટ્સને પ્રથમ વર્ષમાં રૂ.૧,૨૦,૯૬૦, બીજા વર્ષમાં રૂ.૧,૨૬,૦૦૦ અને ત્રીજા વર્ષમાં રૂ.૧,૩૪,૪૦૦ તેમજ ડેન્ટલ રેસીડન્ટ(ડિગ્રી)માં પ્રથમ વર્ષમાં રૂ.૭૮,૯૬૦, બીજા વર્ષમાં રૂ.૮૧,૪૮૦, ત્રીજા વર્ષમાં રૂ.૮૩,૪૯૬, ફિઝીયોથેરાપી (ડિગ્રી)માં પ્રથમ વર્ષમાં રૂ.૩૫,૨૮૦ અને બીજા વર્ષમાં રૂ.૪૩,૬૮૦ ચૂકવવામાં આવશે. મેડિકલ રેસીડન્ટ(ડિપ્લોમાં)ને પ્રથમ વર્ષમાં રૂ.૭૫,૬૦૦ અને બીજા વર્ષમાં રૂ.૮૨,૩૨૦ સ્ટાઈપેન્ડ ચૂકવાશે.આયુર્વેદિક સેવાઓમાં પી.જી. રેસીડેન્ટ્સને પ્રથમ વર્ષમાં રૂ.૫૦,૪૦૦, બીજા વર્ષમાં રૂ.૫૩,૭૬૦ અને ત્રીજા વર્ષમાં રૂ. ૫૭,૧૨૦ ચૂકવવામાં આવશે. તદ્ઉપરાંત GMERS સંચાલિત મેડિકલ કૉલેજના સ્નાતક અભ્યાસક્રમના ઈન્ટર્ન્સને રૂ. ૨૧,૮૪૦, જુનીયર રેસીડન્ટ્સને રૂ.૧,૦૦,૮૦૦ અને સિનિયર રેસીડન્ટ્સ ને રૂ. ૧,૧૦,૮૮૦ ચૂકવવામાં આવશે. GMERS સંચાલિત મેડિકલ કૉલેજના અનુ-સ્નાતક અભ્યાસક્રમના જુનિયર અને સિનિયર રેસીડન્ટ તબીબોને પ્રથમ વર્ષમાં રૂ. ૧,૦૦,૮૦૦, બીજા વર્ષમાં રૂ. ૧,૦૨,૪૮૦, ત્રીજા વર્ષમાં રૂ. ૧,૦૫,૦૦૦ ચોથા વર્ષમાં (સિનિયર રેસીડન્ટ અને ક્લીનીકલ આસિસટન્ટ)ને રૂ. ૧,૧૦,૮૮૦ સ્ટાઈપેન્ટ ચૂકવવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા આ સ્ટાઈપેન્ડ વધારાનો હુકમ તા. ૦૧/૦૪/૨૦૨૪ની અસરથી અમલમાં આવશે.

### ન્યૂઝ બ્રિફ

## અટલાદરા વિસ્તારની જનતાએ કંટાળીને PMOમાં કરી ફરિયાદ

। (એજન્સી) વડોદરા, તા.૩૧ ।

વડોદરા શહેરના મોટા ભાગના વિસ્તારોમાં ઘૂસેલા પૂરના પાણી ઓસરી રહ્યા છે, અથવા તો ઓસરી ગયા છે. ત્યારે અટલાદરામાં આવેલી સાંઈરંગ હાઈટ્સ નામની સોસાયટીમાંથી રહીશો છેલ્લા પાંચ દિવસથી વધુ સમયથી પાણી ભરાઈ રહેવાની સમસ્યાના કારણે ભારે મુશ્કેલીમાં મુકાયા છે. રહીશો દ્વારા આ વિસ્તારમાં પાણી ભરાઈ રહેવાની મુશ્કેલી મીડિયા માધ્યમથી અગાઉ પણ ઉજાગર કરી હતી. પરંતુ તેમનું કોઈ સાંભળવા વાળું નથી. પૂરના પાણી પાંચ દિવસથી વધુ ભરાઈ રહેતા હવે તેમાંથી દુર્ગંધ આવવા લાગી છે. જેથી સ્થાનિક યુવાક કુશાગ્ર પુરોહિતે લખ્યું કે, પાંચ દિવસથી પાણી રસ્તા પર ભરાઈ રહ્યા છે. હવે તેમાંથી નર્કાગાર જેવી દુર્ગંધ આવી રહી છે. જેથી લોકોને ઉલટીઓ થવાનું શરૂ થઇ ગયું છે. અટલાદરા વિસ્તારમાં આવેલી સાઈરંગ હાઈટ્સ તથા અન્ય સોસાયટીઓ તરફ જતા માર્ગ પર વિતેલા પાંચ દિવસથી પાણી ભરાયા છે અને તેનો નિકાલ થઇ રહ્યો નથી. આ પાણીએ હવે લોકો માટે મુશ્કેલી સર્જી છે.

## ૨૦૬માંથી ૧૦૮ જળાશયો સંપૂર્ણ ભરાતા હાઈ એલર્ટ જાહેર

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૧ ।

રાજ્યમાં મેઘરાજાની મહેરના પરિણામે ૨૦૬ જળાશયોમાંથી ૧૦૮ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા જ્યારે ૪૪ જળાશયો-ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય રાજ્યના ૨૦ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે ૨૨ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૧૨ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. આ સિવાય ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૨,૮૬,૩૮૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૫ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૪,૩૨,૫૦૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૭૭.૨૧ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. આમ કુલ ૨૦૭ જળાશયોમાં ૮૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે. આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ રાજ્યમાં સાવત્રિક વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવર યોજનામાં ૧.૮૬ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૧.૭૮ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

### ૧૦૦ કરોડ ટર્ન ઓવર ધરાવતાં યુનિટો બંધ

# સાણંદ GIDCમાં વરસાદી પાણી ભરાવાથી વીજ પુરવઠો ખોરવાયો

। (એજન્સી) સાણંદ, તા.૩૧ ।

તાલુકામાં પડેલા ભારે વરસાદને કારણે સાણંદ GIDCની અનેક કંપનીમાં ઉપરવાસના પાણીનો ભરાવો થયો છે. જેને પગલે GIDCમાં આવેલી જેટકો ૬૬ કે.વી. સાણંદ ૨ સબ સ્ટેશન ગત સોમવારથી પાણીમાં ડૂબતાં વીજ લાઈનો ક્ષતિગ્રસ્ત થવાથી ૩૦૦ યુનિટમાં કામગીરી થંભી ગઈ હતી. વરસાદ બંધ થયાને ૭૨ કલાક બાદ પણ GIDC-2ના માર્ગો પર હજુ પાણી ભરાયા છે. ૧૭૦ યુનિટો હજુ બંધ છે. ટ્રાન્સપોર્ટને અસર થતાં રોજના રૂ.૧૦૦ કરોડનું ટર્નઓવર ઠપ થઈ જવા પામ્યું છે.

દેશ સહિત વિદેશની નામાંકિત કંપનીઓ ધરાવતી સાણંદ GIDCમાં વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થતાં અનેક યુનિટોને કરોડો રૂપિયાનું ટનઓવર પર અસર થઈ છે. જેટકોના ૬૬ કે.વી. સાણંદ ૨ સબ સ્ટેશનમાં ભરાયેલ પાણીનો નિકાલ કરવા પંપ મૂકવામાં આવ્યા છે. પરંતુ ઉપરવાસમાંથી પાણી સતત આવી રહ્યું છે જેના કારણે આ પાણીનો નિકાલ ક્યારે થશે તે પણ એક સમસ્યા બની છે. જેના કારણે કામે આવતા લોકો અને સ્થાનિક રહિશો મોટી હાલાકી ભોગવી રહ્યાં છે. બીજી તરફ બંધ યુનિટમાં વીજ પુરવઠો પુનઃ કાર્યરત કરવા UGVCLના ૧૫૦ કર્મીઓ,અધિકારીઓ યૈંદ્ધઝમાં હીરાપુર નજીક સબ સ્ટેશનમાંથી પાવર મેળવવા પાણી વચ્ચેથી હેવી વીજ વાયરની લાઈન નાખવાની કામગીરી હાથ ધરી છે. બંધ ૧૭૦ યુનિટો ૨૪ કલાક બાદ શરૂ થવાની શક્યતાઓ રહેલી છે. આ અંગે અધિકારી સુત્રોએ કહ્યું કે ગત ૨૬ ઓગસ્ટથી જેટકોના ૬૬ કે.વી. સાણંદ ૨ સબ સ્ટેશનમાં પાણી ભરાઈ જતાં ક્ષતિગ્રસ્ત થયું છે. ૧૧ કે.વી.ના ૧૮ ફિડરો બંધ છે. સબ સ્ટેશનમાંથી પાણીનો નિકાલ કરવાની કામગીરી ચાલુ છે. સાણંદ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના પ્રમુખ અજિત શાહએ મીડિયાને કહ્યું કે ગત છ દિવસથી વીજ પાવર બંધ હોવાથી GIDC2માં દરરોજનું ૧૦૦ કરોડ રોજનું ટર્ન ઓવર કરતાં આશરે ૧૭૦ યુનિટો બંધ છે. પાણીનો નિકાલ શક્ય નથી, પાવર અલ્ટિમેટમ વ્યવસ્થાથી ચાલુ કરવા કોશિશ ચાલુ છે.


### વડોદરામાં મગરોએ પોતાનું સામ્રાજ્ય જમાવ્યું !!

# કલાકોના ગાળામાં જુદા-જુદા વિસ્તારોમાંથી ૯ મગરોનું રેસ્ક્યું

। (એજન્સી) વડોદરા, તા.૩૧ ।

વડોદરામાં પૂરના પાણી ઓસર્યા બાદ હવે મગરોએ તંત્ર તેમજ લોકો માટે જોખમ વધારી દીધું છે. ગઈકાલે રાતે કલાકોના ગાળામાં જુદા-જુદા વિસ્તારોમાંથી ૯ મગરોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. પૂરના પાણી ઉતરી ગયા પછી પણ અનેક સ્થળોએ મગરો તેમજ અન્ય જળચરો પાણીમાં પરત ફરતા નથી. પરિણામે મગરો રહેણાંક વિસ્તારોમાં મકાનો સુધી આવી જવાના બનાવો બની રહ્યા છે. જેને કારણે લોકોમાં ગભરાટ ફેલાયો છે.

ફોરેસ્ટ વિભાગ દ્વારા પણ જીવદયા કાર્યકરોની મદદ થી ત્રણ દિવસથી મગર અને જળચરોનું રેસ્ક્યુ કરવામાં આવી રહ્યું છે. ગઈકાલ સુધી ૨૩ જેટલા મગર અને ૮૦ થી વધુ સાપનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. દરમિયાનમાં ગઈ મોડી રાતે જુદા-જુદા વિસ્તારમાં મગરો આવી જવાના બનાવ બનતા ૯ મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. જે પૈકી જાંબુવાના શુભ બંગ્લોના કમ્પાઉન્ડમાં ૧૨ ફૂટનો મગર આવી જતા તેનું ભારે જહેમત બાદ ફોરેસ્ટની ટીમે



રેસ્ક્યુ કર્યું હતું. આ ઉપરાંત ખિસકોલી સર્કલ, ખાસવાડી, નવલખી કુત્રિમ તળાવ, મુજમહુડા, ગુજરાત ટ્રેક્ટર નજીક, જાંબુઆ સહિતના વિસ્તારોમાંથી બીજા આઠ મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. કમાટીબાગમાં એક મોટો કાચબો આવી જતા તેમને પણ સુરક્ષિત રીતે લઈ જવામાં આવ્યો હતો.

# કેરળના કોચી બાદ હવે સુરતની તાપી નદીમાં દોડશે વોટર મેટ્રો

। (એજન્સી) સુરત, તા.૩૧ ।

ગુજરાતમાં વોટર ટ્રાન્સપોર્ટેશન માટે અનેક સુવિધાઓ શરૂ થઈ હતી. જેમાં અમદાવાદની સાબરમતિ નદી પરથી કેવડિયા જવા માટે સી પ્લેનની શરૂઆત કરવામાં આવી હતી. જે હાલમાં બંધ છે. તે ઉપરાંત ગોગા-દહેજ રો-રો ફેરી સર્વિસ પણ શરૂ કરવામાં આવી છે. જે હાલમાં ચાલી રહી છે. ત્યારે હવે સુરતમાં દેશની બીજી વોટર મેટ્રો સર્વિસ ચાલુ કરવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જો આ સર્વિસ શરૂ થશે તો કેરળના કોચી બાદ દેશમાં સુરત આ સર્વિસ આપનારૂ બીજુ અને ગુજરાતમાં પ્રથમ શહેર બનશે.

સુરત શહેરમાં ટ્રાફિકના પ્રશ્નને ઉકેલવા માટે શક્ય એટલા નવા વિકલ્પોને શોધવામાં આવી રહ્યા છે. સિટી અને BRTS બસની સુવિધા અને આવનાર સમયમાં મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ શરૂ થશે. ત્યારે તાપી નદીમાં વોટર મેટ્રો માટે ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરાઈ રહ્યો છે. કેરળના કોચીમાં દેશની એકમાત્ર વોટર મેટ્રો ચાલી રહી છે.મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે એક મીડિયા હાઉસને જણાવ્યું કે, સુરત મહાનગરપાલિકા વોટર મેટ્રો શરૂ કરવા માટે આગળ વધી રહી છે. તેના માટે જે તે સંબંધિત વિભાગ સાથે વિચાર-વિમર્શ કરવામાં આવી રહ્યો છે. ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર થઈ રહ્યો છે. જેથી તાપી નદી પર વોટર મેટ્રો દોડાવવા માટે આગામી દિવસોમાં તૈયારી શરૂ કરીશું. વોટર મેટ્રોમાં અલગ અલગ સંખ્યામાં મુસાફરો બેસી શકે તે પ્રકારની કેપેસિટીની બોટ તૈયાર કરવામાં આવે છે. મોટાભાગે આ બોટ ટ્રાન્સપરન્ટ રીતે બનાવવામાં આવતી હોય છે. જેથી વોટર મેટ્રોમાં બેસનાર વ્યક્તિ નદીનો અને શહેરનો નજારો સારી રીતે જોઈ શકે છે. ૧૦થી લઈને ૧૦૦ મુસાફરો બેસી શકે એ પ્રકારની મેટ્રો તૈયાર કરવામાં આવતી હોય છે. વોટરમેટ્રોના પણ સ્ટેશન નક્કી કરવામાં આવતા હોય છે. એક ચોક્કસ અંતર નક્કી કરીને જે રીતે તાપી નદી ઉપર બ્રિજ બનાવવામાં આવ્યા છે, તેવી જ રીતે તાપી નદીના બંને છેડે વોટર મેટ્રો સ્ટેશન નક્કી કરવામાં આવશે. કેરળના કોચી શહેરમાં દેશની સૌપ્રથમ વોટર મેટ્રો ૨૦૨૧માં શરૂ થઈ છે. કોચી શહેરની આસપાસના વિસ્તારમાં જવા માટે લોકો વોટર મેટ્રોનો ઉપયોગ કરે છે. કોચી શહેરની આસપાસના નાના-નાના આઈલેન્ડ પર જવા માટે વોટર મેટ્રોનો ઉપયોગ કરવામાં આવે છે. આ વોટર મેટ્રો દેખાવમાં ખૂબ જ આકર્ષક છે અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી છે. મોટાભાગની વોટર મેટ્રો ઈલેક્ટ્રિક ઉપર ચાલી રહી છે. જેને કારણે અન્ય કોઈ પ્રદૂષણ થવાની પણ શક્યતા રહેતી નથી. વર્ષ ૨૦૩૫ સુધીમાં સંપૂર્ણપણે આ પ્રોજેક્ટ પૂર્ણ કરવા તરફ આગળ વધી રહ્યા છે.

# વિશ્વ પ્રસિદ્ધ તરણેતરના મેળાને આખરે મળી મંજૂરી

। (એજન્સી) રાજકોટ, તા.૩૧ ।

ગુજરાતમાં ભારે મેઘતાંડવના કારણે લોક મેળો રદ કરવામાં આવ્યો હતો, પરંતુ હાલ મેઘરાજાએ વિરામ લીધો છે. આ દરમિયાન સુરેન્દ્રનગરના વિશ્વ પ્રસિદ્ધ તરણેતરના મેળાને લઈને મહત્ત્વના સમાચાર આવ્યા છે. આગામી છઠ્ઠીથી નવમી સપ્ટેમ્બર સુધી તરણેતરનો મેળો યોજાશે. સાંસદ, ધારાસભ્ય, પંચાયતોના પદાધિકારીઓ અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. મળતી માહિતી અનુસાર, ભાજપ સાંસદ ચંદુભાઈ શિહોરા, જિલ્લા કલેક્ટર કે. સી. સંપટની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. જેમાં સુરેન્દ્રનગરના વિશ્વ પ્રસિદ્ધ તરણેતરના મેળાને ચાર દિવસ માટે યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી છઠ્ઠીથી નવમી સપ્ટેમ્બર સુધી મેળો યોજાશે. તરણેતરના મેળાની કામગીરી ૩૧મી ઑગસ્ટથી શરુ કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતના તમામ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ ખાબક્યો હતો. જેના કારણે રાજકોટનો લોકમેળો રદ કરવામાં આવ્યો છે. સ્ટોલ ધારકોએ ભરેલી રકમ તથા ડિપોઝિટની ૧૦૦ ટકા રકમ પરત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# વડોદરામાં પૂરમાં વિદેશી મુલાકાતીઓ પણ ફસાયા

। (એજન્સી) વડોદરા, તા.૩૧ ।

ગુજરાતમાં ભારે વરસાદ બાદ સૌથી વધારે વડોદરાની સ્થિતિ ખુબ ખરાબ જોવા મળી રહી છે. વરસાદ બાદના તારાજીના દશ્યો સામે આવી રહ્યાં છે. અતિવૃષ્ટિ અને પૂર બાદ પાણીની સપાટી ૨૪ ફૂટ ઓળંગતા સામાન્ય જનજીવન થાળે પડવા જઈ રહ્યું છે. આ સાથે વડોદરા મહાનગર પાલિકા દ્વારા સફાઈ કામગીરી મોટા પાયે ચાલી રહી છે. ફસાયેલા લોકોનું રેસ્ક્યુ કરવામાં આવી રહ્યું છે. ત્યારે એવા દશ્યો સામે આવી રહ્યાં છે જે જોઈને સૌ કોઈ આશ્ચર્યમાં મુકાઈ રહ્યાં છે. જેમાં પૂરના પાણીમાં વિદેશી મુલાકાતીઓ પણ ફસાયા હતા. વડોદરાના પૂરમાં અનેક લોકો ફસાયા હતા. લોકોના ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા. ત્યારે ગુજરાત ફરવા આવેલા વિદેશી નાગરિકો પણ આનાથી બાકાત રહ્યા ન હતા. વડોદરાના પૂરે તો વિદેશી લોકોને પણ ફસાવી દીધા હતા. વિદેશી મુલાકાતીઓ ફસાયા હોવાના દશ્યો સામે આવી રહ્યાં છે. જેતલપુર વિસ્તારની હોટેલમાં ફસાયેલા વિદેશીઓનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. આ તમામ વિદેશી યાત્રીઓનું JCB ની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. આ લોકો ઘણા દિવસોથી હોટેલમાં જ ફસાયેલા હતા. ત્યારે પાણી ઓસરતાં આજે ઘણા લોકોનું અલગ અલગ જગ્યાએથી રેસ્ક્યુ દરમિયાન વિદેશી નાગરિકોને પણ સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે આ લોકોને ત્નઝ્રમ્ ની મદદથી બહાર કાઢવામાં આવ્યા ત્યારે સૌ કોઈ જોઈને નવાઈ પામી ગયા હતા.

# જૂનાગઢ જિલ્લામાં સીઝનનો ૧૫૨.૬૧ ટકા મેઘમહેર

। (એજન્સી) જૂનાગઢ, તા.૩૧ ।

જૂનાગઢ જિલ્લામાં આ વખતે સીઝનમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવી દીધી છે. ચોમાસાની આ સિઝનમાં વરસાદ બારે મેઘ ખાંગા થયા હોય તે રીતે જૂનાગઢમાં પરિસ્થિતિ જોવા મળી રહી છે. હાલ સીઝનનો જિલ્લામાં ૧૫૯.૬૧% વરસાદ વરસી ગયો છે. જેમાં સૌથી વધુ અત્યાર સુધીમાં માણાવદર તાલુકામાં ૧૯૪.૮૯ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે સૌથી ઓછો વરસાદ માંગરોળમાં ૯૫.૨૫% નોંધાયો છે. માણાવદર તાલુકામાં ૧૯૯૩ - ૨૦૨૩ સુધી સરેરાશ ૯૨૦ મીમી વરસાદ નોંધાયો હતો. જે આ વર્ષે ૧૭૯૩ મીમી નોંધાયો છે. સિઝનનો ૧૯૪.૮૯% વરસાદ નોંધાયો છે. વંથલી તાલુકામાં ૧૯૯૩ - ૨૦૨૩ સુધી સરેરાશ ૧૦૩૨ મીમી વરસાદ નોંધાયો હતો જે આ વર્ષે ૧૮૩૦ મીમી નોંધાયો છે. સિઝનનો ૧૭૭.૩૩% વરસાદ નોંધાયો છે. જૂનાગઢ ગ્રામ્યમાં ૧૯૯૩ - ૨૦૨૩ સુધી સરેરાશ ૧૦૫૧ મીમી વરસાદ નોંધાયો હતો જે આ વર્ષે ૧૫૯૬ મીમી નોંધાયો છે. સિઝનનો ૧૫૧.૫૬% વરસાદ નોંધાયો છે. ભેંસાણ તાલુકામાં ૧૯૯૩ - ૨૦૨૩ સુધી સરેરાશ ૭૭૨ મીમી વરસાદ નોંધાયો હતો જે આ વર્ષે ૧૦૪૩ મીમી નોંધાયો છે. વિસાવદર તાલુકામાં ૧૯૯૩ - ૨૦૨૩ સુધી સરેરાશ ૧૨૩૮ મીમી વરસાદ નોંધાયો હતો જે આ વર્ષે ૧૯૮૦ મીમી નોંધાયો છે. સિઝનનો ૧૫૯.૯૪% વરસાદ નોંધાયો છે.

## મહીસાગરમાં સરકારી નોકરી અપાવવાના બહાને સરકારી અધિકારીનું જ સ્કેમ

। (એજન્સી) મહીસાગર, તા.૩૧ ।

મહીસાગરમાં સરકારી નોકરીનું સ્કેમ. સરકારી નોકરી અપાવવાના બહાને સરકારી અધિકારી દ્વારા જ ગોરખધંધો કરવામાં આવી રહ્યો હોવાનું સામે આવ્યું. સરકારી નોકરી અપાવવા ના બહાને ૨૦લાખથી વધુની ઠગાઈ કરવામાં આવી. ગૌણ સેવા પસંદગીના નિવૃત્ત કર્મચારીએ નોકરી અપાવવાની આડમાં લાખો રૂપિયા પડાવ્યા. આ અધિકારી પોતે પણ નાયબ મામલતદાર હોવાની ડંફાસ મારી નોકરીનું આઈકાર્ડ રાખતા હતા. દાહોદના વિપુલ મકવાણા નામના વ્યક્તિનો વિડીયો વાયરલ થયો છે. વિપુલ મકવાણા નામનો આ શખ્સ નોકરીની નામે પૈસા ઉઘરાવી મોટું કૌભાંડ આચર્યું. ગૌણ સેવા પસંદગીના નિવૃત્ત અધિકારી નોકરી અપાવવા અનિરુદ્ધસિંહ ગોહિલના નામે રૂપિયા પડાવતો હતો. આ નિવૃત્ત અધિકારી સચિવાલયના નોકરી અપાવવાના બહાને ૧૯ લાખ રૂ.ઉઘરાવ્યા હતા. નોકરી અપાવવામાં ગલ્લા-તલ્લાં કરતાં અરજદારને શંકા જતા આરોપી સાથે અનિરુદ્ધસિંહ ગોહિલના ઘરે પહોંચ્યા હતા. જયાં નિવૃત અધિકારી વિપુલે પૈસાના આપ્યા હોવાની કબૂલાત કરી.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨